# પ્રશ્નોત્તરી

## (સંતવાણી)

**શ્રી ગોર આશ્રમ**

સપ્ત-સરોવર માર્ગ, રાનીગલી,
હરિદ્વાર – ૨૪૯૪૧૦ (યુ.પી.)

# મુળ પ્રસ્તાવના

સુખ–દુખનાં દ્રન્દ્રમાં ફસાયેલા અને પોતાના રક્ષણ માટે તડપતાં વ્યકિતને જે પ્રશ્ન ઉદભવે છે,તે જીવંત પ્રશ્ન હોય છે. અજ્ઞાન નાં અંધકારમાં ભટકતા વ્યકિતની વ્યથાથી દ્રવિત થઈને કરૂણાવાન અુભવી સંતની સન્માર્ગ દેખાડવાની તત્પરતાથી જે ઉત્તર પ્રગટે છે તે જીવંત ઉત્તર હોય છે. આવી જીવંત ' પ્રશ્નોતરી ' નો સંયોગ જીજ્ઞાસુઓ માટે પરમ હિતકારી હોય છે.

માનવ–સેવા–સંઘ ના પ્રણેતા સંઘના બ્રહમલીન સંત શ્રી સ્વામી શરણાનંદજી મહારાજ પર બચપણથી જ ઘોર દુઃખ તૂટી પડયા હતા. સચેત મેધાવી બાળક ના મનમાં પ્રશ્ન થયો – " શું કોઈ એવું સુખ છે કે જેમાં દુઃખ સામેલ ન હોય ? " જવાબ મળ્યો "હાં, એવું સુખ છે, અને તે સાધુ–સંતોને મળે છે'.૧૧ વર્ષની ઉંમરમાં બન્ને આંખોથી અંધ થયેલા બાળકને પોતાના પ્રશ્નનો ઉતર મળ્યો અને તેજ ક્ષણે નિશ્ચય કર્યો કે " હું સાધુ બનીશ". સાધુ થઈને સ્વયં દુઃખરહિત આનંદમય જીવન પામીને પરમ પૂજય સ્વામી શ્રી શરણાનંદજી મહારાજે સફળ માનવ માટે દુઃખ નિવૃતિ, ચિરશાન્તિ, જીવનમુકિત અને ભગવત્ ભકિત સંબંધી પ્રશ્નો ના અચૂક અને નકારી ન શકાય તેવા ઉતર આપીને જીજ્ઞાસુઓની અદ્ભુત સેવા કરી છે.

માનવજીવનને સ્પર્શતા અને જુદાં–જુદાં આયામોને સંબંધીત જટિલથી જટિલ પ્રશ્નો પણ કોઈ શ્રી મહારાજજી ને પૂછતાં ત્યારે તેઓ બીલકુલ સહજ ભાવથી થોડાં શબ્દોમાં તેનો સચોટ ઉતર આપતા કે પશ્નકર્તાની આંખ ખુલી જતી અને પોતાની સમસ્યા નું સાચું અને તદ્દ્ન વ્યવહારૂ સમાધાન મેળવીને તે સાધના–પથ પર ગતિમાન થતો.

શ્રી મહારાજજી દ્વારા આપેલાં ઉતર પ્રશ્નકર્તાને સીધી અસર કરતાં તે એવો અનુભવ કરતાં, કે જાણે શ્રી મહારાજજી એ તેમાં એક નવી ચેતના ફુંકી દીધી હોય. શ્રી મહારાજજી ના સમાધાનકારી

ઉતર સ્વયંમ સ્ફુર્ત હોવાની સાથોસાથ શાસ્ત્ર સંમત પણ હતાં. એટલું જ નહિ તે વ્યાજબી અને તર્કસંગત હોવાને લીધે નકારી પણ શકાય તેવાં ન હતાં.વ્યવહારીક સ્તરે તે અનુકરણીય હોવાને લીધે જીજ્ઞાસુઓમાં એક ક્રાંતિકારી પરિવર્તન ઉદ્ભવતું.ઉપરોકત વિશેષતાઓને લીધે આકર્ષિત થઈને માનવ–સેવા–સંઘ ના કેટલાંક પ્રેમીજનો ને પ્રસ્તુત પ્રશ્નોતરીના પ્રકાશનનો સંકલ્પ ઉદ્ભવ્યો.વર્તમાનમાં જે પ્રાપ્ય સામગ્રી મળી શકી તેને પ્રશ્નોતરીમાં સંકલિત કરેલ છે. અને તેની પાછળ એવો ઉદ્દેશ્ય રહેલ છે કે ગૂંચવાયેલા સાધકોને પોતાની સમસ્યાઓના ઉકેલ માટે યોગ્ય માર્ગદર્શન મળી શકે. આત્મીય સાધક ભાઈ–બહેનો ને સંઘ તરફ થી સદ્ભાવના પૂર્વક આ પુષ્પ સપ્રેમ સમર્પિત છે

**વિનીતા,**

**દિવ્ય જ્યોતિ.**

**પ્રેમનિકેતન આશ્રમ,**

**જયપુર.**

**ગીતા જયંતિ, ૧૯૮૯**

# ❖ પ્રશ્નોતરી ❖

❖ **મહારાજજી ! શિક્ષકનું કર્તવ્ય શું છે ?**

શિક્ષકનુ કામ છે, પોતાની યોગ્યતાનો સદ્ઉપયોગ અને શિક્ષાર્થીનું ચરિત્ર નિર્માણ.

❖ **સ્વામીજી ! ભગવાન અમારી ચાહ શા માટે પૂરી કરતાં નથી ?**

ચાહતો તેમણેપોતાના બાપ દશરથની પણ પૂરી કરી ન હતી, તો તમારી કેવી રીતે કરી દે? સીતાએ જે ઇચ્છયું, તે ન થયું. કૌશલ્યાએ જે ઇચ્છયું,તે ન થયું તો તમારા ઇચ્છવા કે ચાહવાથી શું થશે ?

❖ **સ્વામીજી ! તમારા કહેવા અનુસાર દુઃખ માનવ ને કંઈક શીખવવા માટે આવે છે, તો પછી બાળકોના જીવનમાં દુઃખ શા માટે આવે છે ?**

બાળકો તો પ્રાણી છે, પ્રાણીના જીવનમાં તો સુખઃદુઃખ નો ભોગ જ હોય છે. જયારે તે માનવ બનશે ત્યારે તેને દુઃખ કંઈક નહિં શીખવાડે ?

❖ **સ્વામીજી! સમાજનું દુઃખ કેવી રીતે દૂર થાય?**

તમે તમારૂ દુઃખ દૂર કરી શકો.સમાજ ઈચ્છશે તો તેનું દુઃખ દૂર થશે. કોઈ બાપ પોતાના બેટાનું, કોઈ પતિ પોતાની પત્નિનું દુઃખ દૂર કરી શકે નહિ, તો સમાજનું કેવી રીતે કરી શકે ? હાં,એટલું તમે કરી શકો કે તમારું દુઃખ રહિત જીવન સમાજની સામે રાખી શકો, જેને જોઈને સમાજના મનમાં દુઃખ દૂર કરવાની રૂચિ પેદા થઈ શકે.

❖ **મહારાજજી ! સૃષ્ટિની સેવા કરવાવાળો પ્રભુને પ્યારો કેમ લાગે છે ?**

જેવી રીતે તમારા પુત્રની સેવા કરવા વાળો તમને પ્યારો લાગે છે.

❖ **સ્વામીજી ! ભગવાનના દર્શન કેવી રીતે થઈ શકે ?**

ભગવત -પ્રેમનું મહત્વ છે.ભગવત્-દર્શનનું કોઈ મહત્વ નથી. ભગવાન રોજ દેખાય ને પ્યારાં ન લાગે તો તમારો વિકાસ થશે નહિ. ભગવત-વિશ્વાસ, ભગવત-સંબંધ અને ભગવત્-પ્રેમનું મહત્વ છે.

❖ **સ્વાધીનતાનું સ્વરૂપ, કેવું છે ?**

સ્વાધીનતાનો અર્થ એ છે કે , પોતાના માં સંતુષ્ટ હોવું, નહિ કે કોઈ વસ્તું કે પરિસ્થિતિમાં બંધાયેલ હોવું.

❖ **મહારાજજી ! ઈસાઈ લોકો ઈસુની વાતને માનતા કેમ નથી ?**

નકલી ઈસાઈ ઈસુની ચર્ચા કરશે અને સાચો ઇસાઈ ઈસુની વાત માનશે. આ વાત ફકત ઈસાઈઓ માટે જ સત્ય નથી, પરંતું હિન્દું, મુસલમાન, પારસી, શીખ, જૈન,બૌધ્ધ વગેરે દરેક માટે સત્ય છે.

❖ **મહારાજજી ! ભૌતિક ઉન્નતિ માટેનું સાધન શું છે ?**

યોગ્યતા, પરિશ્રમ, ઈમાનદારી અને ઉદારતા.

❖ **મહારાજજી ! જીવનમુકત કોણ છે ?**

જે ઈમાનદાર છે ,અને ઈમાનદાર એ છે કે જે સંસારની કોઈપણ ચીજને પોતાની માનતો નથી.

❖ **જીવનમુકિતનું સ્વરૂપ શું છે ?**

ઈચ્છાઓ હોય અને પ્રાણ નીકળી જાયતો મૃત્યુ થયું ગણાય,અને પાછો જનમ લેવો પડે, પ્રાણ હોય અને ઈચ્છાઓ સમાપ્ત થઈ જાયતો મુકિત મળે,જેમ બજારમાં જાય, પરતું પૈસા ખલાસ થઈ જાય અને જરૂરત ઉભી રહે, તો વળી ફરીને બજાર જવું પડે પૈસા હોય અને જરૂરત પુરી થઈ જાય, તો પછી બજાર શા માટે જવું પડે ?

❖ **ભણતર-ગણતરમાં વધારો થતો રહે છે, છતાં દોષો માં ઘટાડો કેમ થતો નથી ?**

કોઈ દોષ ત્યારે કરે છે, જયારે તે પોતાની ખુદની જ વાત માનતો નથી. ભણતર તો એક પ્રકારની યોગ્યતા છે, યોગ્યતા જયારે નિજ વિવેક

ને આધીન રહેતી નથી, ત્યારે મોટા–મોટાં અનર્થ સર્જે છે.

❖ **મહારાજજી ! શું ભગવત પ્રેમ પણ કામી અને કામિની ના પ્રેમ જેવો જ હોય છે ?**

કામી કામિની ને પ્રેમ કરતો નથી, તે એક બીજાને નષ્ટ કરેછે ,ખાઈ જાય છે. ભગવત્–પ્રેમ તો પ્રેમી અને પ્રેમાસ્પદ બન્ને ને આનંદીત કરે છે.

❖ **શું દુઃખનું આવવું એ માનવ માટે પતિત અથવા પાપી હોવાનો પરિચય છે ?**

દુઃખનું આવવું એ પતિત હોવાનું ફળ નથી. દુઃખ તો સુખ–ભોગની આસકિતને મટાડવા આવે છે.

❖ **મહારાજજી ધર્માત્મા કોણ હોય શકે ?**

જેની સમાજ ને આવશ્યકતા હોય.

❖ **વ્યર્થ ચિંતન થી કેવી રીતે બચવું ?**

વ્યર્થ ચિંતન તો ભોગવેલા તથા ન ભોગવેલા નો પ્રભાવ છે. વ્યર્થ ચિંતનને સહયોગ ન આપો,નતો વ્ર્યથ ચિંતનને દબાવો, નતો તેનાથી સુખ ભોગવો, નતો ભય પામો અને નતો તાદાત્મય રાખો. તો વ્યર્થ ચિંતન પ્રગટ થઈને નાશ પામશે.

❖ **સ્વામીજી અમે શું કરીએ ?**

સેવા, ત્યાગ અને આસ્થા. સેવાનો અર્થ છે ઉદારતા, સુખીઓને જોઈને પસન્ન થવું અને દુઃખીઓને જોઈને દ્રવિત થવું.ત્યાગનો અર્થ છે કે મળેલું આપણું નથી જેનાથી જાતીય તથા સ્વરૂપની એકતા નથી, એવી કામનાનો ત્યાગ કરવો. પ્રાપ્તમાં મમતા ન રાખવી અને –પ્રાપ્તની કામના ન કરવી. પ્રભુ માં આસ્થા અને વિશ્વાસ કરવો.સેવા–માનવીને સમાજને માટે,ત્યાગ પોતાના માટે અને આસ્થા પ્રભુને માટે ઉપયોગી બનાવે છે.

❖ **સ્વામીજી આજ સુધીતો મારી આંખો તદન સારી હતી, પરંતુ હવે ૭૫ વર્ષ બાદ ઓછું દેખાય છે તેનો અભાવ ખટકે છે.**

આંખ તો ભાઈ પહેલાંથીજ આપણી હતી નહી પરંતુ તેની ખબર

હવે પડી. ઘસઘસાટ ઉંઘમાં આપણે રોજ આંખો હોવા છતાં આંધળા થઈ જઈએ છીએ. આ રીતે કદી વિચાર્યુ છે ?

❖ **સંકલ્પ પૂર્તિનું જીવનમાં કાંઈ સ્થાન છે ?**

બીજાની સંકલ્પ પૂર્તિ નું સ્થાન છે, પોતાની નહિં.

❖ **ભકિત કેવી રીતે થાય ?**

સંસારનો પોતાના માટે અસ્વીકાર કરવો અને ફકત ભગવાનને જ પોતાના માનવાથી ભકિતભાવ ની અભિવ્યકિત થાય છે.

❖ **સ્વપ્નનું કોઈ અસ્તિત્વ છે ખરૂ ?**

સ્વપ્ન તો એક અવસ્થા છે, અવસ્થાનું કોઈ અસ્તિત્વ હોતું નથી.

❖ **દુઃખ એ વિધાનનું ફળ છે ખરૂં?**

દુઃખ તો સુખની દાસતા મટાડવા વિધાનથી આવે છે. દુઃખ આપણી ભૂલનું પરિણામ છે.

❖ **દુઃખી થવું અને દ્રવીત થવું એ બન્ને એક જ વાત છે ?**

નહિ, દુઃખમાં જડતા આવે છે, કરૂણામાં ચેતના આવે છે, સંસારથી સંબંધ તૂટે છે.

❖ **શારીરિક રોગ આવવાથી દુઃખ કેમ લાગે છે ?**

'હું શરીર છું' અથવા 'શરીર મારું છે' એવુ સમજવાથી દુઃખ થાય છે.

❖ **રોગીને દુઃખ ન સતાવે તેના માટે શું કરવું જોઇએ?**

રોગ પ્રાકૃતિક તપ છે, એવું માનીને તેને હર્ષપૂર્વક સહન કરી લેવું જોઇએ.

❖ **રોગનું નિદાન અથવા દવા શું છે?**

શરીરથી રોગથી નિવૃત થવું એજ સાધકનું લક્ષ્ય હોવું જોઇએ. શારીરિક સ્વાસ્થ્યનું ધ્યાન રાખીને, શરીરની સેવા કરવી જોઈએ. આ પ્રમાણે કરવાથી રોગનો અંત આવે છે. શરીર સેવા સામગ્રી છે. સાધકે પ્રાર્થના કરવી જોઇએ કે, 'હે પ્રભુ આ શરીર વિશ્વના કામમાં આવી

જાય, અહં, અભિમાન શૂન્ય થઇ જાય અને હૃદયપ્રેમથી ભરાઇ જાય.

❖ **સાચું સુખ મનુષ્યને ક્યારે અને કેવી રીતે મળી શકે?**

હકિકતમાં માનવજીવનની આ સૌથી મોટી સમસ્યા છે. આને હલ કરવા પ્રાણી હમેંશા સ્વતંત્ર છે. આ પ્રશ્ન પર ગંભીરતા પૂર્વક વિચાર ન કરવો એ ખુબ મોટી ભૂલ છે.

માનવતા પ્રાપ્તિની સાથે મનુષ્યને એ સુખ મળી જાય છે કે જેમાં દુ:ખ હોતું નથી એટલે કે સાચું સુખ મળી જાય છે.

સહજ ભાવથી મૂકભાષામાં પ્રેમપાત્ર પરમાત્માને પ્રાર્થના કરો- ''હે નાથ આ હૃદયને તમારી પ્રીતિથી ભરીદો. આ શરીરને દુ:ખીઓની સેવામાં લગાડી દો. બુધ્ધિને વિવેકવાળી બનાવી દો આ જગતરૂપી બાગમાં મને એક સુંદર પુષ્પ બનાવી દો. હું સદાય તારી કૃપાની પ્રતિક્ષામાં રહું.''

આવી પ્રાર્થના કરવાથી પ્રેમપાત્ર તમોને એમની સેવા કરવા માટે અવશ્ય યોગ્ય બનાવશે આવો મારો વિશ્વાસ છે.

❖ **શારીરિક કષ્ટો ને કેવી રીતે ભૂલવાં?**

ભૂલવાં નહીં, પણ સહન કરવા. તે પણ ચિંતા, વિશ્વાસ રહિત થઇને, આ તપ છે. તપથી શક્તિ વધે છે. ભુલવાથી તો જડતા આવે છે. શરીરથી તિતિક્ષા હોવી જોઇએ. તિતિક્ષાનો અર્થ છે, હર્ષપૂર્વક કષ્ટોને સહન કરવાં.

❖ **માનવ સેવા સંઘની પ્રાર્થનામા એવું કહેવામાં આવે છે કે દુ:ખીઓના હૃદયમાં ત્યાગનું બળ પ્રદાન કરો. બીચારા દુ:ખી શું ત્યાગ કરે?**

જયારે મનુષ્ય કંઇક ઇચ્છા કરે અને તેણે ઇચ્છેલું ન થાય ત્યારે તે દુ:ખનો અનુભવ કરે છે. આનાથી એવું સિધ્ધ થયું કે દુ:ખનું કારણ ઇચ્છા છે. આથી જો દુ:ખી દુ:ખથી મુક્ત થવા માંગતો હોય તો તેણે ઇચ્છાનો ત્યાગ કરવો જોઇએ. ઇચ્છાનો ત્યાગ કરવામાં માનવ માત્ર સ્વાધીન છે.

❖ **આશક્તિ રહિત થઇને કાર્ય કરવાનું તાત્પર્ય શું છે?**

જે કાર્ય કરવામાં પોતાનું સુખ સમાયેલું ન હોય, તે કાર્ય સર્વહિતકારી

દ્રષ્ટિથી કરવામાં આવે છે. તે આશક્તિ રહિત કાર્ય કહેવાય.

❖ **આપણે બીજાના દોષ શા માટે જોઇએ છીએ?**

કારણ કે આપણે પોતાના દોષોને જોતાં નથી.

❖ **પૂજાનો અર્થ શું છે?**

સંસારને ભગવાનનો માનીને તેની પ્રસન્નતા માટે સંસારથી મળેલી વસ્તુઓને સંસારની સેવામાં લગાડી દેવી એ જ પૂજા છે.

❖ **સ્તુતિ, ઉપાસના તથા પ્રાર્થનાનો અર્થ શું છે?**

પ્રભુના અસ્તિત્વ અને મહત્વનો સ્વીકાર કરવો એ જ સ્તુતિ છે. પ્રભુ સાથે પોતાપણાનો સંબંધ સ્વીકાર કરવો એ ઉપાસના છે અને પ્રભુ - પ્રેમની આવશ્યકતાનો અનુભવ કરવો એ પ્રાર્થના છે.

❖ **ભગવત્ પ્રાપ્તિ આડે શું વિઘ્ન છે?**

સંસારને પસંદ કરવો એજ મોટામાં મોટું વિઘ્ન છે.

❖ **દુ:ખ કેમ આવે છે?**

સુખ ભોગથી જ દુ:ખરૂપી વૃક્ષ ઉત્પન્ન થાય છે. એવું કોઇ જ દુ:ખ નથી કે, જેનો જન્મ સુખ ભોગથી ન થયો હોય.

❖ **સુખ અને દુ:ખનું પરીણામ શું છે?**

જે સુખ કોઇનું દુ:ખ બનીને આવે છે તે સુખ, સુખ મટી જઇને વહેલા મોડું બહુ મોટું દુ:ખ બની જાય છે. અને જે દુ:ખ કોઇનું સુખ બનીને આવે છે તે દુ:ખ, દુ:ખ મટીને અંતે આનંદ પ્રદાન કરે છે. પ્રાણી સુખથી બંધાય છે અને દુ:ખથી છુટે છે. સુખથી દુ:ખ અને દુ:ખથી આનંદ મળે છે.

❖ **ત્યાગ શું છે?**

સંસારની અનુકૂળતા અને પ્રતિકૂળતા પર વિશ્વાસનો અત્યંત અભાવ હોવો એજ સાચો ત્યાગ છે.

કારણ કે અનુકૂળતાથી રાગ અને પ્રતિકૂળતાથી દ્વેષનો જન્મ થાય છે. રાગ દ્વેષ ન રહે એ જ ખરો ત્યાગ ગણાય. જેવી રીતે કન્યા પિતાને ઘરે પુત્રી સાસરીયે વહુ અને પુત્રવતી થવાથી માતા કહેવાય છે. તેજ પ્રકારે

ત્યાગ એજ પ્રેમ અને પ્રેમ એજ જ્ઞાન કહેવાય છે. ત્યાગ થવાથી આસ્તિકતા આવે છે, ત્યારે ત્યાગ પ્રેમમાં બદલાય જાય છે, અને આસ્તિકતાનો યથાર્થ અનુભવ થવાથી પ્રેમ જ જ્ઞાનમાં બદલાઈ જાય છે.

❖ **કર્મથી સ્થાપી પ્રસન્નતા કેમ મળતી નથી?**

કર્મ, શરીર અને સંસાર આ ત્રણેયનું સ્વરૂપ એક જ છે. તેમની કોઈ સ્વતંત્ર સત્તા નથી. જેની સ્વતંત્ર સત્તા નથી તેનાથી સ્વતંત્રતા મળી શકે નહીં. સ્વતંત્રતા વગર પ્રસન્નતા કેવી! આથી કર્મ વગેરેથી પ્રસન્નતા મળી શકે નહી.

❖ **કર્મ કેવી રીતે કરવું જોઇએ?**

કર્મ વિશ્વ પ્રેમના ભાવથી કરવાં જોઈએ. આ પ્રમાણે કરવાથી ભોગોનું યથાર્થ જ્ઞાન થાય છે. ભોગોનું યથાર્થ જ્ઞાન થવાથી ત્યાગ આપો આપ થાય છે. બાદ કર્મ કરવામાં રૂચિ રહેતી નથી. કરવાના રાગની નિવૃતી થાય છે અને યોગની પ્રાપ્તી થાય છે.

❖ **મનુષ્યને શાંતિ કેમ મળતી નથી?**

કામના પૂર્તિ માટે કર્મ કરવામાં આવે તો શાંતિ મળતી નથી જો સાધક ચિત્ત-શુધ્ધિનો પ્રયત્ન કરે, તો શાંતી આપો આપ આવે છે.

❖ **ભગવાન આપણને પ્રેમ કરે છે, તે કેવી રીતે જાણી શકાય?**

ભગવાન પર વિશ્વાસ હોય અને તેમની સાથે આપણો સંબંધ હોય, તો જાણી શકાય છે. જેવી રીતે માતા પોતાના બાળકને માટે તલસે છે. તેવી રીતે ભગવાન પોતાના ભક્તને માટે તલસે છે. બાળક ભલે કાળોમેશ, મૂંગો- બહેરો કે લૂલો- લંગડો હોય, છતાં માતા તેને પ્રેમ કરે છે. બાળક પણ આ વાત સમજે છે. ભગવાનમાં તો માતાથી પણ અનેકગણું વાત્સલ્ય છે તો પછી તે ભક્તને પ્રેમ કરે, તેમાં કહેવાનું શું હોય? આથી જે કોઈ એકમાત્ર ભગવાનને જ માને છે તેને ભગવાનનો પ્રેમ મળે છે. એમા સંદેહ નથી. આ ભક્તોનો અનુભવ છે. ઈશ્વર તો પ્રેમીભક્તો ને શોધે જ છે. વિચારવાન સાધક ઈશ્વરની શોધ કરે છે.

❖ **પોતાના દોષોને કેવી રીતે જોવા અને તેને કેવી રીતે ત્યજવાં?**

ગુણ અને દોષોને જોવાની શક્તિ દરેક મનુષ્યમાં મોજુદ છે. જે યોગ્યતાથી આપણે બીજાના દોષોને જોઈએ છીએ, તેજ યોગ્યતાથી પોતાનાં દોષોને જોવા પોતાના દોષોને બરોબર જોવાથી ઉંડુ દુઃખ થાય છે. અને ઉંડું દુઃખ થવાથી દોષ દૂર થઇ જાય છે. બીજાનાં દોષો અને પોતાના ગુણો જોવાથી મનુષ્યનો વિકાસ રૂંધાઇ જાય છે અને અભિમાનની પુષ્ટિ થાય છે.

### ❖ માંગ કેવી રીતે પુરી થઇ શકે?

કામનાને લીધે, લાલસાને લીધે, તથા જીજ્ઞાસા ને લીધે-એમ ત્રણ પ્રકારે માંગ થાય છે. ભોગોની કામના, સત્યની જીજ્ઞાસા અને પ્રભુ પ્રેમની લાલસા હોય છે. જાણવાની ઇચ્છાને જીજ્ઞાસા કહે છે. પ્રભુને પામવાની ઇચ્છાને લાલસા કહે છે અને ભોગોની ઇચ્છાને કામના કહે છે. જેમાં ભોગની કામના, સત્યની જીજ્ઞાસા અને પરમાત્માની લાલસા, આ ત્રણેય વાત હોય તેને 'હું' કહે છે. કામના ભુલથી ઉત્પન્ન થાય છે. તેની નિવૃતિ થઇ શકે છે. જીજ્ઞાસાની પૂર્તિ થાય છે. બાદ પ્રભુની પ્રાપ્તિ થાય છે. આથી કામનાની નિવૃતિ, જીજ્ઞાસાની પૂર્તિ અને પરમાત્માની પ્રાપ્તિ મનુષ્યને થઇ શકે છે.

### ❖ દુઃખથી નિવૃતિ કેવી રીતે થાય?

વાસનાઓની નિવૃતિ થવાથી દુઃખોની નિવૃતિ થાય છે. જયારે સાધક વિવેકપૂર્વકએ સમજી લે છે કે, ''હું શરીર નથી'' ત્યારે વાસનાઓ અને સંકલ્પોનો અભાવ થાય છે. આમ થવાથી દુઃખ મટી જાય છે. ઇન્દ્રિયો અને મન ક્રિયારહિત થવાથી વાસનાઓનો અંત આપો આપ થાય છે.

### ❖ મારે શું કરવું જોઇએ?

જો કર્યા વગર રહી શકતા હો તો કંઇ પણ ન કરવું જોઈએ. કર્યા વગર ન રહી શકો તો બધુ કરવું જોઇએ. ભોગ ભોગવ્યા બાદ શોક ની પ્રાપ્તિ નિશ્ચિત છે. દરેક કર્મના બે ફળ હોય છે. એક દ્રશ્ય જે પોતાની મેળે મટી જાય છે અને બીજું અદ્રશ્ય જે ફળની કામના ન રહે ત્યારે મટી જાય છે. આથી જે કાંઇ કરો, ઇચ્છા રહિત, ચિંતન રહિત અને ફળની આશા રાખ્યા વગર કરો. જે સાધનથી પ્રભુ સાથે સંબંધ જોડાય તેજ કરવું જોઇએ.

આથી કરવું હોય તો સેવા કરો અથવા ત્યાગ કરો.

❖ **ક્યારેક તો એવું પ્રતિત થાય છે કે હૃદયમાં પ્રેમ છે અને ક્યારેક એવું જણાય છે કે હૃદય સુનું છે પ્રેમ નથી, આ શું છે?**

આશ્ચર્યની વાત તો એ છે કે મનુષ્ય સંસાર પર જેટલો ભરોસો કરે છે, એટલો ભગવાન પર કરતો નથી. સંસાર પર ભરોસા એ ઘણી વખત દગો દીધો છે. ભગવાન પર ભરોસો રાખવાવાળાને ક્યારેય દગો થયો નથી. મનુષ્ય ભગવાનથી અલગ રહીને પોતાના મન, બુધ્ધિ અને ઈન્દ્રિયોને ભગવાનમાં લગાડવા ઈચ્છે છે. ભૂલ અહિંયા થાય છે. પ્રેમનો સંબંધ સ્વયં સાધક સાથે છે. સાધકનાં મન, બુધ્ધિ અને ઈન્દ્રિયો સાથે નહિં.

પરમ પ્રિયત્તમ પ્રભુને જ પોતાનાં માને, તેના પર વિશ્વાસ કરે, અને તેની સાથે પ્રેમ કરે. મનુષ્ય અનિત્ય વસ્તુઓથી સુખની આશા રાખીને તેમાં આશક્ત થઈ ગયો છે. આથી જ તે ઈશ્વરપ્રેમથી વિમુખ થઈ ગયો છે.

❖ **વિવેક અને બુધ્ધિમાં શું અંતર છે?**

વિવેક પ્રકાશ છે, બુધ્ધિ દ્રષ્ટિ છે જેવી રીતે દ્રષ્ટિ પ્રકાશમાં કામ કરે છે. તેવી રીતે બુધ્ધિ વિવેકના પ્રકાશમાં કામ કરે છે. વિવેકનો આદર કરવાથી બુધ્ધિ વિવેકવાળી બને છે વિવેકવાળી બુધ્ધિનો ખુબ મહિમા છે.

❖ **જીજ્ઞાસા તીવ્ર કેમ થતી નથી?**

સંદેહની વેદના નિર્જીવ છે. એટલે.

❖ **કેવી રીતે સમજીયે કે મમતાનો નાશ થયો છે?**

પેટ ભરાઈ ગયા બાદ તમો પીરસવા વાળાને પૂછો છો, કે મારું પેટ ભરાઈ ગયું કે નહીં? મમતાનો ત્યાગ થતાં જ તમોને આપો આપ જણાઈ જશે.

❖ **માનવ- સેવા - સંઘના દર્શનમાં સેવા, ત્યાગ અને પ્રેમની વાત કહેવામાં આવે છે તેમાંથી કોઇ એકને લઇએ તો ચાલે?**

દરેક માણસને ઈશ્વર વિધાનથી ત્રણ શક્તિ મળેલ છે.

(૧) કરવાની શક્તિ (કર્તવ્ય પથ)

(૨) જાણવાની શક્તિ (જ્ઞાન પથ)

(૩) માનવાની શક્તિ (વિશ્વાસ પથ)

આ ત્રણેય શક્તિઓમાંથી કોઇ એક શક્તિની પ્રધાનતા હોય છે આથી સાધકમાં જે શક્તિની પ્રધાનતા હોય તેને લઇને ચાલવું જોઇએ. બાકીની બે શક્તિઓનો વિકાસ અને સદ્‌ઉપયોગ આપમેળે થશે. સાધક ઇચ્છે તો ત્રણેયને સાથે સાથે લઇને પણ ચાલી શકે.

મમતા અને કામના જીવનમાં રાખવી ન જોઇએ-એવું જાણવા છતાં અમારી ઉપર કોઇ દુ:ખ આવે છે તો દુ:ખી થઇને વિચલીત થઇ જઇએ છીએ, આનાથી છુટકારો મેળવવાનો ઉપાય શું છે ?

જે વસ્તુઓ અને વ્યક્તિઓથી સુખ ભોગવવાની આશા કરીએ છીએ તેના વિયોગથી અવશ્ય દુ:ખી થવું પડશે. આથી જો આપણે ઇચ્છીએ કે દુ:ખથી છુટકારો મળે તો વસ્તુ, વ્યક્તિ, પરિસ્થિતિ અને અવસ્થાથી આપણે સુખ ભોગવવા અથવા સુખની આશા રાખવાનું છોડી દેવું જોઇએ. તો જીવનમાંથી દુ:ખ અવશ્ય દૂર થશે.

❖ **બેઇમાન દુનિયામાં ઇમાનદાર આદમી કેવી રીતે જીવે?**

બેઈમાનનીનું કારણ લોભ છે. નિર્લોભતામાં દરિદ્રતાનો નાશ થાય છે.

❖ **મહારાજ જી! સત્યની પ્રાપ્તિમાં કેટલો સમય લાગે છે?**

જેની જેટલી તીવ્ર જીજ્ઞાસા હોય છે તેને એટલો ઓછો સમય લાગે છે. જો તમે સત્ય વગર ચેનથી ન રહી શકો તો તેજ સમયે સત્ય મળી જશે.

❖ **સ્વામીજીઃ અગર ઘરની પ્રતિકુળતાને કારણે સાધના ન થઇ શકે, તો શું સાધકે ઘર છોડી દેવું જોઇએ?**

સાચો માનવ-સેવા-સંઘી ક્યારેય ઘર છોડતો નથી. પરંતુ મમતા, કામના અને પોતાનો અધિકાર છોડે છે.

❖ **મહારાજ જીઃ શું હું ઘરબાર છોડીને આશ્રમમાં રહી શકું ખરો?**

માનવ સેવા સંઘ કોઈનું ઘર બરબાદ કરીને આશ્રમ આબાદ કરવા ઈચ્છતો નથી. પરંતુ જો તમારો પરિવાર તમારા પર નિર્ભર ન હોય અને ઘરમાં આપ સુખ દુ:ખનો સદ્‌ઉપયોગ ન કરી શકો તો, અહિંયા આવી શકો છો.

❖ **મહારાજજી! ધનનો અભાવ કેમ સતાવે છે?**

તમે ધનને અધિક મહત્વ આપો છો એટલે.

❖ **મહારાજજી! જયારે હું ધ્યાન કરવા બેસું છું તો કયારેક ખુબ શાંતી રહે છે. અને કયારેક એવું લાગે છે કે ક્રિયા શક્તિનો વેગ હજી બાકી છે.**

કરવાનો રાગ હજુ નિવૃત થયો નથી એટલે.

❖ **સ્વામીજી! સાધનમાં સફળતા કેમ મળતી નથી ?**

સાધકે પોતાની રૂચિ યોગ્યતા અને શક્તિ ને અનુરૂપ સાધન નિર્માણ કર્યુ નહી હોય.

❖ **સ્વામીજી! ભગવાન છૂપાયેલો કેમ રહે છે?**

ભગવાન પ્રત્યેની આસ્થા, શ્રધ્ધા વિશ્વાસ પૂર્વક આત્મીયતા અને પ્રિયતા જાગૃત થઈ નથી.

❖ **સ્વામીજી! મનમાં સુખ વિકાર પેદા થતાં રહે છે શું કરૂં?**

ઉંડી વેદના હોવી જોઈએ.

❖ **સ્વામીજી! હોળી પર્વનું શું મહત્વ છે?**

રાગ-દ્વેષને એ અગ્નિમાં જલાવી દો, દેહાભીમાનને માટીમાં મીલાવીદો અને પ્રેમના રંગમાં રંગાઈ જાવ.

❖ **શું વ્યક્તિગત સંપત્તિ હોવી જોઈએ?**

વ્યક્તિગત સંપત્તિ અવશ્ય હોવી જોઈએ. પરંતુ તેને પોતાની અને પોતાને માટે માનવી જોઈએ નહી.

❖ **સ્વામીજી! બોધ કોને કહે છે ?**

દરેકના મુળમાં એક અનુત્પન્ન નિત્ય તત્વ છે. તેની સ્વતંત્ર સત્તા

છે તેનું જ્ઞાન થવું એજ બોધ છે.

❖ **સ્વામીજી! સમાજમાં સંઘર્ષનું કારણ શું છે?**

બીજાને ક્ષતિ પહોંચાડીને જીવવા માંગીએ છીએ આ જ સમાજમાં સંઘર્ષનું કારણ છે.

❖ **મહારાજજી! મોહને મોટો બળવાન શા માટે કહેવામાં આવે છે?**

જુઓ, માયાવી પદાર્થ અને દુન્યવી સુખ બધુ નાશવંત છે. તેમાં મમતા કરવી તેમજ તેની કામના કરવી એ મનુષ્યની ભુલ છે. તેનો વિયોગ તો એક દિવસ થવાનો જ. જો તેમાં મમતા હશે, તો વિયોગ સમયે દુઃખ થવાનું જ આથી તેને દુઃખરૂપ પણ કહેલ છે. આથી આ નાશવંત અને દુઃખરૂપ પદાર્થો માટે પોતાનો પરલોક બગાડવો ખુબ મોટી ભુલ છે. સાચો બુધ્ધિશાળી તો એ છે કે જેણે સુખ ભોગની આશક્તિનો ત્યાગ કરી ભગવાનમાં આત્મીયતા કેળવી અને એના શરણાગત થઈને પોતાના લોક અને પરલોક સુધારીને પોતાનું કલ્યાણ કરી લીધું. ભોગોની આશક્તિનો ત્યાગ કરીને ભગવાનનું શરણ ગ્રહણ કરો. આ જ કલ્યાણનો શુધ્ધ અને સાચો માર્ગ છે. આમાં જ માનવ જીવનની સફળતા અને સાર્થકતા છે.

❖ **એવું જણાય છે કે સંસાર છે અને આગળ પણ રહેશે. શું આ સત્ય છે?**

તમે માનો છો કે સંસાર છે તે જ ખોટું છે જે દેખાય રહ્યું છે તેની સ્થિતિ નથી તો પછી તેને શા માટે માનો છો.

❖ **શું માર ખાવો એ પણ ઉદારતા છે?**

કમજોર હંમેશા માર ખાતો રહે છે. ઉદારતા આત્મીય સંબંધ થકી હોય છે.ઉદારતા એટલે વિશ્વ જીવન સાથે એકતા બળવાન બનો, કરૂણાવાન થાવ.

❖ **ચિત્રમાં હનુમાનજીના હૃદયમાં રામજીનો ફોટો બનાવેલો હોય છે? આ શું સાચું છે?**

અરે! ચિત્રમાં નહિં પણ ભાવમાં રામજીની છબી છે.

*"દિલકા હુજરા સાફ કર, આને વાલે કે લીયે,*

*ખ્યાલ ગૈરો કા ઉઠા, ઉસકે બૈઠાને કે લીયે."*

પહેલા હૃદયની સફાઇ કરવાની છે.

❖ **પ્રાણ શું છે?**

જેનાથી શરીર કામ કરે, તેને પ્રાણ કહે છે પ્રાણ જીવન શક્તિ છે.

❖ **સ્વામીજી! સાધના કરવા માટે સ્વસ્થ શરીરની પણ જરૂરત છે ખરી?**

સાધના માટે વાસ્તવમાં સ્વસ્થ શરીરની જરૂરત નથી. શરીરનું સ્વસ્થ અથવા રોગી હોવું એ તો એક પરિસ્થિતિ છે. પરિસ્થિતિ ભલે ગમે તેવી હોય પરિસ્થિતિ તો સાધના માટેની સામગ્રી માત્ર છે. શરીર ભલે સ્વસ્થ રહે કે રોગી, સાધકે તેને કંઇ મહત્વ ન આપવું છતાં પણ શરીર સ્વસ્થ રહે તો સારી વાત છે. સાધનાનું નિર્માણ તો સત્સંગથી થાય છે. સત્સંગ સ્વધર્મ છે,શરીર ધર્મ નથી. સ્વધર્મમાં તો પ્રાપ્ત પરિસ્થિતિનો સદ્ઉપયોગ કરવાનો હોય છે.

❖ **પ્રત્યક્ષ જગતની જેમ ભગવત સત્તા પર કેવી રીતે વિશ્વાસ થાય? તેનો કોઇ સુગમ ઉપાય બતાવવાની કૃપા કરો?**

ઈન્દ્રિય જ્ઞાનને સત્ય માનવું અને વિષયોમાં વાસના હોવી તથા શરીરમાં અહં બુધ્ધિ હોવી. આ ત્રણેય કારણોથી જગતની સત્તા પ્રત્યક્ષ પ્રતિત થાય છે. આ ત્રણેય કારણોનો નાશ થવાથી ભગવત્ સત્તા પર વિશ્વાસ બેસે છે.

❖ **સાધના કરતા કરતાં જમાનો વીતી ગયો છતાંય આજ સુધી સફળતાના દર્શન થયાં નથી શું કારણ હશે?**

જે મનુષ્ય અસાધન રાખીને સાધના કરે તેને ગમે તેટલા વર્ષ સાધના કરે છતાં પણ વર્તમાનમાં સિધ્ધિ મળતી નથી.

જે મનુષ્ય વસ્તુઓ અને વ્યક્તિનો આશ્રય લઇને સાધના કરવા ઇચ્છે છે તેને પણ સફળતા મળતી નથી. આથી ભગવાનનો આશ્રય લઇને સાધના કરો તો સફળતા અવશ્ય મળશે.

જે સાધક દેશકાળ, પરિસ્થિતિ, વસ્તુ અને વ્યક્તિનો આશ્રય છોડીને સાધના કરે છે, તેને શિઘ્રતાથી સફળતા મળે છે. 'સ્વ'માં સંતુષ્ટ રહો, માનવતાને મહત્વ આપો અને પ્રભુ પર વિશ્વાસ રાખો. આ સાધન છે, અને આનું નામ જીવન છે. જેના જીવનમાં આ વાત આવી જાય છે તેને સફળતા અવશ્ય મળે છે.

❖ **સ્વામીજી! વૈરાગ્યનું કેવું સ્વરૂપ છે? અને તે કેવી રીતે આવે છે?**

જુઓ, મનુષ્યને જયારે વૈરાગ આવે છે ત્યારે સત્યની ખોજ ઉપરાંત બીજી કોઇ વાત તેને દેખાતી નથી. તે સર્વ કાંઇ ત્યાગીને તત્પરતાથી સત્યની ખોજમાં લાગી જાય છે. તે કોઇની કંઇ પણ પરવા કરતો નથી. તે પોતાના શારિરીક સુખોનો ત્યાગ કરી દે છે. જયાં સુધી સત્યની પ્રાપ્તિ થતી નથી, ત્યાં સુધી કોઇપણ હાલતમાં તે ચેનપૂર્વક રહી શકતો નથી. જયારે મનુષ્ય સંસારથી પોતાનો સંબંધ તોડી નાખે છે, તેનાથી પ્રાપ્ત થતાં સુખોને ઠુકરાવે છે તથા સર્વનો ત્યાગ કરીને સત્યની ખોજને માટે નીકળી પડે છે. ત્યારે સંસાર પ્રતિ તેનું કંઇપણ કર્તવ્ય શેષ રહેતું નથી.

હવે પ્રશ્ન એ છે કે, વૈરાગ્યની પ્રાપ્તિ કેવી રીતે થાય? જયાં સુધી જીવનમાં રાગ છે ત્યાં સુધી વૈરાગ્યની પ્રાપ્તિ થઇ શકતી નથી. પોતાના વિવેકનો આદર કરવો એ વૈરાગ્ય પ્રાપ્તિનું અચુક સાધન છે.

❖ **શીવલિંગની પુજા શા માટે કરવામાં આવે છે?**

લિંગની નહિં, શિવની પુજા કરવામાં આવે છે. જેની સ્વયંની કોઇ આકૃતિ હોતી નથી. તેમાં પ્રતિકની સ્થાપના કરવામાં આવે છે. 'હુ' પણ એક લિંગ જ છે પોતાનામાં જ નિરાકારની સ્થાપના કરી લો. મનુષ્ય ત્રણ ગુણોથી બનેલ છે. કોઇ સત્વ પ્રધાન છે, કોઇ રજ પ્રધાન, તો કોઇ તમ પ્રધાન છે. ભગવાન રામમાં રાજવી સ્વભાવ છે. શ્રીકૃષ્ણમાં અનંત સૌંદર્ય-માધુર્ય છે. શ્રી શીવ વૈરાગ્ય પ્રધાન છે, આશુતોષ છે, વિચારક છે અને ગુણાતીત છે.

❖ **'સ્વધર્મ'નો મતલબ શું છે?**

'સ્વધર્મ' સર્વ શ્રેષ્ઠ છે. સ્વધર્મના પાલનથી વ્યક્તિ સાધન નિષ્ઠ

થાય છે. જ્ઞાનપુર્વક અનુભવ કરો કે સૃષ્ટિમાં મારું કંઇ નથી. સૃષ્ટિથી સંબંધ તોડવાની પ્રેરણા અને પરમાત્માથી સંબંધ જોડવાની પ્રેરણા સ્વધર્મ આપે છે. સ્વધર્મનો મતલબ છે 'સ્વ'નો ધર્મ.શ્રીકૃષ્ણ એ અર્જુનને કહ્યું હતું કે સર્વે ધર્મો ને છોડીને મારા શરણમાં આવી જા.

❖ **આજકાલ માનવ, ધર્મ પ્રમાણે કેમ નથી ચાલતો?**

ભોગમાં રૂચિ રાખે છે, યોગમાં નહી એટલે.

❖ **આત્મા એટલે?**

પોતાને જે અનુભવે તે આત્મા, આત્મામાં જે બિરાજે તે પરમાત્મા જે દેખાય તે અનાત્મા જે માની શકાય તે પરમાત્મા તેથી જે અનાત્મા નથી તે આત્મા.

❖ **ચિંતા કેવી રીતે મટે?**

(૧) સર્વે ને પરમાત્માને સોંપવાથી.

(૨) સર્વે પ્રત્યે સદ્ભાવ રાખવાથી.

(૩) અકિંચન, અચાહ, અપ્રયત્ન થઈને પોતાના પ્રિયતમને પોતાનામાં સ્વીકાર કરવાથી ચિંતા મટે.

❖ **જીવનની પૂર્ણતા વિશે તમારો શો અભિપ્રાય છે?**

જ્ઞાનના પ્રકાશ વડે સ્વાધીન અને અમર બનાય છે. પ્રેમના રસથી નિરસતાનો અભાવ થઇ જાય છે. જ્ઞાનના પ્રકાશ અને પ્રેમના રસથી જીવન પૂર્ણ બને છે.

❖ **વિશ્વાસ કેવો હોવો જોઇએ અને તે કેવી રીતે થાય?**

આપણે સાધારણ રીતે એ સાંભળેલું છે કે વિષપાન કરવાથી માનવ મૃત્યુ પામે છે. આટલી જ વાત પર આ દ્રઢ વિશ્વાસ થઇ ગયો કે કોઇપણ સ્થિતિમાં વિષ ન ખાવું જોઇએ. કોઇ અત્યંત લોભી હોય, દરિદ્ર હોય, ઠેકઠેકાણે ભટકતો ફરતો હોય તેને પણ કહેવામાં આવે કે તને પુષ્કળ ધન આપીશું, જો તું એક તોલાભાર ઝેર ખાઇલે, તો પણ તે મનુષ્ય ઝેર ખાવાનું સ્વીકારશે નહીં. કારણ સ્પષ્ટ છે કે તેને વિશ્વાસ છે કે વિષપાનથી મનુષ્યનું મૃત્યુ થાય છે.

વિષયોને માટે સર્વ શાસ્ત્ર અને સંત કહે છે કે આ મહાન વિષ છે તેનું સેવન કરવાથી મનુષ્ય વારંવાર જન્મ મરણ પામે છે. ઝેરને ખાવાથી તો એક જ વાર મૃત્યુ થાય છે. પરંતુ વિષયોને ભોગવવા વાળાને તો અનેક વખત મરવું પડે છે. વિષ ખાઇને મનુષ્ય બચી પણ જાય, પરંતુ ભોગીને તો લખચોરાસીમાં જવુ જ પડે છે. આ વાતને આપણે ગ્રંથમાં વાંચેલ છે. સંતો દ્વારા વારંવાર સાંભળેલ છે અને આંખોથી જોયેલ પણ છે કે વિષથી મનુષ્યની શું દુર્દશા થાય છે. છતાં પણ મન ભોગોથી હટતું નથી. તો બતાવો, આનાથી વધીને મુર્ખતા શું હોય શકે?

ભગવાનનું સ્મરણ કરવાથી જીવનું કલ્યાણ થાય છે. આ વાત પણ આપણે સારી રીતે જાણીએ છીએ. છતાં પણ મન ભગવાનમાં લાગતું નથી. તો આનાથી વધીને બીજી કોઇ નાસ્તિકતા હોય શકે ખરી? આશ્ચર્ય તો એ વાતનું છે કે આપણે મહામૂર્ખ અને નાસ્તિક હોવા છતાં સ્વયંને આસ્તિક અને બુધ્ધિમાન માનીએ છીએ.

### ❖ મહારાજ જી! ઇચ્છાઓ કેવી રીતે નાશ પામે?

તમારી ઇચ્છા પોતાના સુખ માટે ન ઉઠે, પણ પર પીડાને લઇને ઉઠે, ''હે ભગવાન તમોએ મને આંખો આપી છે, હું આંધળાના કામમાં આવું, હે ભગવાન તમોએ મને ધન આપેલ છે, તો હું નિર્ધનના કામમાં આવું, હે ભગવાન તમોએ મને બળ આપેલ છે તો હુ નિર્બળના કામમાં આવું'' તમે ઇચ્છાઓની દિશા બદલાવી નાખો તો, ઇચ્છાઓ મટી જશે. પરંતુ દુઃખની વાત તો એ છે કે તમોને જે કંઇ મળે છે તેમાંથી તમો સુખ લેવા ઇચ્છો છો. તમો સમાજ અને પરિવારને કંઇ દેવા નથી માંગતા, પરંતુ તેનાથી સુખની અપેક્ષા રાખો છો.

ઇચ્છા એવી ઉઠવી જોઇએ કે હું બીજાનાં કામમાં આવું જયારે તમારી આ માંગ સબળ બનશે ત્યારે ઇચ્છાઓ મટી જશે. ભગવાને તમોને એટલા સુંદર બનાવ્યા છે કે જો તમો ઇચ્છો તો સારા સંસારના કામમાં આવી શકો.

તમે કહેશો કેવી રીતે કામ આવી શકીએ ? માનવ-સેવા-સંઘ કહે છે, મન, વાણી અને કર્મથી બુરાઇ રહિત બનો તો સંસારના કામમાં

આવી શકશો.ભલાઇ કરો કે ન કરો પરંતુ બુરાઇ તો ન જ કરો.

જો પોતાની જાતે પૂર્વપ્રયાસ કરવા છતાં પણ સુખ ભોગ અને આકર્ષણ છોડવામાં પોતે અસમર્થ જણાય તો સરળ વિશ્વાસપૂર્વક દુઃખી હ્દયથી સર્વ સમર્થ પ્રભુને પ્રાર્થના કરવી જોઇએ આથી દુઃખ અવશ્ય મટી જશે.

### ❖ મૂક સત્સંગ એટલે શું?

મૂક સત્સંગ એટલે જાગૃત સુષુપ્તી. મુક થઇને ચિંતન અચિંતનથી અસહયોગ કરવાનો છે. અસહયોગ કરવો એટલે દ્વેષ કરવો એવું નથી. પરંતુ તેની સત્તાનો અસ્વીકાર કરવાનો છે. આ શરીર ધર્મ નહી પરંતુ સ્વધર્મ છે. અસહયોગ કરવાથી ચિંતન અચિંતન સર્વથા મટી જશે અને પછી અચાહ અસંગતા અને પ્રભુથી સંબંધ જોડવાની સમર્થતા આવી જશે. કરવાની, મેળવવાની અને જીવવાની આશાનો ત્યાગ કરી શાંત હોવું એજ મુક સત્સંગ છે.

### ❖ માનવનો પુરૂષાર્થ શું છે?

સત્તના સંગને સુરક્ષિત રાખવો. દરેક કાર્યના આદિ અને અંતમાં સ્વભાવગત જ સત્યનો સંગ હોય છે. આ સંગને આપણે પસંદ કરીએ અને સુરક્ષિત રાખીએ. આજ માનવનો પુરૂષાર્થ છે. જેને કરવામાં માનવ માત્ર સ્વાધીન છે.

### ❖ માનવનો સૌથી ખરાબમાં ખરાબ સમય કયો છે?

૧) તે જીવવા ઇચ્છે પણ મરવું પડે.

૨) તે ખાવા ઇચ્છે, પણ ખાવાની શક્તિ ન રહે.

૩) તે બોલવા ઇચ્છે, પણ બોલી ન શકે.

૪) તે સાંભળવા ઇચ્છે, પણ સાંભળી ન શકે.

૫) તે સત્સંગથી વિમુખ રહે.

### ❖ સર્વ શાસ્ત્ર અને ઉપદેશોનો સાર સમજાવવાની કૃપા કરો.

સર્વે શાસ્ત્ર અને ઉપદેશોનો સાર છે-ભગવાનનું ભજન, અને

ભજન થાય છે જીવનમાં સેવા, ત્યાગ અને પ્રેમ આવવાથી જો મનુષ્યના જીવનમાં સેવા ત્યાગ અને પ્રેમ આવી જાય તો સમજી લો કે તેણે બધા શાસ્ત્રોનો સાર સમજી લીધો. અગર મનુષ્યના જીવનમાં સેવા ત્યાગ અને પ્રેમ ન હોય તો તેણે બધું જાણીને પણ કંઇ જાણ્યુ નથી. કારણ કે, સેવા ત્યાગ અને પ્રેમ આવે તે સારું ભજન છે.

જુઓ, જપ, તપ, કથા, કિર્તન વગેરે જે મુક્તિ પ્રાપ્તિના સાધન બતાવેલ છે. ભોગી મનુષ્યો માટે આ બધા આજીવિકાના જ સાધન બની જાય છે. કોઇ મનુષ્ય ખુબ જપ તપ કરીને આકાશમાં ઉડવાની શક્તિ પ્રાપ્ત કરીલે, પાણી પર ચાલવાની સિધ્ધિ પ્રાપ્ત કરી લે. મરેલાને જીવિત અને જીવતાંને શાપ આપીને ભસ્મ કરવાની શક્તિ પ્રાપ્ત કરી લે પરંતુ નિર્દોષ નિષ્પક્ષ અસંગ અને શરણાગત થયા વગર મનુષ્યનું કલ્યાણ થઇ શકતું નથી. આની પ્રગતિમાં કોઇ બાહ્ય સામગ્રીની આવશ્કતા નથી.

### ❖ ધ્યાન કેવી રીતે થઇ શકે?

ધ્યેયના જ્ઞાન વગર કોઇપણ પ્રકારનું ધ્યાન થઇ શકે નહીં. કારણ કે જેનું જ્ઞાન ન હોય તેનું ધ્યાન ન થઇ શકે જ્ઞાનથી સંસારના બંધન તુટી જાય છે અને ધ્યાનથી આનંદની અનુભૂતિ થાય છે. આ પ્રકારે જ્ઞાન હોવાથી ધ્યાન આપમેળે થઇ જાય છે.

### ❖ ત્યાગ અને કર્મ શું છે?

ત્યાગ સંસારના ઉદ્‌ગમ તરફ લઇ જાય છે અને કર્મ સંસારના વહેણ સાથે નીચે તરફ લઇ જાય છે. જેવી રીતે નદીના ઉદગમ તરફ ચાલવાવાળો નદીના મુળને જાણી લે છે. એવી રીતે ત્યાગ કરવાવાળો સંસારના કારણ ને જાણી લે છે. જેવી રીતે નદીના વહેણો તરફ જવાવાળો મહાસાગરમાં ડુબીને વારંવાર તે પાણીમાં ચક્કર લગાવે છે તે પ્રકારે કર્મ કરવાવાળો ઘોર સંસારમાં ચક્કર લગાવે છે. પરંતુ સંસારના કારણને જાણી શકતો નથી.

### ❖ રાગ મટવાથી વૈરાગ્ય કેવી રીતે મટી શકે છે?

વૈરાગ્ય અગ્નિ સમાન છે. બળતણનો અભાવ થવાથી જેમ અગ્નિ શાંત થઇ જાય છે, તેજ પ્રકારે રાગનો અભાવ થવાથી વૈરાગ્ય અનુરાગમાં

બદલાઇ જાય છે.

### ❖ રાગ શા માટે થાય છે?

સુખથી રાગનો જન્મ થાય છે. જો વિષયોમાં સુખ ન જણાય તો રાગ ન થઇ શકે. પોતાને શરીર સમજવાથી ઇન્દ્રિય જ્ઞાન સત્ય લાગે છે. અને ઇન્દ્રિય જ્ઞાન સત્ય લાગવાથી અવિચાર જન્મે છે. અને અવિચારથી વિષયોમાં સુખ ભાવ થતો જણાય છે. વિષયોમાં સુખ ભાવ માલુમ પડવાથી રાગ જન્મે છે.

### ❖ રાગ દ્વેષ શું છે?

દોષ જણાય છતાં પણ ત્યાગ ન કરવો એ રાગ છે ગુણ જણાય છતાં પણ ગ્રહણ ન કરવા એ દ્વેષ છે. રાગ ત્યાગ નથી થવા દેતો અને દ્વેષ પ્રેમ નથી થવા દેતો. ત્યાગ અને પ્રેમથી રાગ દ્વેષ મટી જાય છે. બધી જ બુરાઇઓ રાગ દ્વેષથી થાય છે અને બધી સારાપ ત્યાગ અને પ્રેમથી થાય છે.

### ❖ શ્રમ અને વિશ્રામ શું છે?

શ્રમ અને વિશ્રામ જીવનના બે પાસા છે. શ્રમ છે સંસાર માટે, અને વિશ્રામ છે પોતાના માટે. બીજાના હિત માટે શ્રમ કરો અને પોતાના માટે વિશ્રામ કરો. વિશ્રામમાં અમર જીવન છે, સ-રસ જીવન છે. સ્વાધીન જીવન છે. ભોગ યોનિઓમાં શ્રમ ઉપરાંત વિશ્રામ છે જ નહિ. પરંતુ મનુષ્ય યોનિમા સેવા તેમજ યોગ છે. વિશ્રામનો અર્થ છે કામ રહિત હોવું વિશ્રામ સહજ અને સ્વાભાવિક છે સાચું કામ કરવાથી મનુષ્ય કામરહિત થાય છે.

### ❖ સંકલ્પ વિકલ્પ શું છે?

સંકલ્પ તો ભોગવેલી ઇચ્છાઓનો પ્રભાવ છે પહેલા જે ભોગવી લીધેલ છે તેના પ્રભાવથી સંકલ્પ ઉઠે છે. એક સંકલ્પ પૂરો થયો અને તેના સુખનો ભોગ કર્યો તો તેના પ્રભાવથી બીજો સંકલ્પ ઉઠશે. સંકલ્પ પુર્તિનું સુખ નવા સંકલ્પને જન્મ આપે છે.

સંકલ્પ અપૂર્તિથી જયારે દુઃખ થાય છે તો વિકલ્પ ઉઠે છે, પણ જો સંકલ્પ પૂર્તિનું સુખ ન ભોગવો, અપૂર્તિથી દુઃખી ન બનો તો સંકલ્પ વિકલ્પ

બંધ થઇ જશે. સંકલ્પ વિકલ્પ તો આપણાં કર્યાનું ફળ છે.

ભોજન બાદ કંઇ પણ કર્યા વગર આપમેળે પાચન થાય છે તે પ્રાકૃતિક શક્તિથી થાય છે. એક તો એવું છે જે આપમેળે થાય છે અને બીજુ જે આપણાં કરવાથી થાય છે. તે આપણાં અભિમાન દ્વારા થાય છે. જે આપમેળે થાય છે તે કર્મ નથી.

સંસારથી સંબંધ છે સેવા કરવા માટે અને પરમાત્માથી સંબંધ છે. પ્રેમ કરવા માટે ન તો સંસારથી કંઇ ચાહવું, ન તો પરમાત્માન પાસેથી કંઇ ચાહવું. સંબંધ ને અનુરૂપ સંસારની સેવા કરો અને પરમાત્માના પ્રેમી બનો. સંસાર પાસેથી કંઇપણ ન ચાહો એટલું જ નહી પરમાત્મા પાસેથી પણ કંઇ ન માંગો ત્યારે સંકલ્પ ઉઠતાં બંધ થશે.

❖ **ભજન શું છે?**

સેવા-ત્યાગ અને પ્રેમ ત્રણેય એકઠાં થાય તો ભજન બની જાય. ભજનમાં સેવા પણ છે ત્યાગ પણ છે અને પ્રેમ પણ છે.કર્મ કરો સેવા માટે,અચાહ થઇને ત્યાગ કરો, ભગવાનને પોતાના માનીને પ્રેમી બનો.

જયાં સુધી ભગવાનને પોતાના નહી માનો ત્યાં સધુી ભગવાન પ્યારા લાગશે નહીં. અને જયાં સુધી ભગવાન પ્યારા નહીં લાગે, ત્યાં સુધી તેની યાદ આવશે નહી અને યાદ આવ્યા વગર ભજન થશે નહી.

પ્રભુનો મહિમા સ્વીકાર કરો તો સ્તુતિ થશે, પ્રભુ સાથે સંબંધ સ્વીકારશો તો ઉપાસના થશે અને પ્રભુ પ્રેમની આવશ્યકતા અનુભવો તો પ્રાર્થના થશે.

❖ **ભજનનું સ્વરૂપ અને વિધિ શું છે? ભજન કેવી રીતે થાય?**

ભજનનું વાસ્તવિક સ્વરૂપ છે સેવા-ત્યાગ અને પ્રેમ,ભજન કરવાની વિધિ અને ઉપાય છે- પ્રભુમાં આસ્થા, શ્રધ્ધા, વિશ્વાસ અને આત્મીયતાનું હોવું આ ચારે બાબત જીવનમાં આવવાથી ભજન આપમેળે થાય છે. એટલે કે પ્રભુ છે, સર્વશ્રેષ્ઠ છે, સુખ અને સૌંદર્યના ભંડાર છે, અને મારા છે - આ ચારેય વાતો માનવાથી વાસ્તવિક ભજન થાય છે.

પોતાનાંમાં પ્રીતિ સ્વયં હોય છે અને જેની સાથે પ્રીતિ હોય છે. તેની સ્મૃતિ પણ આપમેળે આવે છે. આથી, અનાયાસ થતી સ્મૃતિનું હોવું

એજ સાચું ભજન છે જયાં સુધી મમતા, કામના, અને આશક્તિનો ત્યાગ કરશો નહિ, ત્યાં સુધી ભજન થશે નહિં. કામના, મમતા અને આશક્તિનો ત્યાગ કર્યા વગર પ્રભુમાં આસ્થા થતી નથી. આ બધાનો ત્યાગ કરવાથી સેવા-ત્યાગ અને પ્રેમની પ્રાપ્તિ થાય છે.

સેવાનો અર્થ છે. પોતાને જે કંઇ મળ્યું છે તે બધું પ્રભુને નાતે બીજાની સેવામાં લગાડી દો અને બધાની સાથે ભલાઇ કરો. સારો વ્યવહાર કરો. એ સેવા જ પ્રભુની પૂજા છે. એટલા માટે સેવાનું નામ ભજન છે. સંસારમાં જે કંઇ છે તે મારું નથી, મારા માટે નથી અને મારે કંઇ જોઇતું નથી. આ ત્યાગ છે માનવતા જીવનમાં ત્યાગ આવવાથી અસંગતતા આવે છે. એટલાં જ માટે ત્યાગનું નામ ભજન છે.

સેવાથી જગત પ્રસન્ન થાય છે. ત્યાગથી પોતાનામાં પ્રસન્નતા આવે છે. પ્રેમથી પ્રભુ પ્રસન્ન થાય છે. દુરાચારી અને ભોગી મનુષ્ય કઠણ હ્દયના હોય છે, નિર્દયી અને હિંસક હોય છે આથી તે સેવા-ત્યાગ અને પ્રેમના અધિકારી નથી હોતા. આંટલા માટે સદાચારી અને સંયમી બનશો ત્યારે સેવા ત્યાગ અને પ્રેમના અધિકારી થશો અને સાચા માનવ બનશો. આટલું થયે ભજન આપો આપ થવા લાગશે. સેવા અને ત્યાગ વગર પ્રેમનો પ્રાર્દુભાવ થતો નથી અને પ્રેમ વગર પ્રભુ મળતાં નથી.

એટલા માટે સેવા ત્યાગ અને પ્રેમ પ્રાપ્ત કરો એજ સાચું ભજન છે.

❖ **સ્વામીજી! કોઇ કહે છે ગીતા વાંચો કોઇ કહે છે રામાયણ વાંચો, કોઇ કહે છે મંદીર જાવ, જાપ કરો, તપ કરો, દાન આપો, યજ્ઞ કરો, સમજમાં આવતું નથી કે શું કરવું? કૃપા કરીને આપ બતાવશો કે શું કરૂં?**

જે જાણતાં હોય તે બુરાઇને છોડી દો અને જે કરતાં હોય તે બુરાઇ ફરીથી ન કરો.

❖ **બુરાઇ છોડયા બાદ શું કરું?**

બધા પ્રત્યે સદ્ભાવ રાખો અને યથાશક્તિ ક્રિયાત્મક સહયોગ આપો.

❖ **મહારાજજી! એના પછી શું કરૂ?**

સદ્ભાવ અને સહયોગના બદલામાં કોઈપણ પાસેથી કોઈપણ ન ઈચ્છો ન તો અત્યારે ન તો ક્યારેય.

❖ **એના પછી શું કરૂં?**

પહેલાં આ ત્રણેય કરી લો. ચોથી વાત આપ મેળે માલુમ થશે.

❖ **આપમેળે થશે?**

હા આપ મેળે જ, અરે તમે એ શા માટે ચાહો છો કે હું અહીંથી તમારા ઘર સુધી વીજળીના થાંભલા લગાડી દઉં. એટલી મહનેત ન કરાવો યારઃ અરે ભાઈ! અમે તમોને ટોર્ચ આપેલ છે એની રોશની જ્યાં સુધી જાય છે ત્યાં સુધી જાઓ. આગળ આપમેળે માર્ગ મળી જશે. જો તમે ફક્ત પહેલી વાત કરી લો, અર્થાત્ જાણેલી બુરાઈને છોડી દો', તો તમને સઘળું મળી જશે. શાંતી મુક્તિ, ભક્તિ આનાથી જીવન બુરાઈ રહિત થશે તો આપમેળે સર્વ કામ થશે.

❖ **અસતના સંગથી પણ સુખની પ્રાપ્તિ થાય છે?**

હાં ક્ષણિક સુખ પ્રાપ્ત થાય છે. જેવી રીતે કોઈ ખોટું બોલીને ધન મેળવે. આ પ્રકારે અસત વડે સુખ મળ્યું અને તેના પ્રલોભનોમાં ફસાઈ ગયા તો પછી અસત્નો ત્યાગ ક્યારેય થઈ શકે નહી અસતનું પરિણામ તો દુઃખ દાયી જ છે.

જો આપણે તેના આ ભયંકર પરિણામ ઉપર આપણી દ્રષ્ટિ કરીએ તો અસતનો ત્યાગ સુગમતાપૂર્વક કરી શકીએ જેવી રીતે આપણે ઝેરનું પરિણામ જાણીયે છીએ તેથી વિષ મેળવેલી મીઠાઈ ચાહે ગમે તેટલી સ્વાદિષ્ટ હોય તો પણ લેવાનું પસંદ કરતાં નથી. એવી રીતે અસતનુ પરિણામ જાણી લેવાથી અસતનો ત્યાગ કરી શકશો.

❖ **લોભ કેવી રીતે દુર થાય?**

લોભ એકલો આવતો નથી, મોહની સાથે આવે છે પછી કામ પણ આવે છે અને ક્રોધ પણ કોઈપણ દોષ એકલો આવતો નથી. ભુલ સમસ્ત દોષોનું મુળ છે અને પરિણામ છે, જડતા, પરાધીનતા, પોતાના જ્ઞાનનો

અનાદાર કરવો એ મુળ ભુલ છે.

❖ **મોહ નિવૃતિનો ઉપાય બતાવો ?**

મોહ નિવૃતિ ધણાં પ્રકારે થાય છે–

(૧) આસ્થાના આધાર પર – કેવળ પ્રભુ મારા પોતાના છે.

(૨) જ્ઞાનના આધાર પર – આસકિત ધોડવાથી

(૩) સેવાના આધાર પર અ સેવા કરવી, ચાહ ન કરવી.

❖ **શારીરિક દુઃખ એ પાપ નું પરીણામ છે ? સાંભળેલ છે કે ભગવાનનું નામ લેવાથી પાપનો નાશ થાય છે ?**

શારીરિક કષ્ટ પાપોનું ફળ નથી. એ એટલા માટે કે જો પાપનું ફળ હોતતો કોઈ પુણાત્મા એવા હોત કે જેને શારીરિક કષ્ટ ન હોત. નામનો મહિમાતો ભકિતમાં પ્રગાઢતા લાવવા માટે છે, નામ પ્યારું લાગવું જોઈએ.

❖ **જીવનમાં ભય શા માટે હોય છે ?**

જીવન માં ત્રણ પ્રકારના ભય હોય છે.

(૧) વિયોગનો ભય – આ ભય નું કારણ વ્યકિત નો મોહ છે. જે વાસ્તવમાં પોતાનું છે તેને જ પોતાનું અનુભવે તેને વિયોગનો ભય ન થાય.

(૨) હાનિનો ભય :– આ ભયનું કારણ વસ્તુની  મમતા છે.જે આપણી નથી તેને આપણી માની લીધી છે.

(૩) અપમાનનો ભય – આ ભયનું કારણ દેહ અભિમાન છે આપણે શરીરને ટકાવી રાખવાનું પસંદ કરીયે છીયે, જે સદાય રહેવાનું નથી માટે આપણને દેહથી મોહ થઈ ગયો છે.

❖ **વ્યર્થ ચિંતન અને સાર્થક ચિંતન શું છે ?**

અનિત્યનું ચિંતન એ વ્યર્થ ચિંતન અને નિત્યનું ચિંતન એ સાર્થક ચિંતન છે.વસ્તુ વ્યકિતનું ચિંતન વ્યર્થ ચિંતન અને આત્માઅપરમાત્માનું ચિંતન સાર્થક ચિંતન કહેવાય.

**❖ સન્માનના સુખથી નુકશાન શું છે ?**

સન્માનનું સુખ એટલું ભયંકર વિષ છે કે વિષ પ્યાલાથી તો મનુષ્ય એકજવાર મૃત્યુ પામે છે, પરંતુ સન્માન નું સુખ ભોગવાવાથી કેટલાય જન્મ જીવવું–મરવું પડે છે.

**❖ બુરાઈ શું છે ?**

આપણને સ્વાધીન હોવામાં જે બાધારૂપ બને,આપણને ઉદાર બનવામાં જે બાધારૂપ બને, અને આપણને પ્રેમી બનવામાં જે બાધારૂપ બને, તે બુરાઈ છે.

**❖ બંધન શું છે અને તે કેવી રીતે તૂટે ?**

લેવું એ બંધન છે. તો લેવાનું બંધ કરીને, દેવાનું આપી દઈએ તો બંધન જેવી ચીજ રહીજ ન શકે.

**❖ લેવામાં શું બુરાઈ છે ?**

લેવાની રૂચિ જ નવા રાગની જનની છે, જે પૂરીન થવાથી ક્રોધિત કરી જાય છે,ક્રોધિત થવાથી કર્તવ્યની,નિજ સ્વરૂપની અને પ્રભુની વિસ્મૃતિ થઈ જાય છે.

**❖ પ્રભુની વિસ્મૃતિ શા માટે થઈ જાય છે અને તે કેવી રીતે દૂર થાય ?**

પ્રભુની વિસ્મૃતિ મટાવવી હોયતો આસકિતઓ મટાડવી જોઈએ.

**❖ પ્રેમની પ્રાપ્તિ કેવી રીતે થાય ?**

બધીજ મમતાઓનો ત્યાગ કરીને કેવળ પ્રભુ ને પોતાના માનો આનાથી પ્રેમની પ્રાપતિ થશે. એકમાત્ર પ્રભુને પોતાના માનવા અને કંઈ પણ ચાહવું નહિંઅ આ પ્રેમપ્રાપ્તિ કરવાનું ઉત્તમ સાધન છે.ખુબ તપ તથા યજ્ઞ કરવાથી પ્રેમની પ્રાપ્તિ થતી નથી. તપતો હિરણ્યકશ્યપુએ અને રાવણે પણ ખુબજ કર્યુ હતું પરંતુ તેમને પ્રેમની પ્રાપ્તિ થઈ ન હતી. એક હજાર યજ્ઞ કરીને ઈન્દ્ર સ્વર્ગ પર રાજ કરે છે,પરંતુ તેને પણ પ્રેમની પ્રાપ્તિ થતી નથી. ધ્યાન અને ચિંતન થી પણ પ્રેમની પ્રાપ્તિ થતી નથી એનાથી ચિતની શુધ્ધી થાય છે.

પ્રેમ પ્રાપ્તિનું મુખ્ય સાધન પ્રભુને પોતાના આત્મીય ગણવા એજ છે બીજી બધી મમતાઓના ત્યાગથી આત્મીયતા જન્મે છે.ધન પણ મારું અને પ્રભુ પણ મારા અ બનેં વાત એક સાથે સંભવી ન શકે. પોતાના માનીએ તેના પ્રત્યે પ્રીતિ થવી અનિવાર્ય છે. બધા આ વાતને જાણે છે. પોતાનું શરીર રોગી હોય તો પણ પ્યારૂં લાગે છે. પોતાનો પુત્ર કાણો હોયતો પણ પ્યારો લાગે છે.જુનુપુરાણું મકાન પણ પ્યારું લાગે છે. તો પછી પ્રભુતો સર્વગુણ સંપન્ન, સુખના ભંડાર અને સૌદર્ય નિધિ છે. આપણે ભગવાનને પોતાના માનીએ અને પ્રીતિ જાગૃત ન હોય અ આ વાત કેવી રીતે બને ?

**❖ પ્રભુનું દરેક વિધાન મંગલમય છે આ વાત કેવી રીતે સમજમાં આવે ?**

આ શ્રધ્ધાનો વિષય છેઅ સાધકને આસ્થા અને પૂર્ણ વિશ્વાસ થઈ જવાથી એક મોટો લાભ એ થાય છે કે તેને પ્રભુનું બળ મળે છે. પ્રભુ પરમ દયાળુ છેઅ ક્રુર નથી, પરમ શાંત છે,અક્રોધી નથી,પ્રભુ સદા સજાગ છે, ત્યાં ભૂલ થતી જ નથી, આપણી ભલાઈનું જેટલું જ્ઞાન આપણને છે તેનાથી અધિક જ્ઞાન તેમને છે,જે કામ નથી કરવાનું તેને પણ આપણે કરીયે છીયે અને એવું ઈચ્છયે છીયે કે ઈશ્વર તરફથી દરેક પ્રકારની સુવિધા મળે, જેવી કેઅ સૂર્યનો પ્રકાશ,શ્વાસ લેવા માટે વાયુ,પીવા માટે પાણી અને ધરતીમાતાનો આશ્રય આપણને નિરંતર મળી રહે છે. જે પ્રભુ આટલા ઉદાર અને કૃપાળુ હોય તેનું વિધાન કઠોર કેવી રીતે હોય?

ઉપરોકત પ્રમાણે ચિંતન કરતાં રહેવાથી તેમના મંગલમય વિધાન માં શ્રધ્ધા ઉત્પન્ન થઈ જાયછે. વિધાનમાં ત્રણ વાત હોય છે અ જાણવું, મળવું, અને હોવું. જો આપણે જાણેલ નો આદર, જે કઈ મળ્યું છે તેનો સદઉપયોગ કરીયે તો જે થવાનું છે તે મંગલમય જ થશે 'કરવામાં'સાવધા અને 'થાયે , તેમાં પ્રસન્ન રહેવાથી યોગ્યતા આવે છે.

**❖ અમારી માંગ શું છે ?અને તે કેવી રીતે પૂરી થાય ?**

માનવની માંગ છે અ દુઃખોન નિવૃતિ અને પરમાત્માની પ્રાપ્તિ. માંગ પૂરી કરવાનો ઉપાય છે ભગવત શરણાગતિ. આના માટે ત્રણેય

શરીરો થી સંબંધ તોડવો પડે, સ્થૂળ શરીર સાથે સંબંધ વિચ્છેદ થવાથી અશુભ કર્મો માં પ્રવૃતિ રહેતી નથી. સૂક્ષ્મ શરીરથી સંબંધ તૂટતા અનિષ્ટ ચિંતન મટી જાય છે. અને કારણ શરીર થી સંબંધ વિચ્છેદ થવાથી બધાંજ પ્રકારની વાસના અને ગુણોનું અભિમાન મટી જાય છે.

આ પ્રકારે શરણાગતિથી સાધકના દુઃખોની નિવૃતિ થઈ જાય છે અને પરમઆનંદની પ્રાપ્તિ થઈ જાય છે.

**❖ ભગવાનને મેળવવા માટે શું કરીયે ?**

ભગવાનને મેળવવા માટે ભગવાન થી આત્મીય સંબંધ જ મુખ્ય છે તેમને પોતાના માનીલો.ભગવાન મળી જશે.ભગવત્ સંબંધમાં સંસારનો સંબંધ બાધારૂપ છે. સંસાર બાધક નથી, આથી સંસારનો સંબંધ છોડી દો.

**❖ સંસારથી સંબંધ તોડવો અને પ્રભુને પોતાના માનવા, આ કેવી રીતે થાય ?**

ઘરના લોકોની સેવા કરો પણ સંબંધ ન માનો કેવળ પ્રભુ સાથે સંબંધ રાખો.

**❖ મન ભટકતું રહે છે.**

મન કયાંય ભટકતું નથી . તમે સંસારને ચાહો છો, એટલે તેની યાદ આવે છે. આ દોષ આપણો છે.

**❖ સુખ અને આનંદમાં શું અંતર છે ?**

સુખથી દુઃખ દબાઈ જાય છે, અને આનંદથી દુઃખ મટી જાય છે.

**❖ વિચાર શું છે ?**

આ–(સંસાર) તે–(પરમાત્મા),હું–(શરીર નું અભિમાન) આ ત્રણેય ચીજોનું જ્ઞાન થઈ જવું એટલે વિચાર.સૂરજઅતે,પ્રકાશ –આ,કિરણ–હું ની માફક છે. કોઈપણ એકનું જ્ઞાન થઈ જાય,તો ત્રણેય નું જ્ઞાન થઈ જાય છે.

**❖ જડ શું છે ?**

જે બીજાની સતાથી પ્રકાશીત હોય, જે સ્વાધીન ન હોય પણ પરાધીન હોય તે જડ છે.

❖ **ચેતના શું છે.**

ચેતના સૂયની સમાન છે,જે સ્વયં પ્રકાશીત છે,અને તેનાથી જડ પદાર્થ પ્રકાશીત છે.

❖ **આનંદ શું છે ?**

જે થઈને કયારેય મટે નહિં જેના મળવાથી બીજું કંઈ મેળવાની ઈચ્છા ન રહે, તે આનંદ છે.

❖ **મન શું છે ?**

વાસનાઓના સમૂહનું નામ મન છે. દરેક વાસનાઓનો અંત લાવવાથી મન મટી જાય છે અને પછી કામ,ક્રોધ,લોભ,મોહ, વગેરે વિકાર શેષ રહેતાં નથી,વાસનાઓનો અંત યથાર્થ જ્ઞાનથી થાય છે.જ્ઞાન હદય શુધ્ધ હોવાથી થાય છે.હદય ત્યાગ અને પ્રેમથી શુધ્ધ થાય છે. શરીર આદિ કોઈપણ વસ્તુંને પોતાની ન માનવી એ ત્યાગ છે અને પરમાત્માથી કોઈપણ પ્રકારની જુદાઈ ન રહે તે પ્રેમ છે. ત્યાગ હોવાથી પ્રેમ આપોઆપ આવી જાય છે.

❖ **સંસાર શું છે ?**

ભગવાનને મળવા માટેની ટ્રેનીગ સંસારમાં સારી રીતે રહી શકે છે તે ભગવાનને સહેલાઈ થી મળી શકે છે જો તે ભૂલી પણ જાય તો ભગવાન આવી ને મળી જાય છે. જો તમો પરિસ્થિતિઓનો ઠીક ઉપયોગ કરી શકો તો તો તમારે ભગવાનને યાદ કરવા નહિં પડેઅ ભગવાન તમોને યાદ કરશે. સિધ્ધ તમોને પસંદ કરશે અને ધર્મ તમારામાં અવતરશે.

❖ **જીવનમાં મૃત્યુનો અનુભવ કરવો અને જીવતાં મૃત્યુ પામવું તે વિશે શો અભિપ્રાય છે ?**

જીવનમાં મૃત્યુનો અનુભવ કરવાથી અને જીવતાં જ મરવાથી અમરજીવન ની પ્રાપ્તિ થાય છે. વર્તમાન પરિવર્તનશીલ જીવનને જ જીવન માનવું એ મૃત્યુના મુખમાં જવા બરોબર છે. કારણ એ છે જેનું સતત

પરિવર્તન થઈ રહયું, તે જીવન નથી. જો નિત્ય એક રસ જળવાઈ રહે તેજ જીવન છે. આ એક રસ જીવનમાં સ્થિત થવો તેજ જીવતાં રહીને મુકત થવું છે.

❖ **સ્વાધીન જીવનનું શું તાત્પર્ય છે?**

જે વ્યક્તિને પોતાની પ્રસન્નતા માટે બીજા પર આધાર રાખવો ન પડે તેનું જીવન સ્વાધીન જીવન છે.

❖ **સ્વાધીનતા કેવી રીતે પ્રાપ્ત થાય છે?**

કંઈ ન ચાહો, પણ કામ આવો કંઈ પણ ન ચાહવાથી નવીન રાગની ઉત્પતિ થતી નથી અને બીજાને કામ આવવાથી મોજુદ રાગની નિવૃતિ થઈ જાય છે.

❖ **જો અમે કાંઇ ન ચાહીએ તો જીવન નિર્વાહ કેવી રીતે થાય?**

શરીરને સંસારના હવાલે કરવાથી.

❖ **સ-રસ જીવનનું સ્વરૂપ શું છે?**

અભાવ રહિત તેમજ સર્દેવ આનંદમગ્ન જીવન જ સ-રસ જીવન છે.

❖ **તેને પ્રાપ્ત કરવાનો શો ઉપાય છે?**

પોતાને ભગવાનના હવાલે કરીને.

❖ **માનવ-સેવા-સંઘની વાત કહેવામાં તથા સાંભળવામાં ખુબ સારી લાગે છે પરંતુ જીવનમાં ઉતરતી નથી, શા માટે ?**

કારણ કે આપણે શરીર વગેરે વસ્તુઓથી સુખ લેવા ઇચ્છીએ છીએ તથા ભવિષ્યમાં તેના આકર્ષણને છોડવા માંગતા નથી. જો આ સમજાઇ જાય તો દરેક સુખ ભોગનાં આકર્ષણનો આપમેળે નાશ થશે. જો આ આકર્ષણ ન રહે તો માનવ સેવા સંઘની દરેક વાત જીવનમાં આપમેળે ઉતરસે.

❖ **સાધન શું છે?**

સાધન સાધ્યનો સ્વભાવ અને સાધકનું જીવન છે.

❖ **સાધન કેવી રીતે અભિવ્યક્તિ થાય છે?**

સાધનની અભિવ્યક્તિ સત્સંગ દ્વારા થાય છે.

❖ **સાધનમાં વિઘ્ન શું છે?**

પોતાના સુખ દુઃખનું કારણ બીજાને માનવું એ સાધનનું મોટામાં મોટું વિઘ્ન છે. જેને આપણે સુખનું કારણ માની લઇએ છીએ તેનાથી રાગ થઇ જાય છે. અને જેને દુઃખનું કારણ માની લઇએ છીએ તેનાથી દ્વેષ થઇ જાય છે. રાગ-દ્વેષ હોય ત્યાં સુધી સાધનની અભિવ્યક્તિ સંભવ નથી.

❖ **ઉપાસના શું છે?**

સાધ્યમાં અગાધ પ્રિયતા હોવી એજ સાચી ઉપાસના છે.

❖ **ઉપાસનાની સિધ્ધિ કેવી રીતે થાય?**

પ્રભુ સાથે નિત્ય તેમજ આત્મીય સંબંધનો સ્વીકાર કરવાથી ઉપાસનાની અભિવ્યક્તિ થાય છે.

❖ **ઉપાસનામાં વિઘ્ન શું છે?**

સાધનમાં સાધ્ય બુધ્ધિનો સ્વીકાર કરવો એજ ઉપાસનામાં મોટામાં મોટું વિઘ્ન છે.

❖ **ધ્યાન શું છે?**

જે છે તેની પ્રિયતામાં ડુબી જવું એજ સાચું ધ્યાન છે.

❖ **ધ્યાન સિધ્ધિ કેવી રીતે થાય?**

પોતાને બધાં વિષયોમાંથી હટાવી લેવાથી ધ્યાનની સિધ્ધી થાય છે.

❖ **ધ્યાનમાં વિઘ્ન શું છે?**

વ્યર્થ ચિંતન ધ્યાનમાં મોટામાં મોટું વિઘ્ન છે.

❖ **ભજન શું છે?**

પ્રભુની અખંડ સ્મૃતિ એજ સાચું ભજન છે. અખંડ સ્મૃતિ જેમાં પેદા થાય છે અને જેના પ્રત્યે પેદા થાય છે. તે બન્ને માટે રસ રૂપ છે.

❖ **ભુલ જનિત સુખનો ભોગ ન કરવામાં આવે તો શું ભુતકાળમાં કરેલી ભુલોના આધાર પર ભુલ જનિત પ્રવૃતિ ફરીથી ન થાય?**

નહિ, ભુલ માણસનો સ્વભાવ નથી સંઘના સિધ્ધાંતમાં દરેકનો વર્તમાન નિર્દોષ હોય છે. ભોગવેલા અને ન ભોગવેલાંના પ્રભાવને કારણ ગત સંસ્કાર સામે આવશે. પરંતુ તેનો વિરોધ, સમર્થન અને તેનાથી તાદાત્મય ન રાખવાથી તે નાશ પામશે અને કરેલી ભુલો પર પશ્ચાતાપ કરીને ભવિષ્યમાં ન દોહરાવવાથી વર્તમાનની નિર્દોષતા સુરક્ષિત રહેશે.

❖ **માનવ-સેવા-સંઘના સુત્રમાં કહેવામાં આવ્યું છે કે ''એ સુખનો ત્યાગ કરી દો કે જે કોઇનું દુઃખ હોય'', હવે પ્રશ્ન એ છે કે શું કોઇ એવું પણ સુખ છે કે જે કોઇનું દુઃખ ન હોય?**

નહિં, એવું કોઈ સુખ ન હોય શકે કે જે બીજાનું દુઃખ ન હોય, આથી સાધકના જીવનમાં સુખ ભોગને સ્થાન નથી.

❖ **ગ્રહસ્થ જીવનમાં રહીને સાધન સંબંધી વાત ઘણી જ કઠીન જણાય છે. શું કરવામાં આવે?**

ગૃહસ્થ જીવન વાસ્તવિક જીવનની એક પ્રયોગશાળા છે જો આપણે બીજાના અધિકારોની રક્ષા કરીને આપણા અધિકારોનો ત્યાગ કરી દઇએ તો આખુ ગૃહસ્થ જીવન સાધનયુક્ત બની જાય અને કોઈ પ્રકારની કઠીનતા જણાશે નહી. પરંતુ ભુલને કારણે આપણે આપણા અધિકારોને છોડવા માટે તૈયાર હોતા નથી. પરિણામ સ્વરૂપે ગૃહસ્થ જીવનમાં કઠીનતા જણાય છે.

❖ **માનવ જીવનની પૂર્ણતાનો શું મતલબ છે?**

માનવ જીવનની ત્રણ બાજુ એટલે કે ભૌતિક, આધ્યાત્મિક અને આસ્તિકને પૂર્ણતાથી વિકસીત કરવી એજ માનવ જીવનની પૂર્ણતા છે. ભૌતિક વિકાસનો મતલબ છે,

દરેકને કોઈને કોઈ નાતે (વિશ્વના નાતે, આત્માના નાતે, અથવા પરમાત્માના નાતે) પોતાના માનીને સહયોગ આપવો આધ્યાત્મિક વિકાસનો મતલબ છે કે અકિંચન, અચાહ રહીને પોતનામાં સંતુષ્ટ રહેવું આસ્તિક વિકાસનો મતલબ છે કે ભૌતિક વિકાસથી પ્રાપ્ત થતી શાંતી

અને આધ્યાત્મિક વિકાસથી થતી સ્વાધિનતાને પ્રભુની પ્રસન્નતાને માટે તેના પર ન્યોછાવર કરી દેવી આ ત્રણેય બાજુના પૂર્ણ વિકાસમાં જ માનવ જીવનની પૂર્ણતા છે.

❖ **વિવેકી અને ભક્ત હોવાનું તાત્પર્ય શું છે?**

દરેક સમયે નિજ સ્વરૂપની યાદ રહે તે વિવેકી અને દરેક સમયે પ્રભુની યાદમાં ડુબી રહે તે ભક્ત હોવાના અર્થમાં આવે છે.

❖ **ભજન સિધ્ધ કેવી રીતે થાય છે?**

પ્રભુને જ પોતાના માનવાથી ભજન સિધ્ધ થાય છે.

**ભજનમાં વિઘ્ન શું છે?**

સંસારની યાદ આવવી એજ વિઘ્ન છે.

❖ **પૂજન સિધ્ધી કેવી રીતે થાય?**

શરીરમાં મમત્વ બુધ્ધિ તથા પોતાપણાની બુધ્ધિ ન રાખીને વર્તમાનનો સદ્‌ઉપયોગ કરવાથી પૂજનની સિધ્ધી થાય છે.

❖ **પૂજનમાં વિઘ્ન શું છે?**

કર્તાપણાનું અભિમાન અને તેના ફળની ઈચ્છા રાખવી એ પૂજનમાં સૌથી મોટું વિઘ્ન છે.

❖ **અપ્રયત્ન હોવાનો શો મતલબ છે? અમારે કંઇ કંઇ બાબતોમાં અપ્રયત્ન રહેવું જોઇએ? અને કંઇ કંઇ વાતો માટે પ્રયત્ન કરવો જોઇએ.**

પોતાને દરેક પ્રકારે ભગવાનને હવાલે કરી નિશ્ચિત તથા નિર્ભય થઇ જવું તેજ અપ્રયત્ન થવું છે. એના પછી કંઇ કરવાનું બાકી રહેતું નથી પરંતુ કરવાનું ''હોવા''માં અને હોવાનું ''છે'' માં વિલીન થઇ જાય છે. અપ્રયત્ન થયા બાદ દરેક ચેષ્ટા પ્રભુની પ્રસન્નતાને માટે થતી રહે છે.

❖ **જીવનની પ્રાપ્તિનો સરળ અને અચુક ઉપાય શો છે?**

દરેક વિશ્વાસોને એક વિશ્વાસમાં, દરેક સંબંધને એક સંબંધમાં તથા દરેક ઈચ્છાઓને એક આવશ્કયતામાં વિલીન કરી દેવાનું જીવન પ્રાપ્તિનો સરળ અને અચુક ઉપાય છે.

❖ **પોતાને સાધક સ્વીકાર્યા બાદ પણ ક્યારેક ક્યારેક બીજા પ્રત્યે દ્વેષભાવ આવી જાય છે. આવી દશામાં શું કરી શકાય?**

પોતાને સાધક સ્વીકાર્યા બાદ જો બીજા પ્રત્યે દ્વેષભાવ થતો હોય તો પોતાની સ્વીકૃતિની દ્રઢતામાં કમી છે. આવી દશામાં સાધકે સતર્ક રહીને પોતાની નિષ્ઠા દ્રઢ કરી લેવી જોઇએ. સાધકના જીવનમાં પોતે જાણેલા અસતનો સંગ ન કરવો જોઈએ અને વ્યથિત હ્દયથી પ્રભુને પ્રાર્થના કરવી જોઈએ. સફળતા અનિવાર્ય છે.

❖ **શું પ્રભુ છે? અને જો હોય તો તેના હોવાનું શું પ્રમાણ છે?**

ભક્તવાણી, સંતવાણી અને ગ્રંથોના આધાર પરથી આપણે માનીયે છીએ કે પ્રભુ છે. તેના હોવાનું પ્રમાણ એ કે શાંતિ સ્વાધીનતા અને પ્રેમની માંગના રૂપે તે માનવમાં વિદ્યમાન છે. પ્રભુ પરમ ઉદાર પરમ જ્ઞાની પરમ પ્રેમી અને પરમ સ્વાધીન છે. આ સઘળી વાત માંગના રૂપમાં દરેક માણસમાં મોજુદ છે. આ માંગનું હોવું એજ પ્રભુના હોવાનું પ્રમાણ છે.

❖ **ભગવાન આપણામાં મોજુદ હોવા છતાં પણ અમે તેને જોઇ શકતા નથી.**

કારણ કે આપણે ભગવાનની આવશ્યકતા આપણા જીવનમાં અનુભવી શકતાં નથી.

❖ **અમે ભગવાનની આવશ્યકતા કેવી રીતે અનુભવીએ?**

પોતે જાણેલાં અસતનો ત્યાગ કરવાથી આપણે જીવનમાં ભગવાનની આવશ્યકતાનો અનુભવ કરી શકીએ.

❖ **જ્યારે બધી પરિસ્થિતિઓ ભાગ્યથી નિર્મિત છે તો માનવ જીવનમાં કંઇ કરવાનું મહત્વ શું છે?**

એ સાચું છે કે દરેક પરિસ્થિતિઓનું નિર્માણ ભાગ્યથી થાય છે. પરંતુ તેનો સદ્‌ઉપયોગ અથવા દુરૂપયોગ કરવાની સ્વાધીનતા માનવ નેજ મળી છે. બીજી વાત આપણે કર્યા વગર રહી ન શકીએ. કારણ કે કરવાનો રાગ આપણામાં મોજુદ છે. આ મોજુદ રાગની નિવૃતિ માટે આવશ્યક કાર્ય સદ્‌ભાવના પૂર્વક લક્ષ્ય પર દ્રષ્ટિ રાખીને પુરી શક્તિ

લગાવીને શુધ્ધ હ્રદયભાવથી કરવું જોઇએ. જેના કરવાથી રાગની નિવૃતિ થઇ જશે. આથી કરવાના સંબંધમાં બે વાત થઇ વર્તમાન પરિસ્થિતિનો સદઉપયોગ કરવાથી સુંદર સમાજનું નિર્માણ થાય છે અને બીજી કરવાના રાગની નિવૃત્તી થતી હોવાથી પોતાનું કલ્યાણ થાય છે. જે માનવનું લક્ષ છે.

❖ **માનવ-સેવા-સંઘમાં એ કહેવામાં આવે છે કે કોઇને પોતાના ન માનો અથવા બધાને પોતાના માનો. આનો શો અર્થ છે?**

કોઇને પણ પોતાના ન માનવાથી રાગની ઉત્પતિ થતી નથી. અને બધાને પોતાના માનવાથી દ્વેષ ઉત્પન્ન થતો નથી. આવી રીતે બન્ને માન્યતાઓથી રાગ-દ્વેશથી મુક્ત થવાય છે અને જે માનવ વિકાસમાં સહાયક છે.

❖ **માનવ-સેવા-સંઘનો ઉદેશ શો છે?**

માનવ-સેવા-સંઘનો ઉદેશ માનવનું કલ્યાણ અને સુંદર સમાજનું નિર્માણ છે. પોતાના કલ્યાણનો અર્થ છે પોતાની પ્રસન્નતા માટે બીજાની જરૂરીયાત ન રહે. સુંદર સમાજના નિર્માણનો અર્થ છે. એવા સમાજનું નિર્માણ કે જેમાં દરેકનો અધિકાર સુરક્ષિત હોય કોઇના અધિકારનું શોષણ ન થતું હોય. આ ઉદેશની પૂર્તિ બીજાના અધિકારની રક્ષા અને પોતાના અધિકારના ત્યાગથી થતું હોય છે. બીજાના અધિકારની રક્ષા કરવાથી સુંદર સમાજનું નિર્માણ અને મોજુદ રાગની નિવૃતિ થાય છે અને પોતાના અધિકારના ત્યાગથી નવીન રાગની ઉત્પતિ થતી નથી.

❖ **અ-સંગતા કેવી રીતે પ્રાપ્ત થાય?**

અકિંચન અને અચાહ થવાથી અ-સંગતાની પ્રાપ્તિ થાય છે.

❖ **અચાહ અને અપ્રયત્ન થયા બાદ કઇ દશા પ્રાપ્ત થાય?**

આના થયા બાદ દશા રહેતી નથી. પરંતુ જીવનની પ્રાપ્તિ થાય છે. જીવન એને કહે છે કે જેમાં કોઇ પ્રકારનો અભાવ ન હોય, દુઃખ ન હોય તેમજ સમસ્ત જીવન અગાધ અનંત નિત નવીન રસથી ભરપુર હોય.

❖ **સાધન કરવા માટે ઘર ગૃહસ્થ વગેરે છોડવા જરૂરી છે?**

સાધનના નિર્માણ માટે સત્સંગ કરવો આવશ્યક છે તેમાં પરિસ્થિતિ વિશેષનો કોઇ અર્થ નથી. સત્સંગ કરવામાં માનવ માત્ર દરેક પરિસ્થિતિમાં સમાન રૂપથી સ્વાધીન છે.

❖ **બુરાઇને છોડવા ઇચ્છતા હોય તો પણ તે છુટી ન શકે તો શું કરી શકાય?**

વ્યથિત હ્દયથી સરળ વિશ્વાસ પુર્વક પ્રાર્થના કરી શકાય.

❖ **વિવેક અને સત્યમાં શું અંતર છે?**

વિવેક સાધન સામગ્રી છે અને સત્ય સાધ્ય છે.

❖ **વ્રત, તપ, પ્રાયશ્ચિત અને પ્રાર્થનાનો સો અર્થ છે?**

લક્ષ્યની પ્રાપ્તિનો સંકલ્પ વ્રત છે, તેમાં આવતાં કષ્ટોને હર્ષપુર્વક સહન કરવા એ તપ છે, કરેલી ભુલ ન દોહરાવવી એ પ્રાયશ્ચિત છે તથા લક્ષની અપૂર્તિના દુ:ખથી દુ:ખી થઇને વ્યથિત હ્દયનો પુકાર એ પ્રાર્થના છે.

❖ **ક્રોધ અને મોહથી કેવી રીતે છુટકારો મળે?**

પોતાના અધિકારનો ત્યાગ અને બીજાના અધિકારની રક્ષા કરવાથી ક્રોધ અને મોહમાંથી છુટકારો મળી શકે છે.

❖ **પરિસ્થિતિનો અર્થ શું છે?**

વ્યક્તિગત વિકાસની સાધન સામગ્રીનું નામ પરિસ્થિતિ છે.

❖ **ભૌતિક વિકાસનો અર્થ શું છે?**

બીજાને સુખી જોઇને પ્રસન્ન થવુ અને બીજાને દુ:ખી જોઇને દ્રવિત થવું.

❖ **આધ્યાત્મિક વિકાસનો શું અર્થ છે?**

પોતાની પ્રસન્નતા માટે બીજાની આવશ્યકતાનો અનુભવ ન કરવો એ આધ્યાત્મિક વિકાસ છે.

❖ **આસ્તિક વિકાસનો શું અર્થ છે?**

પ્રભુને પ્રેમ કરવો એ આસ્તિક વિકાસ છે.

❖ **રાગ દ્વેષનો અર્થ શું છે?**

ભુલને ભુલ છે તેમ જાણવા છતાં કરવી એટલે કે એ જાણવા છતાં કે સંસારમાં આપણું કોઇ નથી છતાં પણ કોઇને પોતાના માનવા એ રાગ છે અને જે વાસ્તવમાં પોતાનું છે તેને પોતાનું ન માનવું એ દ્વેષ છે.

❖ **સંકલ્પ કોને કહે છે?**

જે વસ્તુ, વ્યક્તિ, પરિસ્થિતિ અને અવસ્થાથી સંબંધ જોડી દે તેને સંકલ્પ કહે છે.

❖ **અભાવનો શું અર્થ છે?**

કંઇક કરવા ઇચ્છીએ અને ન કરી શકીયે. મેળવવા ઇચ્છીએ અને ન મેળવી શકીએ તેને અભાવ કહે છે.

❖ **જયારે અમે ગૃહસ્થીના કાર્યોમાં લાગેલા હોઇએ છીએ ત્યારે અમારી ચેતના બનેલી રહેતી નથી. કેવો ઉપાય કરીએ કે ચેતના જાગૃત રહે?**

દરેક સમયે ચેતના જાગૃત રાખવા સત્સંગ એક માત્ર ઉપાય છે. પોતે જાણેલા અ-સતનો ત્યાગ કર્યા બાદ નિશ્ચિતતા અને નિર્ભયતા પ્રાપ્ત થવી જોઇએ. જયારે કરવાનો જીવનબુધ્ધિ દ્વારા સ્વીકાર કરી લઇએ છીએ ત્યારે તેના પરિણામ સ્વરૂપે કરવાનું ફળ અને તેના અભિમાનથી મુક્ત થઇ શકતા નથી અને જડતામાં બંધાઇ જઇએ છીએ. સત્સંગથી ''કરવું'', ''હોવા''માં અને હોવું જે ''છે''. તેમાં બદલાઇ જાય છે. બાદ હંમેશા ચેતના બનેલી રહે છે.

❖ **મને માનવ-સેવા-સંઘ બહુ પસંદ છે. હું ઇચ્છું છું કે આ વિચારધારાનો ખુબ મોટા પાયે પ્રચાર પ્રસાર કરવો જોઇએ આ સંબંધમાં હું શું કરી શકું?**

માનવ-સેવા-સંઘની વિચારધારા અનુસાર પોતાનું જીવન બનાવવું જે વાત વ્યક્તિના જીવનમાં આવી જાય છે તે સાર્વત્રિક બની જાય છે. અને તેનો પ્રભાવ આપમેળે બૃહત સમાજ પર પડે છે.

❖ **વ્યર્થ ચિંતન શું છે.**

જેનો, સંબંધ વર્તમાન ક્રિયા સાથેનો હોય તે વ્યર્થ ચિંતન.

❖ **વ્યર્થ ચિંતનનો ત્યાગ કેવી રીતે કરી શકાય?**

વ્યર્થ ચિંતનને વ્યર્થ કરીને જાણવુ તે તેના ત્યાગ માટે થઇ શકે પોતે ન કરવા છતાં એનું ચિંતન થતું હોય તો તેનાથી ભયભીત ન થવું. પરંતુ એ જાણીને કે જેને આપણે નથી કરતાં છતાં પણ થઇ રહ્યું છે તો તેની જવાબદારી આપણી નથી તે થઇ રહ્યું છે. મટવા માટે તે ચિંતનનો ન તો વિરોધ કરવો કે ન તો તેને સહયોગ આપવો. બસ, તેના કર્તા હોવાનું તહોમત આપણે ન લેવું.

❖ **વ્યર્થ ચિંતનના ત્યાગથી વર્તમાનનો સદ્ઉપયોગ કેવી રીતે થશે?**

વ્યર્થ ચિંતનના ત્યાગથી સમસ્ત પ્રાપ્ત શક્તિનો સદ્ઉપયોગ આપમેળે થવા લાગશે. બન્ને એક બીજા પર અવલંબીત છે. વ્યર્થ ચિંતનના ત્યાગથી વર્તમાનનો સદ્ઉપયોગ થવા લાગે છે. તથા વર્તમાનના સદ્ઉપયોગથી વ્યર્થ ચિંતનનો ત્યાગ આપમેળે થવા લાગે છે.

❖ **વર્તમાનના સદ્ઉપયોગથી ભવિષ્ય ઉજ્જવલ કેવી રીતે થાય છે ?**

આ નિર્વિવાદ સત્ય છે કે વર્તમાનના સદ્ઉપયોગથી ભવિષ્ય ઉજ્જવલ થાય. ખરેખર તો વર્તમાનનો સદ્ઉપયોગ વ્યક્તિ, વસ્તુ તથા પરિસ્થિતિના રાગથી મુક્તિ અપાવવા સમર્થ છે. આ રાગોથી મુક્ત થવું એજ ભવિષ્યનું ઉજ્જવલ થવું છે. સ્વાધીન જ ભગવત્ પ્રેમી હોય છે. ઉજ્જવલનો અર્થ ઇચ્છીત વસ્તુ વ્યક્તિ ,પરિસ્થિતિ વગેરેની પ્રાપ્તી નથી. તેજ બંધનનું મુળ છે અને તે પોતાનું કારણ બને છે વિકાસનું નહીં ઉજ્જવલથી દિવ્ય ચિન્મય નિત્ય જીવનનો ભાવ છે. જેમાં માનવ જીવનની કૃતાર્થતા રહેલ છે.

❖ **સર્વે દુ:ખોની નિવૃતિ કેવી રીતે થઇ શકે?**

ઇચ્છાપૂર્તિમાં સુખ અને અપૂર્તિમાં દુ:ખનો અનુભવ થાય છે. આથી ઇચ્છા રહિત હોવાથી દુ:ખની નિવૃતિ થઇ શકે છે. જે વિવેકનો આદર કરવાથી સાધ્ય બને છે.

❖ **માનવ-સેવા-સંઘની શું વિશેષતા છે?**

માનવ-સેવા-સંઘ એ વિશ્વાસ આપે છે કે જે જીવન આજ સુધી કોઇ મહામાનવને જ મળ્યું હોય તે જીવન વર્તમાનમાં મોજુદ છે અને દરેક માણસને સ્વાધીનતાપૂર્વક મળી શકે છે.

❖ **આ જીવનને મેળવવામાં અડચણ શું છે?**

પોતે જાણેલી બુરાઈઓ ન છોડવી એ જ આ જીવનને મેળવવામાં અડચણ રૂપ છે.

❖ **અસમર્થતાનો ઉપાય શું છે?**

પોતાની અસમર્થતાનો અનુભવ કરવો અને પોતાને ભગવાનની શરણમાં છોડી દેવું જ આનો અચૂક ઉપાય છે.

❖ **અહંના નાશ માટેનો શો ઉપાય છે?**

પોતે જાણેલા અસતના સંગનો ત્યાગ કરવાથી અને પોતાને ભગવાનને સમર્પિત કરવાથી અહંનો નાશ થાય છે.

❖ **ભાગ્યનો શો અર્થ છે? જીવનમાં તેનું શું મહત્વ છે?**

કરેલા કર્મોનાં ફળ સ્વરૂપે જે પરિસ્થિતિઓ નિર્માણ થાય છે. તેનું નામ ભાગ્ય છે. સુખદ પરિસ્થિતિમાં ઉદારતા અને દુઃખદ પરિસ્થિતિમાં ત્યાગને અપનાવીને મોજુદ રાગની નિવૃતિ દ્વારા પરિસ્થિતિથી અલગ જીવનમાં પ્રવેશ પામી શકાય.

❖ **ક્રોધ ન આવે તેનો શો ઉપાય છે.**

પોતાના સુખ દુઃખનુ કારણ બીજાને ન માનીને પોતાના અધિકારનો ત્યાગ કરવાથી ક્રોધનો નાશ થઇ જાય છે.

❖ **સંસારની પ્રાપ્તી પણ થતી નથી અને તેનું ચિંતન પણ છુટતું નથી તો શું ઉપાય કરવો?**

સંસાર પ્રાપ્તીની ચેષ્ટાઓને છોડીને તેની સત્તાનો સ્વીકાર કરવાથી તેનું આકર્ષણ અને તેના ચિંતનથી છુટકારો મળી શકશે.

❖ **સમાજમાં બીજાઓને ભુલ કરતાં જોઇને ચિત્ત અશાંત રહે છે.**

**તેની નિવૃતિ માટે શો ઉપાય?**

બીજાના દુ:ખથી દુ:ખી હોવાને કારણે કરૂણરસની અભિવ્યક્તિ થાય છે. અને નિરસતાનો નાશ થાય છે. ત્યારે ચિત્તની અશાંતીનો પ્રશ્ન ઉઠતો નથી. એનો અર્થ એ છે કે કોઇ ભુલ આપણામાં છે અને પોતાનો સીમીત અહં જ હોઇ શકે.

❖ **સાધન સાચી રીતે ચાલી રહ્યું છે, કે નહીં તેનું ચિન્હ શું છે?**

સાધન સાચી રીતે ચાલી રહ્યું છે તેના ચિન્હ જાણવાની જરૂર હોતી નથી, કારણ કે ભોજન બાદ ભુખ મટી કે નહીં એ બીજાને પુછવું પડતુ નથી. સાધન જો ઠીક ચાલી રહ્યું હોય તો જડતા, પરાધીનતા તથા આશક્તિનો નાશ થવો જ જોઇએ.

❖ **મરવાનો ડર કેમ લાગે છે?**

વાસનાઓ રહી ગયેલ હોય અને પ્રાણશક્તિનો નાશ થાય તેનું નામજ મૃત્યું. જો પ્રાણ શક્તિ રહેતાં વાસનાઓ નાશ પામે તો મરવાનો ડર લાગે નહીં.

❖ **રાગદ્વેષ હટતા નથી, કેવળ સ્થાન બદલે છે શું મારી આ માન્યતા સાચી છે?**

તમારી આ માન્યતા સાચી નથી. પોતાના સુખ દુ:ખનું કારણ બીજાને ન માનતાં પોતાના અધિકારોનો ત્યાગ કરીને બીજાના અધિકારોની રક્ષા કરવાથી રાગદ્વેષ હંમેશાને માટે મટી જાય છે.

❖ **પ્રારબ્ધથી આવેલા સુખદુ:ખોથી કેવી રીતે છુટકારો મળી શકે છે ?**

પ્રારબ્ધથી આવેલ સુખમાં ઉદારતા અને દુ:ખમાં ત્યાગ અપનાવવાથી સુખ દુ:ખથી અલગ જીવનમાં પ્રવેશ થઇ જાય છે અને સુખદુ:ખથી હંમેશાને માટે છુટ્ટી મળી જાય છે.

❖ **પ્રેમની પ્રાપ્તી કેવી રીતે થાય?**

જો ભગવાનની પાસે કામના લઇને જશો તો ભગવાન સંસાર બની જશે અને જો સંસારની પાસે નિષ્કામ થઇને જશો તો સંસાર પણ

ભગવાન બની જશે.

આથી ભગવાનની પાસે તેને પ્રેમ કરવા માટે જવું અને સંસારની પાસે સેવા કરવા માટે અને બદલામાં ભગવાન અને સંસાર બન્ને પાસેથી કંઈપણ ન ચાહો તો બન્ને પાસેથી પ્રેમ મળશે. પ્રેમ સીવાય આ જગતમાં બીજી કોઈ સારરૂપ વસ્તુ છે જ નહી.

❖ **ભક્ત હોવાનો અધિકારી કોણ છે?**

જે સાધકને શાંતી અને મુક્તિ પણ ખારી લાગે તે સાધક ભક્ત હોવાનો અધિકારી છે.

❖ **જે સાધક ઇશ્વરને નથી માનતો તેને માટે શું સાધન છે?**

તે સાધકે બુરાઇ રહિત થઇને અચાહ થવું જોઇએ. બુરાઇ રહિત થવાથી વ્યક્તિ ભલો થઇ જાય છે અને જયારે તે ભલાઇના ફળ અને અભિમાન છોડી દે છે ત્યારે મુક્ત થઇ જાય છે.

❖ **માનવ-સેવા-સંઘના દર્શનમાં દર્શાવવામાં આવે છે કે સંસારને ના પસંદ કરવાથી મુક્તિ અને ભક્તિ મળી જાય છે. તેને જીવનમાં કેવી રીતે ઉતારી શકાય?**

સંસારને ના પસંદ કરવાનો અર્થ છે, તેને પોતાની રૂચિપૂર્તિનું સાધન બનાવવું નહીં. પણ તેની સેવા કરવી. પરમાત્માને પસંદ કરવાનો અર્થ તેને પોતાના માનવા અને બદલામાં કંઇ પણ ન ચાહવું. જો ભોજન કરો તો ખવડાવવા વાળાની પ્રસન્નતા માટે, સાંભળો તો બોલવાવાળાની ખુશી માટે બોલો તો સાંભળવાવાળાની ખુશી માટે, અને કરો તો બીજાને રાહત પહોંચાડવા માટે આવી રીતે કરવાથી મુક્તિ અને ભક્તિ મળી શકે છે. એમાં કોઇ પ્રકારનો સંદેહ નથી. જે હાર માનતા નથી તે અવશ્ય વિજયી થાય છે.

❖ **સાધકની મુળ સમસ્યા શું છે?**

તે શાંત બનવા ચાહે છે, પરંતુ વ્યર્થ ચિંતન થતું રહે છે.

❖ **યોગ શું છે?**

ચિત્ત શુધ્ધિ અને શાંત હોવું એજ યોગ છે. બીજાને સહયોગ

આપવાથી અને તેના પ્રતિ સદ્ભાવના રાખવાથી ચિત્ત શુધ્ધ થાય છે. અને બદલામાં કશું જ ન ચાહવાથી શાંત થઇ જાય છે. પરિશ્રમ અને પરાશ્રય ને છોડીને વિશ્રામ અને હરિ આશ્રયને અપનાવવો એ યોગવાન થવાનો અચુક ઉપાય છે. હવે જો કોઇ કહે કે હું તો હરિનો આશ્રય ન લઇ શકું તો તે સ્વનો આશ્રય લઇલે અને નિર્મમ તથા નિષ્કામ થઇને રાગ રહિત થઇ જાય. જો કોઇ કહે કે મને પોતાપણાનો બોધ નથી. તો તે કર્તવ્યમાં તો વિશ્વાસ કરી શકે છે. પોતાના અધિકારનો ત્યાગ અને બીજાના અધિકારની રક્ષાથી પણ રાગની નિવૃતિ થાય છે. રાગની નિવૃતિ થતાં જ યોગની પ્રાપ્તિ આપો આપ થાય છે.

❖ **યોગમાં બાધા શું છે?**

ભોગમાં રૂચિ હોવી એજ યોગમાં મોટામાં મોટી બાધા છે.

❖ **કર્તવ્ય વિજ્ઞાન, અધ્યાત્મ વિજ્ઞાન, અને આસ્તિક વિજ્ઞાનનો સો અર્થ છે?**

વસ્તુ, યોગ્યતા, સામાર્થ દ્વારા સંસારની સેવા કરવી કર્તવ્ય વિજ્ઞાન છે. સેવાનું ફળ અને અહંને છોડવું એ અધ્યાત્મ વિજ્ઞાન છે અને પ્રભુની પ્રસન્નતા માટે કોઇપણ શરત વગર બધી જ રીતે તેના થઇને તેને પ્યાર કરવો તે આસ્તિક વિજ્ઞાન છે. બોલચાલની ભાષામાં જગત આપણી આવશ્કયતા અનુભવ કરે. આ કર્તવ્ય વિજ્ઞાન છે અમારે જગતની આવશ્યકતા ન રહે. આ અધ્યાત્મ વિજ્ઞાન અને અમને પરમાત્મા સારા લાગે આ આસ્તિક વિજ્ઞાન છે.

❖ **જીવનમાં ભગવાન અને વિશ્રામની જરૂરત શું છે?**

કારણ કે ભગવાન સીવાય કોઇ એવો સાથ નથી કે જે સદૈવ આપણી સાથે રહી શકે. એટલા માટે ભગવાનની જરૂરત છે. પરિશ્રમથી જે થાક લાગે છે તે વિશ્રામ કરવાથી દુર થાય છે. એટલા માટે વિશ્રામની જરૂરત છે.

❖ **પ્રાપ્તની પ્રાપ્તિમાં શું રૂકાવટ છે?**

સંસારનું આકર્ષણ જ પ્રાપ્ત ભગવાનની પ્રાપ્તિમાં રૂકાવટ છે.

❖ **સીમિત સાધન વડે અમે બધાની સેવા કેવી રીતે કરી શકીએ?**

મન, વચન અને કર્મથી બુરાઇ રહિત થવું તે વિશ્વની સેવા, બુરાઇ રહિત ભલાઇ કરવાથી સમાજની સેવા, ભલાઇનું ફળ અને અભિમાન છોડવાથી પોતાની સેવા, અને પ્રેમથી પ્રભુની સેવા થાય છે. આ બધી બાબતો કરવામાં માનવ માત્ર સ્વાધીન છે.

❖ **વ્યર્થ ચિંતનનો નાશ કેવી રીતે થાય?**

વ્યર્થ ચિંતનનો નાશ નીરસતાના નાશ થવાથી થાય છે. અને નીરસતાનો નાશ ઉદારતા, સ્વાધીનતા અને પ્રિયતાથી થાય છે. ઉદારતાનો અર્થ છે દરેકને પોતાના માનવા જેવી રીતે એક શરીરની સેવા કરીએ છીએ તેવી રીતે અનેક શરીરની સેવા કરવી. સ્વાધીનતાનો અર્થ છે પોતાની પ્રસન્નતા માટે બીજાની આવશ્યકતાનો અનુભવ ન કરવો અથવા બીજા શરીરોની માફક પોતાના શરીરથી પણ અસંગ રહેવું પ્રિયતાનો અર્થ છે પ્રભુ સાથે કોઈપણ શરત વગર આત્મીય અને નિત્ય સંબંધનો સ્વીકાર કરવો.

❖ **જો ઇશ્વર તરફથી આકર્ષણ થતુ હોય તો તે માનવીને પોતાની તરફ ખેંચી કેમ નથી લેતાં અથવા માનવ સ્વર્ય ખેંચાઇ કેમ નથી જતો?**

ઈશ્વર માનવની સ્વાધીનતા છીનવવા નથી ચાહતા. આથી માનવ જયાં સુધી પોતાનાં તરફથી ઈશ્વરની સન્મુખ નથી થતો ત્યાં સુધી ઈશ્વર તેની પીઠ પાછળ જ રહે છે. વસ્તુઓમાં તે શક્તિ હોતી નથી કે માનવને પોતાની તરફ ખેંચી શકે. માનવ પોતાની ભુલથી જ વસ્તુઓની પાછળ દોડે છે. વસ્તુઓમાં પ્રતિકારની પણ શક્તિ નથી. આથી આમાં આપણી જ ભુલ છે. જેનાથી ઈશ્વરની તરફ આપણો ખેંચાવ થતો નથી...

❖ **નિર્વિકલ્પ કરવા માટે પ્રયત્ન કરવા છતાં પણ મન એક મિનિટ માટે પણ સ્થિર રહી નથી શકતું, જપ કરતી વખતે અન્ય ચિંતન થાય છે, આનો નાશ કેવી રીતે થાય?**

જે દેખાય રહ્યા છે તે લોભામણા અને સોહામણા સંસારના આકષણો ને ના પસંદ કરીને વગર જુએ, વગર જાણ્યે ભગવાન ને કોઈપણ શરત વગર પસંદ કરે : તેનાથી નિર્વિકલ્પતા સાધ્ય છે.

❖ **અહં નું સ્કૂરણ શરીરના કયા અંગમાં થાય છે?**

અહં નું સ્ફૂરણ શરીરના કોઈપણ અંગમાં થતું નથી. મૂળભૂત રીતે 'હું' શરીર માં નથી.

❖ **સ્વામીજી ! વિચારપથ અને શ્રધ્ધાપથ માં કયો પથ સુગમ અને શ્રેષ્ઠ છે ?**

જુઓ ! આ બન્ને સુગમ અને શ્રેષ્ઠ છે. પરંતુ અધિકારી હોવાનો ભેદ છે. જે સાધક સમર્થ છે. તેને માટે વિચારપથ તથા જે અસમર્થ છે તેને માટે શ્રધ્ધાપથ સુગમ અને શ્રેષ્ઠ છે. આમ તો સામર્થ્ય, યોગ્યતા, વિવેક વગેરે બધુ પ્રભુ એ જ આપેલુ છે. પરંતુ જે પ્રભુ એ આપેલુ છે તેનો આદર કરે છે તે વિચારક છે અને જે બધાનો આશ્રય છોડીને એક માત્ર પ્રભુ સરણ સ્વીકારે છે તે શ્રધ્ધાળુ છે.

❖ **પ્યાર કેવી રીતે કરી શકાય ?**

જુઓ તો પ્યારથી, બોલો તો પ્યારથી, સાંભળો પણ પ્યારથી દરેક કાર્ય પ્યારા નું જાણીને પ્યારથી કરો. આજ પ્યાર કરવાનો સુગમ ઉપાય છે.

❖ **વસ્તુઓની પ્રાપ્તિ નો શો ઉપાય છે ?**

પ્રાપ્ત પરિસ્થિતિ ના સદઉપયોગથી વસ્તુઓની પ્રાપ્તિ થાય છે. કામી અને સંગ્રહાખોર થી વસ્તુ ઓ ખૂબજ દુઃખી થાય છે, અને જે તેનો સદુઉપયોગ કરે છે તેની પાસે જવા માટે તે લલચાય છે.

❖ **માનવની શું વિશેષતા છે ?**

તે જોયેલા સુન્દર, સોહામણા જગતને ના પસંદ કરીને સાંભળેલા પ્રભુ પર કોઈ શરત વગર પોતાને ન્યૌછાવર કરી શકે છે.

❖ **સૌથી મોટી બુરાઈ શું છે ?**

પરાધીનતા ને પસંદ કરવી સૌથી મોટી બુરાઈ છે પરાધીન બન્યા વગર કોઈ સુખ ભોગવી શકે નહિ.આથી પરાધીનતા જનિત સુખનો ભોગ સૌથી મોટી બુરાઈ છે, જેનો જન્મ પોતાનું નથી તેને પોતાનું માનીને અને જે પોતાનું છે તેને પાતાનું ન માનવાથી થાય છે.

❖ **બુરાઈ રહિત થવાનો શો ઉપાય છે ?**

ઈશ્વર ના નાતે દરેકને પોતાના માનવા બુરાઈરહિત થવાનો સુગમ ઉપાય છે, કારણકે પોતાના સાથે કોઈ બુરાઈ કરતું નથી.

### ❖ ભય અને દરિદ્રતાનો નાશ કેવી રીતે થાય ?

મમતા છોડવાથી ભય નો અને કામના છોડવાથી દરિદ્રતાનો નાશ થાય છે.

### ❖ અમર જીવન ની પ્રાપ્તિનો સરળ ઉપાય શું છે ?

મરવાથી ડરો નહિ, અને કંઈ ચાહો નહિ, તો મૃત્યૃ પહેલા અમર જીવન મળશે, એમાં કોઈ સંદેહ નથી. આ સંતવાણી પર જો વિશ્વાસ કરી શકો, તો કરો .

જુઓ, જયારે આપણે અસમર્થ હતાં ત્યારે પણ કોઈએ શરીરની રક્ષા કરી હતી. જયારે કંઈક સામર્થ્યવાન થયાં ત્યારે સામર્થ્યના બદલામાં શરીરની રક્ષા થઈ અને વૃધ્ધાવસ્થામાં અસર્મથ હોઈશું, ત્યારે પણ આ શરીરની કોઈક રક્ષા કરશે.

થોડી વાર માટે માની લઈએ કે જો કોઈ આ શરીરની રક્ષા ન કરે અને તેનો નાશ થઈ જાય,તો શું ખાતાં ખાતાં આ શરીરનો નાશ નહી થાય ?

જો વગર ખાધે નાશ થઈ જાય તો, તો વાંધો કંઈ વાતનો ? એટલા માટે જો અમરજીવન ઈચ્છતા હો, તો મરવાથી ડરો નહી, અને કંઈ ચાહો નહિ.

### ❖ સાધના માટે શું કરીએ ?

ઈમાનદારી ની વાત છે અ કંઈ ન કરવું આ પહેલી વાત છે. બીજી વાત છે બુરાઈ ન કરવી. ત્રીજી અ ભલાઈ નું અભિમાન ન રાખવુ. ચોથીઅપોતાનો હક્ક ન માંગવો. પાંચમી અ સ્વાધીન બની જવું. છઠ્ઠી અ ઉદાર અને પ્રેમી બની જવું.

સાચી વાતતો એ છે કે જો તમો કંઈપણ કર્યા વગર રહી શકો તો, તમો દુનિયાના ખુબમોટા માણસ છો. કારણકે કરવાનો આરંભ દેહાભિમાન થી થાય છે.દેહાભિમાન ભૂલથી થાય છે. જો કર્યા વગર રહી

ન શકાતું હોય, તો કમઅસેઅકમ બુરાઈ તો ન કરો તથા જે ન કરી શકતા હો તે ન કરો. બાકી શું રહેશે ? જે કરવું જોઈએ અને જે કરી શકો છો અ તેને પૂરૂ કરો.

જયાં સુધી આપણી સમસ્ત પ્રવૃતિઓ સાધન રૂપ ન બને, ત્યાં સુધી પ્રવૃતિના અંતમાં સહજ રીતે આવતી નિવૃતિ પ્રાપ્ત થતી નથી. સહજ નિવૃતિની ગેરહાજરી માં આધ્યાત્મિક જીવન, ભગવત પ્રાપ્તિ, શાંતી અને મુકિતની વાત અર્થહિન છે. આ વાતો ચાહવા વાળા સાધકને સર્વપ્રથમ સહજ નિવૃતિ આવવી જોઈએ અને તે સાચી પ્રવૃતિથી આવે છે, પ્રવૃતિના ત્યાગથી નહિ.

જો પ્રવૃતિ છોડવાથી નિવૃતિ આવે, તો સુષુપ્તિ અને સમાધિમાં કોઈ ભેદ રહે જ નહિ. તેમાં ખુબ ભેદ છે. સુષુપ્તિમાં કર્મ નું બીજ રહેલું હોય છે, સમાધિમાં હોતું નથી. અહિંયા સહજ સમાધિ થી તાત્પર્ય છે, અભ્યાસ થી પ્રાપ્ત સમાધિથી નહિં.

સહજ સમાધિનો કાર્યના અંતમાં આપ મેળે પ્રાપ્ત થાય છે. તેમાં કર્મનું બીજ જ નથી રહેતું. જયારે કર્મનું બીજ જ રહેતું ન હોય તો તેમાં અલગતા રહી શકે નહિ, જયારે અલગતા રહેતી નથી, તો ભેદ અને ભિન્નતા કેવી રીતે રહે ?

આ દ્રષ્ટિ થી વિચાર કરીયે તો આપણું સમગ્ર જીવન, આપણી દરેક પ્રવુતિ સાધન રૂપ હોવી જોઈએ તે કયારે બને ? કે જયારે આપણે જાણીને એ ન કરવું જોઈએ કે જે ન કરવાનું હોય. જ્ઞાનનો પ્રકાશ મનુષ્યમાત્ર માં સમાનરૂપ થી ઉપસ્થિત છે.

એટલા માટે મહાનુભાવ! તમો ખરેખર તમારા જ્ઞાન પર ભરોસો કરો. જો તમે સાધના કરવા ઈચ્છતા હો, તો નિર્ણય કરો કે હું જ્ઞાનનો અનાદર કયારેય નહી કરું શ્રધ્ધાનો વિકલ્પ કયારેય નહી શોધું, બળનો દુરૂપયોગ કયારેય નહી કરું. આ નિર્ણય કરવાની વાત છે અને આ ત્રણેય વાતો માટે ભગવાને તમોને શકિત આપી છે અને આનાથી જ તમારી ઓળખ "સાધક" તરીકે થાય છે. સાધનાની વાત સાધક ની સામે આવે છે, પ્રાણી ની સામે નથી આવતી.

❖ **કામના પૂરી થતી નથી, ત્યારે દુઃખ થાય છે, અને કામના ઉત્પન્ન થાય છે, ત્યારે પણ દુઃખ થાય છે તો શું કરવું ?**

કામના પૂરી થાય ત્યારે જે થોડું સુખ જણાય છે તે બીજી કામના ને જન્માવે છે અને દશા તેવી જ રહે છે.

એક સત્ય ઘટના અઘણા દિવસો પહેલાં હું ભીક્ષા માંગવા ગયો હતો. જે ઘરમાં ગયો હતો. ત્યાં બધાં લોકો ઘણાં ખુશ હતાં. કુતુહલ એ થયુ કે આજે આ લોકો આટલાં ખુશ કેમ છે ? જયારે પૂછયું ત્યારે તે કોઈ બોલ્યાં જ નહિ પણ હસતાં જ રહ્યા. એક છોકરી એ કહ્યુંઅવાહ સ્વામીજી, તમો ને ખબર નથી ? અમારા કૃષ્ણાભાઈ બી.એ.પાસ થયાછે.હમણાં જ તાર આવ્યો છે. એટલા માટે બધાં લોકો ખુશ છે.હવે મે દરેક ને પૂછવાનું શરૂ કર્યુ કે આ સમયે તમો જે ખુશી અનુભવી રહ્યા છો, તે કાલ સુધી રહેશે? જો આ બી.એ. પાસ થવાની ખુશી છે, તો કાલે બી.એ. નાપાસ થોડા થઈ જશે ? હવે તે લોકો ચૂપ થઈ ગયા . બોલે કેવી રીતે ?મે તેના પછી તરત પૂછયૂં વર્ગ સારો છે કે નહી ? એમ.એ.માં પ્રવેશ મળી શકશે કે નહિ ?નોકરી મળી શકશે કે નહી ? હરીફાઈ માટે તૈયારી કરે, શું કરે ? બધા લોકો ચૂપ થઈ ગયા મે કહ્યું જુઓ, અનેક ઈચ્છાઓ માંથી જયારે એક પૂરી થાય છે તેની ખુશીનું તમે વર્ણન કરી શકતાં નથી તો પછી જેની કોઈ પણ ઈચ્છા નથી તેના આનંદ ની કોઈ સીમા છે ? આનાથી એ બધુ સમજમાં આવે છે કે નિષ્કામ હોવું આવશ્યક છે.

❖ **સ્વામીજી! ઘર ગૃહસ્થમાં 'રહી ને પણ મનુષ્ય ચાહના રહિત થઈ શકે છે ખરો ?**

હાંઅહાં, થઈ શકે છે, સેવા અને કર્તવ્ય વડે કર્તવ્ય પાલન કરો. દુઃખી જનો ની યથાશક્તિ સેવા કરતાં રહો જુઓ, ચાહના રહિત થવાને માટે કાર્ય છોડવાનું નથી. કાર્ય ને પરિવાર, સમાજ, સંસાર અને પરમાત્મા નું માની ને કરો અને કાર્ય સમાપ્ત થયા બાદ શાંત થઈ જાવ.

કામ પોતાને માટે ન કરો, પરીવાર માટે ની સેવા કરો, અને શરીર માટે પરિવારની સેવા કરો. સમાજને હાનિ પહોચાડીને પરિવારનું પાલન ન કરો. પરિવારને દુઃખ આપી ને શરીરને સુખ ન આપો. ગૃહસ્થ માં જ કર્તવ્ય નો પ્રશ્ન છે, વિરક્તમાં નહી. કર્તવ્ય ઈચ્છારહિત થવામાં સહાયક

છે, બાધક નહિ. ઈચ્છારહિત થવું કર્તવ્યમાં સહાયક છે બાધક નહી, ભાવ બદલાવી દો ઈરાદો બદલાવી દો પોતાના સુખ માટે ન કરતાં, બીજીના હિતને માટે કરો. જો બીજાના સુખમાટે મુશ્કેલી પણ આવી, તો પણ આનંદ જ મળશે. આ જીવનનું વિજ્ઞાન છે. એટલા માટે વિવેકી એવું સુખ પસંદ નહી કરે, કે જેમાં બીજાને દુઃખ થતું હોય એ દુઃખને પસંદ કરે છે જેમાં બીજાને સુખ મળે.

❖ **સ્વામીજી! જયારે ગૃહસ્થ માં બધુ જ છે, તો પછી માણસ એ છોડીને જંગલમાં શામાટે જાય છે ?**

જાય છે કમજોરી મટાવવા માટે, શું જંગલ માં જઈને જંગલમાં જ રહી જાય છે ? શું સમાજ માં નથી આવતાં ? આતો જીવન વિભાજન માટે છે.

❖ **સહજ સમાધિનો શું અર્થ છે ?**

સહજ શું ? સમાધિતો સહજ જ હોય છે. અસહજ હોતી જ નથી. ઈન્દ્રિયો વિષયથી વિમુખ બને તો મન નિર્વિકલ્પ થાય. મન ના નિર્વિકલ્પ થવાથી સહજ સમાધિ ઉપલબ્ધ છે. આતો યોગની ચર્ચા છે.

❖ **જીવન માં શાંતી કેવી રીતે આવે ?**

તમારે શાંતી લાવવી હોયતો પોતાના પર ભરોસો કરો, સત્યનો સ્વીકાર કરો, શાંતી આવી જશે.

દ્રઢતાપૂર્વક સત્યનો, સ્વીકાર કરો પોતાનામાં, પ્રભુમાં તથા કર્તવ્યમાં વિશ્વાસ કરો. કઠિનાઈ થી ડરો નહિ, તેનું સ્વાગત કરો સુખઅભોગથી ઉપર ઉઠો.

❖ **મૃત્યૃ નો શું અર્થ છે ?**

જીવન દર્શનથી મનુષ્યઅશરીરના ત્રણ ભાગ હોવાનું સિધ્ધ થયેલું છે. એ છેઅસ્થૂલ, સૂક્ષ્મ અને કારણ સૂક્ષ્મ શરીર ઈચ્છાઓનો સમૂહ છે. જયારે પ્રાણશકિત ખર્ચાઈ જાય છે અને ઈચ્છાશકિત શેષ રહી જાય છે ત્યારની સ્થિતી નું નામ મૃત્યૃ છે. પ્રાણશકિત ના ક્ષીણ થવાને મૃત્યૃ કહે છે. પ્રાણશકિત નું મૂળ વિરાટ છે સૂર્ય .

❖ **સેવા શું છે ?**

સેવા,ત્યાગ અને પ્રેમની ભૂમિ છે. સેવા નો મૂળમંત્ર શું છે જે દરેક ને માટે અનિવાર્ય છે.એક હોય છે પુણ્યકર્મ, એક હોય છે સેવા સેવાના ચાર રૂપ છેઅ(૧) વિશ્વસેવા, (૨) શરીર, પરિવાર, સમાજ સેવા, (૩) પોતાની સેવા, અને (૪) પ્રભુની સેવા.

વિશ્વસેવાઅકોઈને ખરાબ નહિ સમજૂં, કોઈ નું બુરૂ નહી ઈચ્છુ, કોઈની બુરાઈ નહી કરું

આ સેવા દરેક ભાઈઅબહેન કરી શકે છે. મન, વાણી, કર્મથી બુરાઈ રહિત હોવાથી સંસાર આપણને પસંદ કરશે. આપણે બુરાઈ રહિત હોવાથી ભલા થઈ જશું, તો ભલાઈ થવા લાગશે. જયારે તે ભલાઈ થવા લાગે તો તેનું ફળ ના માંગવું. ત્યારે આપ અચાહ થઈ જશો, પોતાના માં સંતુષ્ટ થઈ જશો. તેનો ભોગ ન કરવાથી પ્રભુ પ્રત્યે પ્રેમ, જગત પ્રત્યે ઉદારતા અને પોતાને માટે સ્વાધીનતા પ્રાપ્ત થશે. આ ત્રણેય તત્વો અવિનાશી છે.

જ્ઞાન વિરોધી અને સામર્થ્ય વિરોધી કામ ન કરો. આ ખૂબ મોટી સેવા થશે. અકર્તવ્ય ની ઉત્પતિ ન થાય, ભૂલની ઉત્પતિ ન થાય. સ્કૂલ, દવાખાનાં ખોલવા સેવા નથી. એતો સંગ્રહનું પ્રાયશ્ચિત છે.

❖ **ધ્યાન કેવી રીતે કરવામાં આવે ? ધ્યાન માટે બેસીએ છીયે, પણ મન લાગતું નથી ?**

હું નિવેદન કરું છું કે જયાં સુધી ધ્યાન કરશો ત્યાં સુધી ધ્યાન કયારેય થશે જ નહી. થોડા દિવસો પૂર્વ એક અમેરિકન પાદરી મારી પાસે આશ્રમમાં આવ્યા હતા. તેણે કહ્યુ કે મને ધ્યાન નાં સંબધમાં કાંઈક બતાવશો ? મે કહ્યું અ 'નહિ', કારણકે એ તમારા થી થશે નહી.

વિચાર કરો, તરસ લાગી છે, તો પાણી ના ધ્યાન નું મૂળ કારણ થયું "તરસ" તમને તમારા પરિવાર નું ધ્યાન આવે છે, તેનું મૂળ કારણ છે પોતા પણું. તો જરૂરિયાત અને પોતાપણું ધ્યાનનું મૂળ છે. આંખ બંધ કરીને બેસવું ધ્યાન નું મૂળ નથી. આતો બેસવાતી નહિ; અનુભવ કરવાની વાત છે.

## ❖ સ્વામીજી! શરીરથી વાસ્તવિક સેવા કેવી રીતે થાય ?

શરીરથી આપણો કાલ્પનિક સંબંધ છે. કોઈ ને પણ પ્રેરણા કે આદેશ આપીને પણ શરીર પાસેથી કામ લઈ શકાય છે. ઘણા કામ શરીરથી થાય છે અને આપણે સમજીયે છીયે કે 'હું' કરી રહ્યો છું

કોઈને બુરા ન સમજવા એ બુધ્ધિનું કામ છે. કોઈને બુરા ન સમજવા, કોઈનું બુરૂંન ચાહવું આ કોના દ્વારા થશે ? પોતાના દ્વારા.

જયારે આપણે કોઈનું બુરૂ ઈચ્છીયે નહિ, કોઈને બુરા સમજીયે નહિ, તો શરીર દ્વારા જે ન કરવાનું હોય તે નહીં થાય શરીર દ્વારા જે ન કરવાનું હોય તે એટલામાટે કરી બેસીયે છીએ કે આપણે બીજાને બુરા સમજીયે છીએ, બુરા ઈચ્છીયે છીએ, બુરાઈ કરીયે છીએ હું એવુ માનું છું કે બુરાઈ રહિત હોવું એ સૌથી મોટી સેવા છે. બુરાઈ રહિત હોવું અને શરીરનો ઉપયોગ ભલાઈ માટે કરવોઅએ મારો ધર્મ છે. જે પરિવાર અને સમાજ માં શરીર જન્મ ધારણ કરે છે, તેનું પાલન પોષણ જયાં થાય છે તે પરિવાર, સમાજ અને સંસાર ના અહિત માં શરીરનો ઉપયોગ કરવો નહિ.

વાણીથી કટુ ન બોલોઅસેવા થઈ ગઈ. અહિતકર નહી બોલો, તો હિતકર બોલી શકશો. બિન જરૂરી નહી બોલો, તો જરૂરી બોલી શકશો. બોલવું કહેવું, સમજવું, બધું શરીર દ્વારા જ થશે. પરંતુ આ રીતે શરીરનો ઉપયોગ બીજાના અહિત માં થશે નહિ.

પોતાના સુખ માટે શરીર પાસેથી કામ લેવામાં આવે ત્યારે તેનો ઉપયોગ અહિત માં થશે. અર્થ એ છે કે શરીરનો ઉપયોગ પોતાના સુખભોગમાં કરવાનો નથી. શરીરની સેવા શું છે ? આહારઅવિહારનો સંયમ, સદાચાર અને મર્યાદા પૂર્વક વર્તવું.

કોઈ ચીજ 'હું' હોય છે કોઈ ચીજ "મારી" હોય છે શરીર 'મારું' નથી, "હું" પણ નથી જ્ઞાનથી આ સિધ્ધ થયું પરંતુ શરીરનો ઉપયોગ તમો કરો છો કે નહિ ? તમે શરીરથી અકર્તા બની જાવ, અભોક્તા બની જાવ અસંગ હોવું એ પણ સેવા જ છે. અસંગ હોવાથી શું થશે ? જે ચીજો પર તમો પોંતાનો અધિકાર માનતા હતાં, તેનાથી અધિકાર હટાવી લીધો, તો

તે ચીજો સમાજની થઈ ગઈ અને તમોને નિર્વિકારતા પ્રાપ્ત થઈ.

બુરાઈ રહિત હોવું, ભલાઈ નું ફળ અને અભિમાન છોડવું એ કર્તવ્યક્ષેત્રની વાત છે. તમારે રાગ દ્વેષ રહિત થવું જોઈએ. જેટલા ઝગડા થાય છે તે રાગઅદ્વેષને કારણે થાય છે. જયાં સુધી બીજાને અધિકાર આપતા નથી અને પોતાનો છોડતા નથી ત્યાં સુધી રાગદ્વેષ રહે છે. શરીર કર્તા નથી શરીર કર્મ સામગ્રી છે.

આત્મા શબ્દ સાંભળ્યો છે, પરમાત્મા શબ્દ સાંભળ્યો છે. શરીર ને જોયું છે. આત્મા માં કોઈ પ્રશ્ન નથી અનાત્મા માં પણ કોઈ સમસ્યા નથી. તમો સ્વયં ન આત્મા છો, કે ન અનાત્મા.

### ❖ ઈચ્છાઓની નિવૃતિ કેવીરીતે થાય ?

ઈચ્છાઓની નિવૃતિ કરવી હોય તો પહેલા પોતાની ઈચ્છાઓનું નિરીક્ષણ કરવું જોઈએ. ઉત્પન્ન થયેલી ઈચ્છાઓ પૈકી એવી ઈચ્છા ઓ કે જેનો સંબંધ (૧) વર્તમાન સાર્થ હોય, (૨) જેને કર્યા વગર આપણે કોઈપણ પ્રકારે રહી શકીયે નહિ, (૩) જેની પૂર્તિના સાધન પ્રાપ્ત હોય, અને (૪) જેનાથી કોઈનું અહિત ન હોય, એ ઈચ્છાઓની પૂર્તિ કરી લેવી જોઈએ પરંતુ ધ્યાન રાખવું કે અ તેની પૂર્તિ નું સુખ આપણું ઈચ્છીત હોવું જોઈએ નહિ. સુખ લેતા રહેશો તો પુનઃ ઈચ્છાઓ ઉત્પન્ન થશે અને આ ચ્રક ચાલતું જ રહેશે. જે ઈચ્છાઓ ઉપરોક્ત બાબત સાથે સુસંગત ન હોય, તેનો વિચારપૂર્વક ત્યાગ કરવો.

### ❖ સાધુ એટલે શું ?

સાધુ સંસારની બહાર તો ચાલ્યા જતા નથી. પરંતું સંસારથી સંબંધ અવશ્ય તોડી નાખે છે. શરીરને ગંગામાં ફેકી દેતા નથી. પરંતુ શરીરથી સંબંધ અવશ્ય તોડી નાખે છે પછી તે ઘરમાં રહીને કે વનમાં રહીને સાધુ એ જે કોઈ ને હાનિ ન પહોંચાડે, જે પ્રભુને પસંદ કરે. માનવ સેવા સંઘે તેમને પ્રકાશ દીધો છે અ હે માનવ! કોઈને પણ હાનિ પહોંચાડો નહી, કોઈને પણ ખરાબ ન સમજવું અને યથાશકિત જે પરિવાર માં, જે સમાજ માં રહો છો, તેને ઉપયોગી બનો તો સાધુ એટલે સાધક,

— કારણ કે —

૧) આપણે સંસારની સેવા કરવી છે.

૨) આપણે પ્રભુનાં પ્રેમી થવું છે.

૩) આપણે ઈચ્છારહિત થવું છે.

❖ **સ્વામીજી ! સંયમી કોણ છે ?**

જે સાંભળવા વાળાની ખુશી માટે બોલે છે, જે મળવા વાળા ની ખુશી માટે મળે છે,જે ખવડાવવા વાળાની ખુશી માટે ખાય છે, જેની આંખો રૂપની સાર્થકતા ને માટે જુએ છે, જેના કાન શબ્દની સાર્થકતા માટે સાંભળે છે, અને જેનું નાક ગંધ ની સાર્થકતા માટે સૂંઘે છે. દરેક ક્રિયાઓ આ પ્રકારે થાય તો કર્તા પર ક્રિયાઓ નો કંઈ પણ પ્રભાવ પડતો નથી. ધારણા, ધ્યાન, સમાધિ આપમેળે થઈ જાય છે. આ જ સંયમ છે

❖ **જીવન કોને કહે છે અને તેની પ્રાપ્તિ નો ઉપાય શું છે ?**

જીવન તેને કહે છે જેમાં અભાવ ન હોય,પરાધીનતા ન હોય, અને નિરસતા ન હોય, જેમાં ચેતના હોય અને જે પ્રેમથી ભરપૂર હોય. આવું જીવન વિશ્રામ દ્વારા વર્તમાન માં જ મળી શકે છે.

❖ **મન ને વશમાં કરવાનો શો ઉપાય છે ?**

(૧) મન પરથી પોતાની મમતા નો બોજ હટાવી લો. (૨) પોતાની પસંદગી બદલાવી નાખો. જયાં મન લગાડવા ઈચ્છતા હો, તેને પસંદ કરી લો અને જયાંથી મન હટાવવા ઈચ્છાતા હો, તેને ના પસંદ કરો (૩) જરૂરીકામ ને પૂરૂ કરો અને બીનજરૂરી કામ છોડી દો.(૪) જે ન કરવું જોઈએ અને જે ન કરી શકો તેવા કામ ન કરો અને જેને કરવું જોઈએ અને જે કરી શકો, તે કામ કરી નાખવું જોઈએ.(૫) કેવલ પ્રભુને જ પોતાના માનો. (૬) પોતાની સૌથી મોટી આવશ્યકતાનો અનુભવ કરો મન, શાંત તથા શુધ્ધ થઈ જશે અને તમારા વશમાં થઈ જશે.

❖ **અસંગતા કોને કહે છે અને તેની પ્રાપ્તિ માટે શું ઉપાય છે ?**

અસંગતાનો અર્થ છે અ જગતથી પોતાને અલગ અનુભવવો જ

જગત નો દ્રષ્ટા છે, તે જગત ન હોય શકે, સેવા વડે સ્થૂળ શરીરથી, ઈચ્છા રહિત થતાં સૂક્ષ્મ શરીરથી અને અપ્રયત્ન થતાં કારણ શરીરથી અસંગતા પ્રાપ્ત થાય છે. ત્રણેય શરીરો થી અસંગતા પ્રાપ્ત થતાં જ યોગ સિધ્ધ થાય છે, જે બોધ અને પ્રેમથી ઓતપ્રોત છે.

❖ **"કામ" નો શું અર્થ છે ? અને તેના નાશનો ઉપાય શો છે ?**

વસ્તુ, વ્યકિત, પરિસ્થિતિ અને અવસ્થા પ્રત્યેના આકર્ષણને કામ કહે છે, એટલે કે જે "નથી" તેના આકર્ષણનું નામ જ કામ છે.

"નથી" ના અસ્તિત્વ નો અસ્વીકાર કરવાથી અને "છે" એટલે કે પ્રભુના અસ્તિત્વનો સ્વીકાર કરવાથી 'કામ' નો નાશ થઈ જાય છે. અને રામ મળી જાય છે.

❖ **સાધન કોને કહે છે ?**

જે સાધ્ય થી દૂરી, ભેદ અને ભિન્નતા મટાવી દે, તેને સાધન કહે છે. ઉદારતા, અસંગતા, પ્રિયતા સાધન ના અર્થમાં આવે છે. હર સમયે પ્યારા પ્રભુની યાદ બની રહે , એજ ભકિત પથ ની સાધના છે હર સમયે પોતાના સ્વરૂપની યાદ બની રહે, તે મુકિતઅપથની સાધના છે. હર સમયે પોતાના કર્તવ્ય ની યાદ બની રહે, તે કર્તવ્યઅપથની સાધના છે.

❖ **સત્સંગ શું છે ?**

જીવનના સત્ય નો સ્વીકાર કરવો એ સત્સંગ છે. બુરાઈ રહિત હોવું, અચાહ હોવું અને પ્રેમી હોવુ સત્સંગ છે. બુરાઈ રહિત થવાનો ઉપાય કોઈઅનેઅકોઈ નાતે બધાને પોતાના માનવા અચાહ હોવાનો અર્થ છે અ પોતાનો કોઈ સંકલ્પ ન રહે અને પ્રેમી હોવાનો અર્થ છે અ કેવળ પ્રભુથી જ નિત્ય અને આત્મીય સંબંધ નો સ્વીકાર કરવો. આ ત્રણેય બાબત કરવામાં માનવમાત્ર સ્વાધીન છે અને તે વર્તમાન માં કરી શકે છે.

બધા ને પોતાના માનવાથી નિર્વિકારતા, કોઈને પણ પોતાના ન માનવાથી નિઃસંદેહતા અને સર્વ સમર્થ પ્રભુ ને પોતાના માનવાથી નિર્ભયતા ની અભિવ્યકિત થાય છે. નિર્વિકારતાથી જીવન જગત માટે, નિઃસંદેહતાથી પોતાના માટે અને નિર્ભયતાથી જીવન પ્રભુને માટે ઉપયોગી થાય છે. આ

જીવનની પૂર્ણતા.

❖ **'રસ' કોને કહે છે અને તે કેટલા પ્રકારનો હોય છે ?**

સારું લાગવું રસ નું સૂચક છે. રસ ના ચાર પ્રકાર હોય છે.

(૧) ભોગ નો રસ અ આ રસ માનવને પરાધીનતા અને જડતા માં આબદ્ધ કરે છે. અને રસમાં ઉતરોતર ઘટાડો થતો જાય છે.

(૨) શાંતિનો રસ – આ રસ સામર્થ્ય નું પ્રતીક છે.

(૩) સ્વાધીનતા નો રસ – આ રસ અખંડ હોય છે અને એક સરખો રહે છે. આ રસ વધતો નથી.

(૪) પ્રેમનો રસ – આ રસ અખંડ અને અનંત હોય છે અને તે ઉતરોતર વધતો જ રહે છે અને તે નિત્ય નવો થતો રહે છે.

❖ **'હું' નું સ્વરૂપ શું છે ?**

ઉદારતા, સ્વાધીનતા અને પ્રેમ જ 'હું' નું સ્વરૂપ છે. ઉદારતાથી માનવ જગત માટે અને પ્રેમથી પ્રભુ માટે ઉપયોગી થાય છે. તે પોતાના માટે જગત થી કંઈ નથી ચાહતો કે નથી ચાહતો પ્રભુ પાસેથી આમ ચાહરહિત થઈને માનવ પોતાના માટે ઉપયોગી બને છે.

❖ **ભૌતિકવાદી ને વિશ્વપ્રેમ શા માટે મળ્યો નહિ ?**

કારણકે તેમણે બધાને પોતાના માન્યા નહિ

❖ **ઈશ્વરવાદી ને ઈશ્વર-પ્રેમ શા માટે મળ્યો નહિ ?**

કારણ કે તેમણે ઈશ્વરને જ પોતાના માન્યા નહિ.

❖ **અધ્યાત્મવાદી ને પોતાનો પ્રેમ કેમ મળ્યો નહિ ?**

❖❖ કારણ કે તેમણે મમતા અને કામના છોડી નહી.

❖ સાચી ભૌતિકતા શું છે ?

❖❖ આપણે સંસાર માટે એટલા ઉપયોગી બની જઈએ કે સંસાર આપણી આવશ્યકતા અનુભવવા લાગે અને આપણને સંસારની જરૂરત ન રહે. સાચી ભૌતિકતા આવવાથી આધ્યાત્મિક જીવનની સામર્થ્યતા આપો આપ આવી જાય છે અને આધ્યાત્મિક જીવન ની પૂર્ણતા માં

આસ્તિક જીવન ની સામથ્યર્તા આવી જાય છે અને પછી જીવનપ્રેમથી પરિપૂર્ણ બની જાય છે, જે માનવ જીવન નું વાસ્તવિક લક્ષ્ય છે.

❖ **ધ્યાનમાં સ્વાભાવિકતા કેમ નથી આવતી ?**

આપણે ધ્યાન કરીયે છીએ, એટલામાટે ધ્યાનમાં સ્વાભાવિકતા આવતી નથી. જો સત્સંગ કરવામાં આવે, તો ધ્યાન સ્વાભાવિક થશે.

ભગવાન ને આસ્થા, શ્રધ્ધા, વિશ્વાસના આધારે પોતાના માનો પોતાને પોતાના અવશ્ય પ્યારા લાગશે તેની યાદ ભુલાવવાથી પણ ન ભુલી શકાય જ્ઞાનપૂર્વક અનુભવ કરો કે આપણી પાસે આપણું કહેવાય તેવું કંઈ જ નથી. ત્યારે પોતાના માં પોતાની પ્રિયતા ની અભિવ્યકિત થશે અને ધ્યાન આપો આપ થવા લાગશે

❖ **ભૌતિક ઉન્નતિ અને આધ્યાત્મિક ઉન્નતિનો શું અર્થ છે ?**

સંસાર આપણી આવશ્યકતા અનુભવે – આ ભૌતિક ઉન્નતિ છે, અને આપણે સંસારની આવશ્યકતા ન રહે તે આધ્યાત્મિક ઉન્નતિ છે.

❖ **આસ્તિક ઉન્નતિનો શું અર્થ છે ?**

આપણે ઈશ્વરના કામમાં આવી જઈએ અને બદલા માં પોતાના માટે ઈશ્વર પાસેથી કંઈપણ ન ઈચ્છીએ.

❖ **પૂર્ણ વિકાસનો શો અર્થ છે ?**

આપણે સંસાર અને પરમાત્મા ના કામમાં આવીએ અને બદલામાં બંન્ને પાસેથી કંઈ ન ઈચ્છીએ.

❖ **અવિનાશી જીવન ની લાલસા કેવી રીતે જાગે ?**

વિનાશી જીવનની વાસ્તવિકતા નો બોધ થવાથી અવિનાશી જીવનની લાલસા આપમેળે જાગશે.

❖ **નીરસતાનો નાશ કેવી રીતે થાય ?**

આવશ્યક કાર્ય તમામ સામર્થ્ય, યોગ્યતા અને ઈમાનદારી થી પૂરા કરવા અને અનાવશ્યક કાર્યો નો ત્યાગ કરવો. દરેક કાર્યના આદિ અને

અંતમાં આપો આપ આવવાવાળી શાંતિને સુરક્ષિત રાખો શાંતિ થી નીરસતાના નો નાશ થાય છે. આવું કરવાથી ઉદારતા,શાન્તિ, સ્વાધીનતા અને પ્રિયતાની અભિવ્યકિત થાય છે, જે સ્વભાવથી રસરૂપ છે.

❖ **સુખ અને રસમાં શું અંતર છે ?**

સુખ હંમેશા ઓછું થતું જાય છે. અને રસ ઉતરોતર વધતો જાય છે.

❖ **લોભ અને મોહનો નાશ કેવી રીતે થાય ?**

જે મળેલું છે તેને પોતાનું નથી, અને પોતાના માટે નથી, એવું માનવાથી લોભ અને મોહ નો નાશ થાય છે. મોહનો નાશ થવાથી ભયનો નાશ થાય છે. અને લોભનો નાશ થવાથી દરિદ્રતા નો નાશ થાય છે.

❖ **મળેલું છે તે પોતાનું ન માનવુ તેનો અર્થ શું છે ?**

મળેલું છે તેના દ્વારા સુખ ભોગવવાની આશા ન રાખવી પરંતુ તેના દ્વારા બીજાની સેવા કરવી.

❖ **અસંગતા નું વાસ્તવિક સ્વરૂપ શું છે ?**

કર્તવ્ય પાલન ના ફળ અને અભિમાન ને છોડવું અને બુધ્ધિની સમતાની શાંતિ માંજ રહ્યા ન કરવું એ અસંગતા નું વાસ્તવિક સ્વરૂપ છે.

❖ **સ્તુતિ, ઉપાસના અને પ્રાર્થના નો શો અર્થ છે ?**

પ્રભુના અસ્તિત્વ અને મહત્વનો સ્વીકાર કરવો એ સ્તુતિ છે. પ્રભુ સાથે પોતાપણા નો સ્વીકાર કરવો ઉપાસના છે.પ્રભુ પ્રેમની આવશ્યકતાનો અનુભવ કરવો એ પ્રાર્થના છે.

❖ **ભગવત પ્રાપ્તિ નો સુગમ ઉપાય શું છે ?**

ભગવાનને પસંદ કરવા એ જ ભગવત્ પ્રાપ્તિનો સુગમ ઉપાય છે. સર્વ સંબંધો ને એક સંબંધ માં સર્વ વિશ્વાસમાં અને સર્વ ઈચ્છાઓ ને એક 'આવશ્યકતા' માં વિલીન કરી દેવું એજ ભગવાનને પસંદ કરવાનો અર્થ છે.

❖ **હું જેના પ્રત્યે ઉદારતા દેખાડું છું તે સ્વભાવ થી જ બીજા પ્રત્યે ઉદાર નથી હોતા, તો મારી અંદર ઉદારતા ઘટવા લાગે છે. શો**

**ઉપાય કરવાથી મારી ઉદારતા માં ઘટાડો ન આવે ?**

ઉદારતા દેખાડી ન શકાય, એતો માનવનો સ્વભાવ છે જેની અભિવ્યકિત સત્સંગ દ્વારા થાય છે. જો કોઈ–ને–કોઈ નાતે સર્વે ને પોતાના માની લઈએ, તો ઉદારતામાં ઘટાડો થશે નહિ.

❖ **માનવ–સેવા–સંઘ ના અનુસાર સાધન, ભજનનો અર્થ બતાવવાની**

કૃપા કરશો ?

માનવ–સેવા–સંઘના અનુસાર સાધન, ભજન સત્સંગનું ફળ છે. માનવ નો પુરૂસાર્થ કેવળ સત્સંગ કરવામાં છે. સત્સંગનો અર્થ છે – પોતે જાણેલાં સત્યનો સ્વીકાર કરવો, જ્ઞાન ના આધાર પર અકિંચન અને અચાહ થઈને અપ્રયત્ન બનવું એ સત્સંગ છે. આસ્થાના આધાર પર સાંભળેલા પ્રભુ ના અસ્તિત્વ, મહત્વ અને પોતાપણું સ્વીકારવું અને નિર્ભય થઈ જવું તે સત્સંગ છે. જ્ઞાનના આધાર પર કરેલા સત્સંગ નું ફળ સાધન છે અને આસ્થાના આધાર પર કરેલા સતસંગનું ફળ ભજન છે.

❖ **દેહ સાથે નું તાદાત્મય કેવી રીતે તૂટે ?**

(૧) 'હું' શરીર નથી અથવા શરીર મારું નથી, જ્ઞાન પૂર્વક એ અનુભવ કરવાથી દેહ સાથે ના તાદાત્મય નો નાશ થશે. (૨) સેવા કરવાથી સ્થૂળ શરીરથી, ઈચ્છારહિત હોવાથી સૂક્ષ્મશરીરથી અને અપ્રયત્ન હોવાથી કારણ શરીરથી અસંગતા પ્રાપ્ત થાય છે. ત્રણેય શરીરોથી અસંગતા પ્રાપ્ત થતાં જ દેહ સાથે તાદાત્મય નો નાશ થશે.

❖ **મનની ચંચલતાને કેવી રીતે રોકી શકાય ?**

માનવ–સેવા–સંઘના દર્શન અનુસાર મનની કોઈ સ્વતંત્ર સતા નથી પોતાની પસંદ ના પ્રભાવનો સમૂહ એટલે જ મન છે જે ચીજ ને આપણે પસંદ કરીયે છીયે, તેમાં મન લાગી જાય છે. અને જેને નાપસંદ કરીયે છીયે, ત્યાંથી મન હટી જાય છે. (૧) આથી મન ને જયાં લગાડવા ચાહો છો, તેને પસંદ કરીલો અને જયાંથી હટાવવા ચાહો છો, તેને ના પસંદ કરી લો, મનની ચંચલતાનો ભાસ ત્યારે થાય છે, જયારે આપણે સંસારને પસંદ કરીને મનને ભગવાનમાં લગાડવા માગીએ છીએ. (૨)

બીજો ઉપાય એ છે કે મન પરથી પોતાની મમતાનો ભાર હટાવી ને તેને ભગવાન ને હવાલે કરી દો.ભગવાન તેને શુધ્ધ, સ્વસ્થ અને શાંત કરી દેશે ફળ સ્વરૂપે મન ની ચંચલતા સમાપ્ત થઈ જશે. (૩) મન તો એક દર્પણ છે જે વસ્તુસ્થિતિ નો બોધ કરાવે છે. મનને બુરૂન સમજવું,ન તો તેની નિંદા કરવી, પરંતુ વિવેકના પ્રકાશ માં પોતાની વસ્તુસ્થિતિ નું અધ્યપન કરવું અને પોતાનામાં જે ખામી ઓ જણાય, તેને સત્સંગ ના પ્રકાશમાં દૂર કરવાનો ઉપાય કરવો આનાથી પણ મન ની ચંચલતા દૂર થાય છે.

(૪) જે ન કરી શકતા હો અને ન કરવું જોઈએ તેને ન કરવાથી તથા જે કરવું જોઈએ અને કરી શકતા હો તેને કરી નાખવાથી મન શાંત થઈ જાય છે.

**❖ નજદીક ના જન સમાજની યથાશકિત ક્રિયાત્મક સેવા કરવાનો અર્થ શું છે ?**

સેવા બે પ્રકારે થાય છે – એક ક્રિયાત્મક અને બીજી ભાવાત્મક. ભાવાત્મક સેવા અસીમ હોય છે અને પોતાની શકિત ને અનુસાર જે વ્યકિતઓ સાથે પોતાનો માની લીધેલો સંબંધ છે, તેની ક્રિયાત્મક સેવા કરી શકાય છે. આથી જે સમાજ આપણી નજીક છે, યથાશકિત તેની ક્રિયાત્મક સેવા કરવાની વાત કહેવામાં આવી છે. સૌથી વધારે નિકટ આપણું શરીર છે, તેના પછી પરિવાર ના સભ્યો, અન્ય સંબંધી, પાડોશી વગેરે આવે છે.

**❖ સાધક અને સાધન વચ્ચે શું સંબંધ છે**

સાધક પોતાના લક્ષ્ય સુધી પહોચવા માટે જે ઉપાય અપનાવે છે તેનુ નામ સાધન છે, જયાં સુધી લક્ષ્ય પુરૂ થતું નથી, ત્યાં સુધી સાધનની જરૂરત રહે છે. લક્ષ્ય પૂર્તિ થયા બાદ સાધક અને સાધનમાં એકતા થઈ જાય છે.

**❖ સંકલ્પ - વિકલ્પ થી છૂટકારો કેવી રીતે મળે ?**

જ્ઞાન પૂર્વક એ વાસ્તવિકતાનો અનુભવ કરો કે કોઈનાપણ દરેક સંકલ્પ પૂરાં થતાં નથી અને કોઈક સંકલ્પ દરેકના પૂરા થાય છે. સંકલ્પ

પૂર્તિ થયાં બાદ સંકલ્પ અપૂર્તિ જ શેષ રહે છે. આથી સંકલ્પ પૂર્તિ જીવન નથી. સંકલ્પ પૂર્તિના સુખનો ભોગ ન કરવાથી નવીન સંકલ્પ ની ઉત્પતિ થતી નથી અને આવશ્યક સંકલ્પ આપો આપ પુરા થઈને મટી જાય છે.

❖ **અમે ઈશ્વરના હોવાપણાના આનંદનો અનુભવ કેમ નથી કરી શકતાં?**

કારણકે આપણે ઈશ્વર ને સાધ્ય ન માનતાં સાધન માનેલ છે. આપણે ઈચ્છીયે છીયે કે ઈશ્વર આપણી સુખ, સુવિધા, સન્માન ને સુરક્ષિત રાખે આથી ઈશ્વરીય આનંદ નો અનુભવ કરવા માટે ઈશ્વરને સાધન ન માનતાં સાધ્ય માનવું અને તેની આવશ્યકતા નો અનુભવ કરવો.

❖ **વર્તમાનનો સૌથી સારો સદઉપયોગ કયો છે ?**

(૧) સત્સંગને સુરક્ષિત રાખવો એ વર્તમાનનો સૌથી સારો સદઉપયોગ છે. દરેક કાર્યના આદિ અને અંતમાં સ્વભાવથી જ સતનો સંગ થાય છે. તેને પસંદ કરવો, તેની આવશ્યકતાનો અનુભવ કરવો અને તેને સુરક્ષિત રાખવો (૨) ઉદારતા, સ્વાધિનતા, શાંતિ અને પ્રિયતા સત્સંગનું ફળ છે. ઉદારતાથી માનવ સંસાર માટે, શાંતિ અને સ્વાધિનતાથી પોતાના માટે અને પ્રેમ થી પ્રભુ ને માટે ઉપયોગી સિધ્ધ થાય છે. આ પ્રકારે માનવ જીવન દરેક માટે ઉપયોગી સિધ્ધ બની જાય, એ વર્તમાનનો સૌથી સારો સદઉપયોગ છે.

❖ **હું દરરોજ બે કલાક પરંપરાગત રીતે પૂજા કરું છું ઘરના લોકો તેનો વિરોધ કરે છે. તથા તેમાં અવરોધ ઉભા કરે છે તો શું કરવું ?**

પૂજાનો વાસ્તવિક અર્થ છે – ભગવાન ને નાતે અને તેની પ્રસન્નતા માટે સંસારની સેવા કરવી. જે સમયે ઘરના લોકો તમારી પાસેથી કોઈ કામની અપેક્ષા રાખતા હોય અને તે સમયે તમે પૂજામાં બેસી જતા હો, તો તેનો વિરોધ કરવો યોગ્ય જ છે. આથી પૂજાનો વાસ્તવિક અર્થ સમજીને ઘર વાળાની નિષ્કામ ભાવથી સેવા કરવી. જો વિધિવત પૂજા કરવાનો રાગ હોય જ તો તેનો સમય જરૂરી કાર્ય પહેલા અથવા પછી રાખી શકો.

❖ **મમતા શું છે ? તેનાથી છૂટકારો કેવી રીતે મળી શકે ?**

મમતા સુખલેવાનો માત્ર એક ઉપાય છે. જેનાથી જેટલું વધારે સુખ ભોગવશો, તેનાથી મમતા તોડવી એટલી જ કઠિન થશે. પોતાનું માનવું એજ મમતા છે. પોતાનું ન માનવાનો નિર્ણય કરી લીધા બાદ કંઈ કરવાનું બાકી રહેતું નથી.

એક ખૂબ રોચક વાત કરું શરીરને આપણે પોતાનું માનીયે છીયે અને તેને બહુ જ મહત્વ આપીયે છીએ. એટલા માટે સંસાર તેને મહત્વ નથી આપતો એક મિલકતના બે માલિક ન હોઈ શકે. જે વસ્તુ પ્રભુની થઈ જાય છે, તેની વ્યવસ્થા આપો આપ થાય છે.

એ નિર્ણય કરો કે કોઈપણ વસ્તુ આપણી છે જ નહિ. અથવા પ્રભુ આપણા છે.બસ કામ થયા કરશે બને માંથી એક અવશ્ય કરવું એજ પૂરૂષાર્થ છે. સત્સંગ પુરૂષાર્થ છે. સત્સંગ પુરૂષાર્થની પરાવધિ છે.

પ્રાપ્ત છે તેમાં મમતા નહિ. પ્રાપ્તિનો દુરૂઉપયોગ નહિ અને અપ્રાપ્તની કામના નહિ. બસ, કર્તવ્ય પરાપણતા, અસંગતા અને સ્થિરતા આવી જશે.વિચારની દ્રષ્ટિએ વસ્તુ મારી નથી. કર્મની દ્રષ્ટિએ વસ્તુનો દુરૂપયોગ ન કરવો અને ભાવની દ્રષ્ટિ એ સઘળું પ્રભુ નું છે.

❖ **સ્વામીજી!પુસ્તકોની નીચે આપ તમારું નામ કેમ નથી લખાવતા ?**

❖❖ સર્વે શકિતઓ દ્વારા જે સત્યની ખોજ થઈ છે તેને છોડીને મારું નામ લખાવું ?

❖ **મહારાજ જી ! સત્યની પ્રાપ્તિમાં કેટલો સમય લાગે છે ?**

જેની જેટલી તીવ્ર આવશ્યકતા હોય છે તેને તેટલો જ ઓછો સમય લાગે છે. જયારે તમે ભગવાન વગર સુખેથી રહી ન શકો, તે સમયે ભગવાન મળી જશે.

❖ **સ્વામી જી! પ્રણવના ઉચ્ચારણથી શું લાભ થાય છે ?**

ઈન્દ્રિઓ મનમાં વિલીન થાય છે, મન ની શકિત,બુધ્ધિમાં, બુધ્ધિ અહમ્ માં અને અહમ્ અનંતમાં વિલીન થાય છે.

❖ **સ્વામીજી ! મનમાં ખુબ જ વિકાર પેદા થતા રહે છે, શું**

**કરું ?**

વિકાર પેદા થતા નથી, પરંતુ વિકારો ની સ્મૃતિ ઉત્પન્ન થતી હોય છે. તેનું સમર્થન ન કરો.

❖ **મારી પરિસ્થિતિ તમારાથી છૂપી નથી,મારા હિતની વાત બતાવશો ?**

વિવેક પૂર્વક પરિસ્થિતિના સદ્દુપયોગ માં જ માનવનું હિત સમાયેલું છે. જે કોઈ જેવી પરિસ્થિતિ માં છે, તે તેના સદઉપયોગથી માનવતા પ્રાપ્ત કરી શકે છે.

❖ **સદ્ઉપયોગ કેવી રીતે કરવો જોઈએ ?**

પોતાને અધિકારની લાલસા થી રહિત કરીને બીજાના અધિકારોની રક્ષા કરવી જોઈએ.

❖ **અધિકાર ત્યાગ નું ફળ શું હોઈ શકે ?**

અધિકારના ત્યાગ થી નવીન બંધન થતાં નથી અને બીજાને અધિકાર આપી દેવાથી હયાત બંધન કપાઈ જાય છે.

❖ **બંધન શું છે અને કેવી રીતે તૂટે ?**

લેવું અને દેવું એજ બંધન છે. લેવાનું બંધ કરીને દેવાનું આપીયે તો બંધન જેવી કોઈ ચીજ રહેતી જ નથી.

❖ **લેવામાં શું બુરાઈ છે ?**

લેવા ની રુચિ જ નવીન રાગ જન્માવે, જે પુરી ન થવાથી ક્ષોભિત અને ક્રોધિત કરી દે છે. ક્ષોભિત અને ક્રોધિત થવાથી કર્તવ્યની પોતાના સ્વરૂપની અને પ્રભુની વિસ્મૃતિ થઈ જાય છે.

❖ **પ્રભુની વિસ્મૃતિ શા માટે થાય છે અને કેવી રીતે મટાવી શકાય ?**

પ્રભુની વિસ્મૃતિ મટાવવી હોયતો આશકિત ઓ મટાવવી પડે. આશકિત બધા જ દોષો અને વિકારો નું મૂળ છે.

❖ **કયું કાર્ય ન કરવું જોઈએ ?**

જે કાર્ય વિવેક વિરોધી હોય અને જેને પુરૂ કરવાનું સામર્થ્ય ન હોય, તેવું કાર્ય ન કરવું જોઈએ.

❖ **જો કોઈ વિવેક વિરોધી કાર્ય કરવા માટે દબાણ કરે તો શું કરવું જોઈએ?**

ન્યાયપૂર્વક ઈન્કાર કરીને વિનમ્રતા પૂર્વક ક્ષમા માંગી લેવી જોઈએ. ક્ષમા માંગવી એટલે પોતાની વિવશતા પ્રગટ કરવાની છે, જેમાં સામે વાળા નું અપમાન પણ ન થાય અને ન કરવા વાળી વાત પણ ન કહેવી પડે.

❖ **તમો એ અસતના સંગનો ત્યાગ કરવાથી સત્સંગ ની પ્રાપ્તિ બતાવી અને કર્તવ્ય પાલનની વાત કરો છો, પરંતુ અમારો કયો દોષ છે કે જેનાથી અમે એવું કરી શકતાં નથી ?**

પોતાનો દોષોને જાણવા માટે જયારે તમો રાત્રે વિશ્રામ કરવા જાવ, ત્યારે વિચારવું કે આજે એવું કામતો નથી કર્યુ, ને કે જેમાં વિવેકનો વિરોધ થયો હોય. અથવા કોઈનો અનાદર થયો હોય ? આમાં પોતાની ભૂલની ખબર પડશે. પછી જે ભૂલ થઈ હોય, તેને ફરીથી ન કરવાનું વ્રત લેવું જોઈએ તથા એ પણ નિર્ણય કરવો જોઈએ કે મારી પ્રત્યેક કોશિશ લોકહિત માટે હશે અર્થાત હું ન તો કોઈ ને બુરો સમજીશ, નતો કોઈ નું બુરૂ વિચારીશ અને ન તો કોઈની સાથે બુરાઈ કરીશ.

❖ **પોતાને સર્વહિતકારી માનવાથી શું અમને અભિમાન નહિં થાય ?**

દરેક રીતે સર્વ હિતકારી સિધ્ધ થવાથી સર્વાશ રીતે નિર્દોષતા આવી જાય છે, જેમાં અભિમાન ની ગંધ પણ હોતી નથી.

❖ **નિર્દોષતા આવી ગઈ, કેવી રીતે ખબર પડે ?**

જો નિદોષતા, ઈચ્છતા હો, તો નિર્વિકલ્પ બની જાવ. જેવી રીતે બીજ વાવીને ખેડૂત વારંવાર ખોદીને જોતો નથી, તેવી રીતે આપણે નિશ્ચિંત રહેવું જોઈએ કે બુરાઈ છોડવાથી અમે અવશ્ય નિર્દોષ થઈ જશું.

❖ **કોઈનું બુરૂ ન ઈચ્છવાથી શું લાભ થાય છે ?**

જે કોઈનું ખરાબ નથી ઈચ્છતો, તેના ખરાબ સંકલ્પ હંમેશા ને માટે મટી જાય છે, જેના મટવાથી નિર્વિકલ્પતા આવી જાય છે. નિર્વિકલ્પતા શાંતી, સામર્થ્ય તથા સ્વાધીનતા જન્માવે છે.

❖ **મહારાજ જી ! અમારે જીવન માં શું કરવું જોઈએ ?**

સાધન.

❖ **કૃપા કરી બતાવશો, અમે સાધન કેવી રીતે કરીયે ?**

સાધન નું જ્ઞાન આપણામાં છે. પોતાના કર્તવ્ય નું જ્ઞાન તથા સામર્થ્ય પણ આપણામાં છે.બીજા ના અધિકારોની રક્ષા અને પોતાના અધિકારોનો ત્યાગ કરો. પરંતુ તેના માટે પહેલાં સત્સંગી બનવાનું છે.

❖ **સત્સંગી કેવી રીતે બનીયે ?**

અસત નો ત્યાગ કરવાથી સત્સંગી બનાય છે.

❖ **અસત કોને કહે છે ?**

અસત એ છે કે જેને તમે તમારા પ્રત્યે ન ઈચ્છતા હો. દરેક ઈમાનદાર અને વ્યવહાર કુશળ સાથી ચાહે છે. આથી આપણે પણ દરેક માટે ઈમાનદાર અને વ્યવહાર કુશળ બનવું જોઈએ.

❖ **ઈમાનદાર હોવા છતાં જો કોઈ બુરા સમજે તો શું કરીયે?**

કોઈ આપણને ઈમાનદાર માને છે કે નહી, તેની ચિતાં ન કરો. જો પોતાના માં કોઈ બુરાઈ પ્રતીત થતી હોય, તો તેને દુર કરવાનો પ્રયત્ન કરો. જો બુરાઈ ન હોયતો બીજા ની ચિંતા ન કરો.

❖ **ભગવાનનો મહિમા શું છે અને તેને કેવી રીતે સમજી શકાય ?**

ભગવાને મનુષ્યને સારા ઉપયોગ માટે કર્મ કરવા ક્રિયાશકિત અને વિવેક શકિત આપી છે. પરંતુ મનુષ્ય તેનો સદઉપયોગ ન કરીને, દુરૂઉપયોગ કરવા લાગે છે. ભગવાન તો એટલા ઉદાર અને દયાળુ છે કે તે શકિતઓ ખલાસ થઈ જાય છે, ત્યારે, બધુ જાણતાં હોવા છતાં તે આપણા અપરાધ તરફ ધ્યાન ન આપી ને વારંવાર શકિત પ્રદાન કરતાં

રહે છે. પ્રભુનો આ મહિમાને સમજી ને સાધક જો વ્યથિત હદયે પ્રાર્થના કરે તો સાધક ને બળ નો સદુઉપયોગ તથા વિવેકનો આદર કરવાની સામર્થ્ય પ્રાપ્ત થઈ જાય.

**❖ ભગવાનની અહેતુક કૃપા દરેક પર સદૈવ છે, તેનો અનુભવ કેવી રીતે થાય ?**

જે સાધક ને પોતાના બળ અને પુરૂષાર્થ પર ભરોસો છે અને તે એ સમજે છે કે પોતાના કર્મો ના ફળ સ્વરૂપે પ્રાપ્ત શકિતના બળ પર પોતાના લક્ષ્ય ને પ્રાપ્ત કરીશ, તો ભગવત કૃપાનો અનુભવ થતો નથી.

ભગવત કૃપા નો અનુભવ એ સાધકને થાય છે, જેને તેની કૃપા પર પૂર્ણ વિશ્વાસ હોય છે જે હર વખત દરેક પરિસ્થિતિ માં તેની કૃપાની જ વાટ જોતો હોય છે અને એવું માનતો હોય છે કે મને જે વિવેક મળ્યો છે, તે ભગવાન નો જ પ્રસાદ છે. મન, બુધ્ધિ, ઈન્દ્રિયો, શરીર તથા અન્ય સમસ્ત સાધન સામગ્રી તેમની છે અને તેમની કૃપાથી જ સદઉપયોગ કરવા માટે મને આપેલ છે.

આ પ્રકારે જે સાધક પોતાને ભગવાન ની કૃપા ને પાત્ર માને છે, તેને ભગવત્ કૃપાનો અનુભવ અવશ્ય થાય છે.

**❖ મનની એકાગ્રતા કેવી રીતે થાય ?**

મનની એકાગ્રતા નાં ઉપાય સાધકો ની રૂચિ,યોગ્યતા અને વિશ્વાસ પ્રમાણે અનેક છે. તેમાંથી મુખ્ય સાધન વૈરાગ્ય અર્થાત રાગનો અભાવ છે. અભ્યાસ દ્વારા મેળવવામાં આવેલી એકાગ્રતા ટકતી નથી, ચંચલતા માં બદલાઈ જાય છે.

બીજો ઉપાય છે, સર્વ ઈચ્છાઓનો અભાવ જયારે બધી ઈચ્છાઓની નિવૃતિ થઈ જાય છે, ત્યારે મનથી સ્વાભાવિક એકાગ્રતા પ્રાપ્ત થાય છે તે સદાય ટકી રહે છે.

ત્રીજો ઉપાય છે, મનની ચંચલતા ની વ્યથા થી વ્યથિત હોવુ. જયારે મનની એકાગ્રતા વગર ચેન પડતુ જથી. ત્યારે મન અવશ્ય એકાગ્ર થઈ જાય છે.

જે મનની એકાગ્રતાને વર્તમાન જીવનનો મૌલિક પ્રશ્ન બનાવી લે છે. અને તેને હલ કર્યા વગર ચેનપુર્વક રહે નહી, તેનુ મન પણ એકાગ્ર બને છે.

❖ **જયારે સાધક નું દેહાભિમાન સંપુર્ણ ઓગળી જાય છે. અને તેનું હૃદય વિશુધ્ધ પ્રેમથી ભરેલુ રહે છે. ત્યારે તે સાધકના રોજીંદા વ્યવહારમાં શું ફરક પડે છે.**

તે સાધકની પ્રવૃતિ બીજાઓની પ્રસન્નતા ને માટે થવા લાગે છે. લોક વ્યવહારમાં શત્રુ–મિત્ર દરેક સાથે સમાન પ્રેમ રાખે છે, સારો વર્તાવ કરે છે. કર્મનો ભેદ હોવા છતાં પણ તેના પ્રેમ માં વિષમતા હોતી નથી આથી તે દરેક ને પ્રિય થઈ જાય છે. તેની દરેક પ્રવૃતિમાં સહજતાથી બીજાઓનું હિત સમાયેલુ રહે છે. એટલા માટે દરેક તેને પ્યાર કરે છે. તેનુ બહારનું આચરણ સર્વે ને પ્રિય થઈ જાય છે.

❖ **જીવતા રહીને મુત્યુ પામવું કોને કહે છે ?**

પ્રાણ ના રહેતા જ શરીર અને સંસાર થી સંપૂર્ણ રીતે સંબંધરહિત થઈ જવું તે જીવતા રહી ને મૃત્યુ પામવુ છે.

❖ **ભગવત્ પ્રેમ ચાહવા છતાં પણ નથી મળી શકતો, આનાં માટે શું કરીએ ?**

સાધકે ભગવત્ પ્રેમ માટે કયારેય નિરાશ થવું જોઈએ નહિ. જેને પ્રેમની સાચી લગન હોય છે તેને પ્રેમ અવશ્ય મળે છે. પ્રેમની ભૂમિકા અનેક પ્રકારની હોય છે. પ્રેમની કયારેય પૂર્ણતા નથી થતી, આ જ કારણે પ્રેમીને દરેક અવસ્થા માં પ્રેમની અધૂરપ નો બોધ થતો રહે છે. જો સાધક આ ભાવથી પોતાનામાં પ્રેમની અધૂરપ નો અનુભવ કરે છે ત્યારે એવું નથી કે તેને સદૈવ નિત્ય –નવો લાગવાવાળો પ્રભુ પ્રેમ પ્રાપ્ત થયો નથી. પ્રેમ અનંત છે, પ્રેમાસ્પદ પણ અનંત છે અને પ્રેમની લાલસા પણ અનંત છે. જયાં ત્રણેય અનંત હોય, ત્યાં પૂર્ણતા કેવી રીતે હોય ?

જો પ્રેમની લાલસા રહેતી હોય અને ખરેખર પ્રેમ પ્રાપ્ત થયો ન હોય, તો તેના માટે ઊંડી વેદના હોવી જોઈએ. તે વેદના અવશ્ય પ્રેમ ની પ્રાપ્તિ કરાવી દેશે

જો પ્રેમની ચાહ હોય તો પણ તીવ્ર વેદના ન હોય, તો સમજવું જોઈએ કે સદગુણ સદાચાર નો રસ જીવનમાં છે. જયાં સુધી ભોગો માં રસ પ્રતીત થાય છે, ત્યાં સુધી તો પ્રેમની સાચી ચાહ જ નથી હોતી ભગવત પ્રેમ નું મૂલ્ય સદગુણ કે સદાચાર નથી.

પાપી માં પાપી પણ ભગવાન નો પ્રેમ પ્રાપ્ત કરી શકે છે ; કારણ કે પતિત પાવન પ્રભુ અધમ ના ઉધ્ધારક અને દીનબંધુ પણ છે. તે દીન, હીન અને પતિત ને પણ પ્યાર કરે છે.

જયારે નાના માં નાની ચાહ પૂરી ન થવાને કારણે મનુષ્ય દુ:ખી થાય છે, તો પછી જેને ભગવત્ પ્રેમની ચાહ હોય અને પ્રેમ મળતો ન હોય, તો તે ચેનપૂર્વક કેવી રીતે રહી શકે ? તેની વેદના ને કોઈ ભોગ સદગુણ સદાચાર અને સદ્ગતિ નું સુખ કેવી રીતે શાંત કરી શકે ?

જે સાધક કેવળ પ્રભુ ને જ ચાહે છે, પ્રભુ પ્રેમના ભુખ્યા છે; જેમને કોઈપણ પ્રકારના ભોગ, ગુણ, ગતિ થી રસ મળતા નથી અને જેમણે બધાં રસો નો ત્યાગ કરેલ છે; તેમને ભગવાન અવશ્ય પોતાનો પ્રેમ પ્રદાન કરે છે. એમાં શંકાને સ્થાન જ નથી.પ્રેમી પોતાના પ્રેમાસ્પદ તરફથી કોઈ પ્રકાર નું સુખ ચાહતો નથી.

❖ **સ્વામી જી ! મનુષ્ય સ્વાધીન છે કે પરાધીન ?**

ઈશ્વર દ્વારા આપવામાં આવેલ વિવેક પ્રમાણે પ્રાપ્ત બળનો સદ્દઉપયોગ કરવામાં પ્રાણી સર્વ રીતે સ્વાધીન છે. આ સ્વાધીનતા ઈશ્વરે આપેલી છે. તેના વગર મનુષ્ય સર્વ રીતે પરાધીન છે

વાસ્તવમાં સ્વાધીન તેને કહી શકાય કે જે પોતાને પ્રાપ્ત થયેલ વિવેક નો આદર કરીને સર્વ પ્રકારની ચાહ થી રહિત થઈ ગયેલ છે. કારણકે કોઈપણ પ્રકારની ચાહ રહેલ હોય તો કોઈ પણ મનુષ્ય પોતાને સ્વાધીન કહી શકે નહિ.

જયાં સુધી મનુષ્ય પોતાની પ્રસન્નતા નું કારણ બીજી કોઈ વ્યકિત, વસ્તુ, પરિસ્થિતિ, અવસ્થા વગેરે ને માનતો રહે, ત્યાં સુધી તે પોતાના જીવન માં દીન હીન અને પરાધીન જ રહે છે.

પ્રાપ્ત વિવેક નો આદર કરીને પોતાના દોષોનું નિવારણ કરીને

અંતઃકરણ ને શુધ્ધ કરવામાં મનુષ્ય હંમેશા સ્વાધીન છે.

❖ **મનુષ્ય મરવાથી શા માટે ડરે છે ?**

શરીર ને 'હું' માની લેવાને કારણે તથા મૃત્યુનો મહિમા ન જાણવાને કારણે જ મનુષ્ય મરવાથી ડરે છે.

❖ **મૃત્યુ નો મહિમા શું છે ?**

ઉત્પતિ, સ્થિતિ અને મૃત્યુ એટલે કે લયપામવું આ ત્રણેય અલગ–અલગ દેખાય છે. પરંતુ વિચાર કરવાથી જણાય છે કે તેમાં કોઈ ભેદ નથી. બાલ્યાવસ્થા નો અંત અને કિશોર અવસ્થાની ઉત્પતિ ની માફક જ જવાની અને વૃધ્ધાવસ્થા વગેરે બધી અવસ્થા ઓ નું પરિવર્તન હર સમય થતું રહે છે. એક મૃત્યુ જ બીજી નવીન જીવન નું કારણ બને છે. જો સંસાર માં કોઈ મરે જ નહિ, તો જનસંખ્યા એટલી વધી જાય કે રહેવા માટે પૃથ્વી પર કોઈ જગ્યા જ ન મળે અને એટલું દુઃખ વધી જાય કે કોઈ જીવનને પસંદ જ ન કરે

આમ મૃત્યુ ની પણ આવશ્યકતા છે અને તે ખુબ મહત્વની ચીજ છે. એક શરીરનો નાશ થઈને બીજું નવું શરીર મળે છે. મૃત્યુ જ નવીન જીવન પ્રદાન કરે છે.

❖ **કુંતી દેવી ને સતી માનવામાં આવે છે પરંતુ સૂર્ય વગેરે દેવતા ઓ દ્વારા પુત્ર ઉત્પન્ન કરવા છતાં પણ તેનું સતીત્વ અખંડ કેમ રહ્યુ ?**

તે સમયે આજ–કાલ જેવી પરિસ્થિતિ હતી નહી.તે લોકો ને ધર્મનું જ્ઞાન હતું અને ધર્મમાં નિષ્ઠા હતી . સ્ત્રીઓના મુખ્ય બે ધર્મ માનવામાં આવ્યા છે. એક સતીધર્મ અને બીજો સાધ્વી ધર્મ. સતી ધર્મ તો એ છે કે, જેમાં પતિ ને જ પરમેશ્વર માની ને સર્વસ્વ તેને સમર્પણ કરવામાં આવે છે. સાધ્વી ધર્મ એ છે, કે જેમાં પરમેશ્વરને પતિ માનીને તેને સર્વસ્વ સમર્પણ કરવામાં આવે છે. મીરા, ગોપીઓ વગેરે એ સાધ્વી ધર્મનું પાલન કર્યુ હતું

કુંતી દેવી સતી ધર્મ નું પાલન કરવાવાળી હતી. સતી સ્ત્રી ને એક પતિ સીવાય બીજુ કંઈપણ પોતાનું રહેતું નથી તે શરીર, ઘર વગેરે કંઈપણ

ઉપર પોતાનો અધિકાર માનતી નથી. તે બધુ જ પતિનું માને છે. તે જે કંઈ કરે છે, તે પતિને માટે જ કરે છે પતિ ની પ્રસન્નતા અને હિત જ તેનું એક માત્ર લક્ષ્ય હોય છે.

કુંતીની સામે પરિસ્થિતિ એવી હતી કે શાપના ભયથી પાડુંરાજા સ્ત્રીસહવાસ કરી શકતા ન હતાં અને જો કરે, તો તેનું મૃત્યુ થઈ જાય પાંડું ના મનમાં પુત્રની પ્રબળ ઈચ્છા હતી. આથી તેણે એ ઈચ્છાથી પ્રેરિત થઈને જયારે કુંતી ને પોતાના મનની વાત કહી, ત્યારે કુંતી એ પહેલા તો પતિને વિનયપૂર્વક ધર્મનું તત્વ સમજાવવાનો પ્રયત્ન કર્યો તેમ છતાં તેની ઈચ્છા શાંત થઈ નહિ, ત્યારે કુંતી એ કહ્યુ કે "મને દુર્વાસા એ મંત્ર આપેલ છે. તેના પ્રભાવથી હું દેવતાઓને બોલાવી ને પુત્ર ઉત્પન્ન કરી શકું છું" આથી પાંડું એ આજ્ઞા આપી કે તું દેવતાઓ વડે પુત્ર ઉત્પન્ન કરે. આ પરિસ્થિતિમાં ભોગ–વાસના વગર એક માત્ર પતિની પ્રસન્નતા ખાતર કુંતી એ તેની આજ્ઞાનું પાલન કર્યુ તેમાં તેનું સતીત્વ ક્ષીણ શા માટે થાય ? તેણે તો જે કંઈ કર્યુ તે સતી ધર્મના પાલન માટે કર્યુ તે શરીરને પણ પોતાનું માનતી ન હતી. શરીર પરતો તે પોતાના પતિનો પૂરો અધિકાર માનતી હતી.

❖ **સ્વામીજી ! ભગવાન ને અવતાર શા માટે લેવો પડે છે ?**

ભગવાન ને અવતાર લેવો પડે, એવી વાત નથી, કારણ કે ભગવાન સર્વથા પૂર્ણ, સર્વશકિતમાન અને સ્વતંત્ર છે તે પોતાની મોજથી અવતાર લે છે.

શાસ્ત્રો માં ભગવાનના અવતાર માટે ત્રણ હેતુ બતાવેલ છે – (૧) સાધુ પુરૂષ ના રક્ષણ માટે, (૨) દુષ્ટો ના વિનાશ માટે, અને (૩) ધર્મની સ્થાપના માટે આમાંથી દુષ્ટોનો વિનાશ અને ધર્મની સ્થાપના તો ભગવાન અવતાર લીધા વગર પણ કરી શકે છે. જો આ બંને અવતાર લેવા માટે ના ખાસ કારણો હોય તો, આ સમયે પણ ભગવાન નો અવતાર થવો જોઈએ. ધર્મ નો હ્રાસ આ સમયે ઓછો નથી અને દુષ્ટોની પણ ખોટ નથી.

જો તેની લીલા પર વિચાર કરીયે, તો માલૂમ થાય છે કે ભગવાનનો

અવતાર પોતાની રસમયી લીલા દ્વારા ભકતો ને રસ પ્રદાન કરવાને માટે અને સ્વયં તે ઓના પ્રેમનો રસ લેવા ને માટે હોય છે. ધર્મની સ્થાપના અને દુષ્ટો નો વિનાશ તો તેનું આનુંષગિક કાર્ય છે. તેમાં પણ ઘણા પ્રકારે સાધુ ઓનું હિત ભરેલુ હોય છે.

સાધુ એ છે, જે ભગવાન ને પ્રાપ્ત કરવા ચાહતો હોય, પોતાના જીવન ને ભગવત પરાયણ બનાવવાની સાધના માં રત રહે છે. ફકત વેશ પહેરવાનું નામ સાધુ નથી. ભગવાન જયારે અવતાર લે છે, ત્યારે સાધુપુરૂષો ના ઘર માં જ અવતરે છે. ભગવાન શ્રી કૃષ્ણના અવતાર પર જ વિચાર કરીયે તો, તેમનું પ્રાગટય વસુદેવજી ના ઘરમાં અને માતા દેવકીના ઉદર માં થયો હતો કે જે સ્વયં પ્રકાશ અને સર્વત્ર વસે છે. તેને 'વસુદેવ' કહે છે. અને પ્રકાશમયી બ્રહ્મવિદ્યાનું નામ 'દેવકી' છે. તેનાથી એ માલૂમ થાય છે કે ભગવાન એ સાધુ પુરૂષોના ઘરે જન્મ લે છે જે સંપૂર્ણ વિશુદ્ધ અને તત્વજ્ઞાની છે. પરંતુ તેમને પોતાની લીલા નો, પોતાના પ્રેમનો રસ પ્રદાન કરતાં નથી પોતાની પ્રેમમયી લીલાનો રસ પ્રદાન કરવાને માટે તે માતા યશોદા ની ગોદ માં પધારે છે. જે યસ એટલે કે પ્રેમ–રસ પ્રદાન કરે તેને 'યશોદા' કહે છે અને આનંદ નું જ બીજું નામ 'નન્દ' છે

આનાથી એ જણાય છે કે ભગવાન પોતાના પ્રેમમયી લીલા નો રસ પ્રદાન કરીને અને તેના પ્રેમ–રસ નો સ્વયં આસ્વાદ માણીને તે ભકતો ને આનંદીત કરે છે. આ કામ અવતાર લીધા વગર પુરૂ થતું નથી.

ભગવાન ની એક– એક લીલા માં અનેક રહસ્ય સમાયેલા હોય છે તે એક જ લીલા માં ઘણા ની લાલસા પૂરી કરતાં હોય છે. તેની પ્રેમમયી લીલા નું રહસ્ય મોટા–મોટા બુધ્ધિમાન સમજી શકતાં નથી. બીજા ની તો શું કહે, સાક્ષાત બ્રહ્માજીને પણ સંદેહ થયો હતો .

અધાસુર ને મારીને શ્રી કૃષ્ણ ભગવાન પોતાના બાલસખા ઓની વચ્ચે બેસીને ભોજન કરવા લાગ્યા, તો આ લીલા જોઈને બ્રહ્માજી ચકિત થઈ ગયા. તે વિચારવા લાગ્યા – "સાક્ષાત પરમેશ્વર ના આ ગમાર ગોપ બાળકો નું એઠું ખાઈ શકે છે ? આ શું છે ? આ બાળક પોતાની ખાવાની વસ્તુ બીજા ને આપી દે છે અને બીજા બાળકે લાવેલી ખાવાની વસ્તુ ને પોતે ગ્રહણ કરી લે છે.

આ મોહ માં પડી ને બ્રહ્માજી, ભગવાનની પરીક્ષા કરવા માટે વાછરડાં ને ઉઠાવી ને લઈ ગયાં આ બાજુ બાળકોનુ મન ભગવાનથી હટીને વાછરડા તરફ ગયું તે બોલ્યા– "વાછરડા દેખાતા નથી કયાંક દૂર જતાં રહ્યા છે." ભગવાન આ કેવી રીતે સહન કરી શકે કે તેનો પ્રેમી કોઈ બીજા ને જુવે, ભગવાને છોડી ને તેનું મન બીજા ને જુવે ? આથી તેમણે સખા ઓને કહ્યું– "મિત્રો તમે લોકો અહિંયા રહો હું હમણા વાછરડા ને લઈને આવું છું"

શ્યામસુંદર આ બાજુ ગયા અને બ્રહ્માજી તે બાળકોને બેહોશ કરી ને ત્યાંથી ઉટાવી ને પર્વત ની ગુફામાં રાખી દીધા ભગવાન થી મન હટતાં જ ગોપ બાળકો ને એક વર્ષ તેનાથી અલગ હોવું પડયું

આ બાજુ ગાયો તથા ગોપીઓના મનમાં એ લાલસા વધી રહી હતી કે કયારેક એવો દિવસ આવશે કે જયારે શ્યામ સુંદર યશોદા મૈયાની જેમ અમારા સ્તનોથી પણ દૂધપાન કરશે અને એવી રીતે અમારા ખોળા માં રમીને પોતાની પ્રેમમયી બાળ–લીલાનો રસ પ્રદાન કરશે ! તેની એ લાલસા ને પૂર્ણ કરવા માટે ભગવાન સ્વયં બાળક અને વાછરડા બન્યા. તેમણે ગાયો ને પ્રેમરસ પ્રદાન કર્યો અને તેમનો પ્રેમરસ દૂધ ના રૂપમાં પાન કર્યુ ગોપ – ગોપીઓ ની ગોદમાં રમીને તેમને પુત્ર–સ્નેહ રસ પ્રદાન કર્યા એક વર્ષ સુધી તે આ મધુર પ્રેમરસ નું આસ્વાદન કરતાં રહ્યા.

જયારે બ્રહ્માજી એ જોયું કે વ્રજ નું કામતો પહેલાની માફક ચાલુ જ છે, શ્યામસુંદર પહેલાની માફક એ જ ગોપબાળકો સાથે ભોજન કરી રહ્યા છે. અને રમી રહ્યા છે તથા જેને હું ચોરી લાવ્યો હતો, તે બધા ગુફામાં સતેલા છે, ત્યારે ભગવાન ની મહિમા ના દર્શન થયા અને તેમનું સમસ્ત અભિમાન ઓગળી ગયું ભગવાનના ચરણોમાં મસ્તક રાખીને તેમણેક્ષમા માંગી અને ભગવાન ની તેમણે સ્તુતિ કરી

એક જ લીલામાં ભગવાને પોતાના ઐશ્વર્ય અને માધુર્યનું પ્રદર્શન કર્યુ. આ કામ અવતાર વગર કેવી રીતે થઈ શકય હતું ? એક બાજુ બ્રહ્માના અભિમાનનો નાશ, તેની સાથે – સાથે ગોપ બાળકો ને ચેતવણી અને ગાયો તથા ગોપ – ગોપી ઓની પ્રેમ – લાલસા ની પૂર્તિ. આ કામ તો અવતાર લઈ ને જ કરી શકાય તેવું હતું.

જયારે ભગવાન શ્રી કૃષ્ણ છ દિવસ ના થયા હતાં, તે સમયે તેમણે એક સાથે ઐશ્વર્ય અને માધુર્ય તથા ન્યાય અને દયાનો ભાવ દેખાડયો હતો. પૂતના, જે ધોહ, પાપણી અને બાળકોનો નાશ કરવાવાળી હતી, જયારે તે સુંદર ધાયના કપટ વેષ બનાવીને ભગવાન પાસે ગઈ અને મનમાં દૂષિત ભાવ રાખીને અને ઉપર થી પ્રેમભાવ દર્શાવીને તેમને ગોદમાં ઉઠાવી લીધા અને પોતાનું વિષ ભરેલું સ્તન શ્યામ સુંદર ના મુખાર વિન્દ માં આપી દીધું, ત્યારે ભગવાને તેના માતૃસ્નેહની રક્ષા કરવા માટે તો દૂધ પીધું, સાથે પ્રાણ પણ પી લીધા કારણકે તે ભગવાન નો પ્રાણ લેવા આવી હતી ભગવાનના સ્પર્શથી તેનું કપટ નાશ પામી ગયું અને તે પોતાના અસલી રૂપ માં આવી ગઈ તેના આખા શરીરમાં સુગંધ ફેલાઈ ગઈ ભગવાન તેના શરીર પર રમવા લાગ્યા અને તેને માતાની ગતિ પ્રદાન કરી.

આ પ્રકારની લીલા ભગવાન અવતાર લીધા વગર કેવી રીતે કરી શકતા હોતા ? તેમની દરેક લીલા માં અનંત રસ અને અનંત રહસ્ય સમાયેલું હોય છે તેના પ્રેમભકતો જ તેનો રસ લઈ શકે છે.

ભગવાન નો અવતાર નિત્ય છે. તેની લીલા, ધામ, તેના માતા–પિતા, તેના સખા અને સખીઓ બધા ચિન્મય પ્રેમથી જ બનેલા છે. તેમાં કોઈપણ ભૌતિક વસ્તુ નથી. ભગવાનના પ્રેમી ભકતોમાં ભૌતિક ભાવ રહેતો નથી. ભગવાન ના પ્રેમી ભકતોનો આજ પણ તેની દિવ્ય લીલામાં પ્રવેશ થઈ શકે છે. અને તે ભગવાન ના પ્રેમરસનું આસ્વાદન કરતાં રહે છે! એટલે જો ભગવાનનો અવતાર ન હોત તો, તેની પૂર્તિ થઈ શકત નહી

**❖ સ્વામી ! ગોપી પ્રેમ શું છે અને તે કેવી રીતે પ્રાપ્ત થાય છે. ?**

ગોપી – પ્રેમ ની વાત તો તે જ કહી શકે છે કે જે ને ગોપી ભાવ પ્રાપ્ત થઈ ગયો હોય અને સાંભળવાનો અધિકારી પણ તે જ છે કે જેને ગોપી ભાવ પ્રાપ્ત થયો હોય જયાં સુધી સ્થૂળ, સૂક્ષ્મ તેમજ કારણ શરીર માંથી કોઈપણ શરીરમાં અહંભાવ હોય, ત્યાં સુધી મનુષ્યને ગોપીભાવ ,પ્રાપ્ત થતો નથી

ઉદ્ધવ જેવા જ્ઞાની અને યોગી, જે ભગવાન શ્રી કૃષ્ણ ના સખા હતા, જયારે વ્રજ માં ગયા, ત્યારે ગોપીઓના પ્રેમને જોઈને જ્ઞાન અને યોગને ભૂલી ગયા ઉલટું પોતાના સ્વામી અને સખા શ્રી કૃષ્ણ ને હદયહીન અને કઠોર માનવા લાગ્યા અને તે ગોપી ઓના પ્રેમની પ્રશંસા કરવા લાગ્યો ત્યાં સુધી કે વ્રજ ના ઝાડ–પાન બનવામાં પણ પોતાનું સૌભાગ્ય માનીને ગોપીઓ ના ચરણ રજની કામના કરવા લાગ્યા. તે ગોપી ઓના પ્રેમને ભલા કોઈ સાધારણ મનુષ્ય કેવી રીતે સમજી શકે છે.

જયાં સુધી મનુષ્ય ના શરીરમાં અભિમાન રહે છે, ત્યાં સુધી તેમને કોઈ ને કોઈ પ્રકારે સંયોગથી જન્મેલા સુખની લાલચ રહે છે. ગોપીભાવ પ્રાપ્ત કરવા માટે વસ્તું નો સંયોગ અને ક્રિયા થી ઉત્પન્ના થતું સુખની તો શું કહેવી, ચિંતન અને સમાધિ સુધીના સુખ નો ત્યાગ કરવો પડે છે. જયાં સુધી એ ભાવ રહે છે કે અમુક વસ્તું, અમુક વ્યકિત, અમુક પરિસ્થિતિ થી સુખ મળશે, ત્યાં સુધી મનુષ્ય તેનો દાસ બની રહે છે. તેના મન માં બીજા ને સુખ આપવાનો ભાવ ઉત્પન્ન થતો નથી; પોતાના સુખ–ભોગ ની રૂચિ જ રહે છે આજ સ્વાર્થ ભાવ છે સ્વાર્થ ભાવ હોય ત્યાં સુધી ગોપી ભાવની વાત પણ સમજ માં આવી શકતી નથી.

માનવજીવન માં સત્ – અસત બંને નો સંગ રહે છે. શરીર, સંસાર અને ભોગોનો સંગ જ અસત નો સંગ છે અને અનંત જીવન તથા નિત્ય આનંદ ની લાલસા એજ સત નો સંગ છે. જેમાં ફકત અસતનો સંગ છે તે પણ મનુષ્ય નથી કારણ કે અસત નો સંગ તો પશુ પક્ષી વગેરે તિર્યક યોનિ ઓમાં પણ થાય છે જેમાં ફકત સતનો સંગ છે તેને પણ મનુષ્ય કહેવાય નહિ કારણકે તે તો મનુષ્ય ભાવથી પર છે

આથી ગોપી ભાવ પ્રાપ્ત કરવાને માટે સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ શરીર નો તથા તેનાથી સંબંધ રાખવા વાળા સમસ્ત ભોગોનો સંગ વિવેક પૂર્વક છોડવો પડે છે. જે સત્સંગથી જ શકાય છે.

પોતાને પ્રાપ્ત વિવેક નો જે આદર કરે છે તેવા સાધકોને સાંસારિક સુખભોગમાં કયાં – કયાં દુઃખ છે, તેની અસલિપન નું જ્ઞાન થાય છે વિવેકનો આદર કરવો એજ સત્સંગ છે. આ સત્સંગથી સુખભોગની રૂચિ મટી જાય છે અને ભગવાનના નિત્ય નવીન પ્રેમની લાલસા જાગૃત થાય

છે. ત્યારે કોઈક અધિકારી મનુષ્ય ને ગોપી ભાવની પ્રાપ્તિ થાય છે. આથી જે સાધકને ગોપીભાવ પ્રાપ્ત કરવો હોય અને તેની લીલા માં પ્રવેશ કરીને ગોપી પ્રેમની વાત સમજવી હોય, તેણે દેહભાવથી ઉત્પન્ન થતી બધાં જ ભોગોની વાસના નો ત્યાગ કરી દેવો પડે. જયારે ભગવાનના પ્રેમની લાલસા બધીજ ભોગવાસના ઓને ખાઈ જઈને સબળ બને છે, ત્યારે સાધકનો પ્રવેશ એવા વ્રજધામ માં થાય છે, કે જેનું નિર્માણ દિવ્યપ્રેમ વડે થયું છે ત્યાં ની ભૂમિ ગોપ–બાળકો, ગોપીઓ, ગાયો અને ઝાડ–પાન સઘળા ચિન્મય છે ત્યાં જડતા અને ભૌતિકભાવ લેશમાત્ર પણ નથી તે વ્રજધામ માં પ્રવેશ થયા બાદ પણ ગોપીભાવની પ્રાપતિ ખૂબ દૂર છે.

દાસીભાવ, સખાભાવ અને વાત્સલ્યભાવ ની ઉપર ગોપીભાવની ઉપલપ્ધ થાય છે આથી સાધકે ગોપીભાવની પ્રાપ્તિ કરવા માટે મુકિત વડે આનંદ સુધીની તમામ લાલચ નો ત્યાગ કરી દિવ્ય વ્રજમાં પ્રવેશ કરવો પડે તેના બાદ ભગવત કૃપા પર નિર્ભર થતાં ગોપી ભાવની પ્રાપ્તિ થાય.

### ❖ સત્ય નું સ્વરૂપ કેવું છે ?

સત્ય વાસ્તવિક સ્વરૂપ અનુભવવા માટે અસત્ય નું સ્વરૂપ જાણી લેવું જરૂરી છે, કારણ કે જે ને રાત્રી નું જ્ઞાન ન હોય, તેને ભલા દિવસનું જ્ઞાન કેવી રીતે હોઈ શકે? આથી અસત્યનું યથાર્થ જ્ઞાન જાણવાથી સત્ય માટેનો અભિલાષી સત્ય ને જાણી શકશે, જે અસત્ય ને જાણી શકશે, જે અસત્ય ને જાણી શકતો નથી, તે સત્ય ને પણ ન જાણી શકે.

સંસારનો સભ્ય સમાજ ગુણોને સત્ય અને દોષોને અસત્ય કહે છે, કારણ કે દોષો ઉપર ગુણ શાસન કરે છે – જેવી રીતે સ્થિરતા ચંચલતા પર સદાચાર – દુરાચાર પર, યોગ ભોગપર પ્રેમ–દ્વેષા ચૈતન્ય–જડપર અને અહિંસા હિંસા પર જો એ વિચાર કરવામાં આવે કે ગુણ દોષો પર શા માટે શાસન કરે છે ? તો એનો ઉતર એ છે કે ગુણ દોષ કરતાં વધારે સ્વાભાવિક છે. જેવી રીતે આંખ નું જોવું સ્વાભાવિક જ રહે, એટલે કે ક્રિયામાં કર્તા કોઈ પ્રકારનો ભાવ ન રાખે ,તો પછી જોવાને કયારેય દોષ કહેવામાં આવશે નહિ. તે દોષ ત્યારે બને છે, કે જયારે જોયેલ રૂપ વડે સુખ પ્રાપ્ત કરવાની અભિલાષા ઉત્પન્ન થાય. જોકે સુખ મળી શકે નહિ,

પરંતુ અવિચાર ને કારણે બીચારી આંખ રૂપ માં સુખની શોધ કરે છે, આથી અંતમાં દુઃખી થાય છે , અને જેનાથી દુઃખ થાય તે દોષ છે.

ઈન્દ્રિયો ઓમાં સ્થિરતા આવવાથી ચંચલતા મટી જાય છે. બાદ તે વ્યકિત ને સંસાર આદર આપે છે અને જે ઈન્દ્રિયો નો સંયમ નથી કરી શકતો તેનો સંસાર આદર કરતો નથી આ નિયમ પ્રમાણે પ્રત્યેક ગુણ બધા દોષ પર વિજય પ્રાપ્તિ કરે છે. સંસાર ને ગુણયુકત જીવનની હંમેશા આવશ્યકતાની રહે છે જો સંસારમાં ગુણયુકત જીવન વ્યતીત કરવું હોય તો ગુણોનો વિકાસ કરવો ખૂબ જરૂરી છે.

સત્ય નું વાસ્તવિક સ્વરૂપ ગુણ અને દોષ બને થી પર છે, કારણકે ગુણો આવવાથી પણ કંઈક કમી રહે છે. આથી જે દરેક રીતે પૂર્ણ છે, અર્થાત જેમા કોઈ પ્રકારનો દોષ નથી, તે સત્ય નું સ્વરૂપ છે. સત્યના સ્વરૂપ નું વર્ણન કરી શકાતું નથી, પરંતુ તેનો સ્વયં અનુભવ કરવો પડે છે, કારણ કે વર્ણન કરવાવાળા બધા સાધન અપૂર્ણ છે અપૂર્ણ કયારે પૂર્ણ નું વર્ણન ન કરી શકે સત્યનું સ્વરૂપ વ્યકિતત્વ થી પર છે સત્ય પોતે જ પોતાને પ્રકાશિત કરે છે.

### ❖ સત્ય શા માટે જરૂરી છે ?

એ જ વસ્તુની આવશ્યકતા હોય છે કે જેના વગર કોઈ પણ રીતે ન રહી શકીયે દરેક મહાનુભાવ સ્થાયી પ્રસન્નતા ચાહે છે. જયારે સંસારની કોઈ અવસ્થા સ્થાયી પ્રસન્નતા આપી શકતી નથી, તો સ્થાયી પ્રસન્નતાનો અભીલાષી સંસાર નો ત્યાગ કરવા માટે મજબૂર બની જાય છે

જો વિચારશીલ પુરૂષ પોતાની અભિલાષા ઓને તપાસે તો તેને એ સારી રીતે જાણી શકશે કે અભિલાષઓ ફકત બે પ્રકારની હોય છે – એક શારીરિક આવશ્યકતા ની પૂર્તિ માટે અને બીજી સર્વ રીતે પૂર્ણ થવા ને માટે શારીરિક આવશ્યકતા ની પૂર્તિ ને માટે કર્મ તથા સંસારની આવશ્યકતા છે

સંસાર તથા કર્મની સહાયતાથી પૂર્ણતા કોઈ પણ પ્રકારે મળી શકતી નથી, કારણ કે સંસારની કોઈપણ અવસ્થા પૂર્ણ નથી. જેવી રીતે ગોળ ચક્કર માં ફરવાવાળો યાત્રી કયારેય માર્ગ નો અંત પામી શકતો નથી,

એજ પ્રકારે સંસારની તરફ જવા વાળો કયારેય શાંતિ તથા પૂર્ણતા પામી શકતો નથી. આથી સ્થાયી પ્રસન્નતા તથા પૂર્ણતા ને માટે સત્યની આવશ્યકતા છે.

### ❖ સત્ય ની, પ્રાપ્તિ માટે નું સાધન શું છે ?

સદભાવ પૂર્વક સત્યની અભિલાષા એજ સત્યનો માર્ગ છે.પ્રકારે મોટી માછલી બધી નાની માછલી ઓને ખાઈએ પોતે પણ મરી જાય છે ; તે પ્રકારે સત્ય ની અભિલાષા બધી અભિલાષાઓને મીટાવીને અંતમા પોતે આપો આપ મટી જાય છે. બસ, તેજ સમયે સત્યનો અનુભવ્ થઈ જાય છે.સ ત્યની પ્રાપ્તિમાટે કોઈ સંગઠનની જરૂરીયાત નથી પણ બધાં સંગઠન મીટાવવા પડે.

તમો એ પોતાને જે કલ્પના માં બાધી લીધા હોય, તેને અનુસાર કર્મ કરો અને અનાવશ્યક કાર્યો નો ત્યાગ કરો જે આવશ્યક કાર્ય પૂરૂ ન કરે અને અનાવશ્યક કાર્યો ને હદયમાં એકઠા કરી રાખે છે, તે આગળ પાછળ નું વ્યર્થ ચિંતન કરતાં રહે છે.

આવશ્યક કાર્ય શું છે ? જે કાર્ય કર્યા વગર ન રહી શકો, જેને કરવાનું સાધન પ્રાપ્ત હોય તથા જેને કરવામાં કોઈ પ્રકારનો ભય ન હોય – તે આવશ્યક કાર્ય છે કર્તા પોતાના કર્તવ્ય નું પાલન કરીને ખૂદ ઉન્નતિ પામે છે.

જીવનની પરિસ્થિતિ ભલે ગમે તેવી હોય, સત્યના અનુભવ માટે દરેક મનુષ્ય સમર્થ છે. સત્ય સંસારની સહાયનાથી મળી શકે નહિ. જો કોઈ ગુણોનો અભીમાની પોતાના ગુણાભિમાન ને દૂર ન કરી શકે, તો તે સત્ય ને પામી શકતો નથી. જો મહા પતિત પોતાના પતિત સ્વભાવને મટાવી દે છે, તો તે સત્યને પામે છે. જેને સંસાર કોઈ પણ પ્રકારે પ્રસન્નતા આપી શકતો નથી, તે પણ સત્યને પામીને અપાર આનંદ પામે છે

વ્યકિતત્વ ની ગુલામીનો ત્યાગ એજ સત્ય માટે નું સાધન છે. તમે પોતાનામાં જે વ્યકિતત્વનો અનુભવ કરો છો, તેને તમે કયારેય જોયું છે ? તો તમોએ કહેવા મજબૂર થઈ જશો કે અમે અમારા વ્યકિતત્વનો સાંભળી ને સ્વીકાર કર્યો છે, જોયેલ નથી

જો એમ કહો કે શરીરનું વ્યકિતત્વ તો દેખાય તેવું છે, તો તેનો ઉત્તર એ છે કે શરીરતો સંસારથી જોડાયેલું છે, તેમાં તમારૂં શું ? જે શરીરને તમો પોતાનું સમજો છો, તે વાસ્તવમાં સમગ્ર સંસારની સાથે જોડાયેલુ છે શરીર તથા સંસાર અંગ અને અંગી સમાન છે. જેવી રીતે ભારત દેશના અનેક રાજયો ભારત દેશ સાથે જોડાયેલા છે, તે પ્રકારે શરીર સંસાર સાથે જોડાયેલું છે.

આથી સાંભળીને માનેલા વ્યકિતત્વને વિચારરૂપી અગ્નિ માં જલાવી દો. વ્યકિતત્વ ના મટતા જ ગુલામી નો અંત આવી જશે અને સત્ય નો માર્ગ દેખાઈ જશે. સત્ય નો માર્ગ એટલો સાંકડો છે કે સત્યનો અભિલાષી સ્વયં એકલો જ જઈ શકે છે. અરે ત્યાં સુધી કે મન, બુધ્ધિ વગેરે નો પણ સાથ છોડવો પડશે,કારણકે સંગઠન નું મટવું જ સત્ય માટે નું સાધન છે

### ❖ સત્ય માટેનો અધિકારી કોણ હોય શકે ?

જેને પ્રસન્ન કરવા માટે સંસાર અસમર્થ છે, એટલે કે જેને ભોગમાં રોગ, હર્ષ માં શોક, સંયોગ માં વિયોગ, સુખ માં દુ:ખ, ઘરમાં વન અને જીવનમાં મૃત્યુ નો અનુભવ થાય, તે સત્યનો અધિકારી છે.

ભોગ કરવાથી શકિતઓનો ઘટાડો થાય છે. શકિતઓમાં ઘટાડો થવાથી રોગ વગર બોલાવો આવી જાય છે. ત્યારે ભોગકર્તા કરવા માટે અસમર્થ થઈ જાય છે. આવી આવસ્થા માં ભોગથી જે હર્ષ થયો હતો, તેનાથી પણ અધિક શોક આવે છે આવી દ્રષ્ટિ થી વિચાર શીલ માનવ હર્ષમાં શોક નો અનુભવ કરે છે. ભલે ગમે તેટલો સુંદર ભોગ હોય તથા સમાજના નિયમ પ્રમાણે હોય અને ભોગવવાની શકિત પણ હોય છતાં પણ શકિત હિનતા થવી અનિવાર્ય છે.

યોગથી શકિત ઓનો વિકાસ થાય છે, અને ભોગથી તેનો વિનાશ થાય છે યોગ અને ભોગમાં કેવળ એટલું અંતર છે કે ભોગ ને માટે શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ વગેરે વિષયો થી સંબંધ હોય છે અને યોગ ને માટે વિષયોનો ત્યાગ કરી વિષયથી અતીત એવા અનંત સત્યથી સંબંધ હોય છે.

યોગ અને જ્ઞાનમાં કેવળ એટલો જ ભેદ રહે કે યોગી યોગના અભિમાન ને કારણે પરમ–તત્વ થી અભિન્ન થઈ શકતો નથી, એટલા માટે યોગી માં અનેક પ્રકાર ની અદભુત શકિતઓ ઉદભવે છે. ભોગનો અભાવ થવાથી યોગ આપોઆપ આવી જાય છે. યોગ સ્વતંત્ર તથા ભોગ પરતંત્ર છે કારણ કે યોગ ને માટે સંસારની તરફ જોવું પડતું નથી.

જેવી રીતે ફળોનો પાક ખરીદવા માટે ફકત ફળોના જ દામ આપવામાં આવે છે અને છાંયડો વગર મૂલ્ય ચૂકવ્યે મળી જાય છે. તેવી રીતે જ્ઞાન થવાથી યોગ આપો–આપ થાય છે. જો કે જ્ઞાન નિષ્ઠ પુરૂષને યોગની કોઈ આવશ્યકતા રહેતી નથી. તદઉપરાંત અસંગતા ને કારણે યોગ આપો–આપ થાય છે. આથી જેને યોગ અને ભોગ શાંતી આપી શકતાં નથી, તેજ સત્યનો અધીકારી છે.

### ❖ શરણની મહિમા શું છે ?

'શરણ' સફળતાની ચાવી છે, નિર્બળ નું બળ છે. સાધકનું જીવન છે, પ્રેમીનો અંતીમ પ્રયોગ છે, ભકતનો મહામંત્ર છે, આસ્તિકનું અચૂક અસ્ત્ર છે, દુઃખીની દવા છે, પતિતની પુકાર છે, તે નિર્બલને બળ, સાધક ને સિદ્ધિ, પ્રેમીને પ્રેમપાત્ર, ભકતને ભગવાન, આસ્તિક ને અસ્તિ, દુઃખી ને આનંદ બંધાયેલા ને મુકિત, નીરસ ને સ–રસતા અને મૃત્યુ ને અમરતા પ્રદાન કરે છે.

### ❖ શરણાગત થવાનો શું લાભ છે ?

આનંદ બંધાયેલા ને મુકિત, નીરસ ને સ–રસતા અને મૃત્યુ ને અમરતા પ્રદાન કરે છે.

### ❖ શરણાગત થવાનો શું લાભ છે ?

પ્રત્યેક વ્યકિત કોઈકનો તો શરણાગત રહે છે. અંતર કેવળ એટલું છે કે આસ્તિક એક ના જ શરણે અને નાસ્તિક અનેકના શરણે રહેલ છે. આસ્તિક આવશ્યકતાની અને નાસ્તિક ઈચ્છાઓ ની પૂર્તિ કરે છે. આવશ્યકતા એક અને ઈચ્છાઓ અનેક હોય છે. આવશ્યકતાની પૂર્તિ થવાથી પુનઃ તેની ઉત્પતિ થતી નથી, ઈચ્છાઓની પૂર્તિ થયે પણ તે ફરી પાછી ઉત્પન્ન થાય છે. ઈચ્છા કરવા વાળો તો બીચારો પ્રવૃતિ દ્વારા કેવળ

શકિતહીનતા જ પ્રાપ્ત કરે છે. આથી'શરણાગત' શરણદાતા ને શરણે જઈને ઈચ્છાઓની નિવૃતિ અને આવશ્યકતાની પૂર્તિ કરીને ધન્ય થઈ જાય છે.

જેની સતા હોય તેની આવશ્યકતા થાય છે અને ઈચ્છા નો જન્મ પ્રમાદ વશ આસકિત થાય છે, આ જ કારણે તેની પૂર્તિ ન થતાં નિવૃતી થાય છે. સાધારણ જન ઈચ્છા અને આવશ્યકતા વચ્ચેનો ભેદ પારખી શકતો નથી. પરંતુ વિચારશીલ જન જયારે પોતાના જીવન નું અધ્યન કરે છે,ત્યારે તેને ઈચ્છા અને આવશ્યકતા વચ્ચેનો ભેદ સ્પષ્ટ પ્રત્યક્ષ થાય છે. જો આવશ્યકતા અને ઈચ્છા માં ભેદ ન હોય તો આસ્તિકતા ઉત્પન્ન થાત નહિ, કારણ કે ઈચ્છા યુકત પ્રાણી વિષયસતા થી અલગ કાંઈ પણ જાણતો નથી.

### ❖ શરણાગતિ ભાવ છે કે કર્મ છે ?

શરણાગત થવાથી સૌ પહેલા અહંતા રૂપાંતરીત થઈ જાય છે. 'શરણાગતિ' ભાવ છે, કર્મ નથી ભાવ અને કર્મમાં એ ભેદ છે કે ભાવ વર્તમાન માં જ ફળ આપે છે જયારે કર્મ ભવિષ્યમાં ભાવકર્તા ભાવ સ્વતંત્રતા પૂર્વક કરી શકે છે. પરંતુ કર્મ સંયોગથી થાય છે.

સંયોગ અનેક પ્રકારથી થાય છે. કારણ કે અનેક નિર્બળતાઓનો સમૂહ વાસ્તવમાં 'સંયોગ' છે. પરંતુ સૂક્ષ્મ દ્રષ્ટિથી જોતા, પોતાનાથી ભિન્ન ની સહાયતા માટેની ખોજ કરવી એ 'સંયોગ' છે.

### ❖ શરણાગતી કેટલા પ્રકારની હોય છે?

શરણાગતી બે પ્રકારની હોય છે. ભેદભાવની તથા અ-ભેદભાવની ભેદભાવની શરણાગતી શરણદાયી અર્થાત પ્રેમપાત્રની સ્વીકૃતિથી જ માત્ર થઇ શકે છે. પરંતુ અ-ભેદભાવની શરણાગતી શરણદાયીના યથાર્થ જ્ઞાનના જાણવાથી થાય છે. અભેદ ભાવવાળો શરણાગત, શરણાગત થયાં પહેલાં જ નિર્વિષયી બને છે. ફકત લેશમાત્ર અહંકાર શેષ રહે છે, જે શરણદાયીની કૃપાથી નિવૃત થઈ જાય છે. ભેદભાવનો શરણાગત, શરણાગત થતાંની સાથે અહંકારનું પરિવર્તન કરી દે છે. એટલે કે જે અનેકનો હતો તે એકનો થઇને રહે છે. શરણાગતના હૃદયમાં હું તેનો છું, એવો ભાવ નિરંતર

સદ્ભાવપુર્વક રહે છે. એવો નિયમ છે કે, શરણદાતાનું સર્વ કંઇ તે જેના શરણે હોય છે. તેનું હોય છે અને તે નિરંતર ભગવાનના પ્યારની પ્રતિક્ષા કરતો હોય છે. પ્રેમપાત્ર માટેના પ્યારની અગ્નિ જેમ જેમ વધતી જાય છે તેમ તેમ શરણાગતની અહંતા એવી રીતે એકાકાર થાય છે કે જેવી રીતે લાકડી અગ્નિમાં અભિન્ન બની જાય છે. અહંકાર સમુળગો નષ્ટ થવાથી ભેદભાવનો શરણાગત પણ અ-ભેદભાવનો શરણાગત થઇ જાય છે. ભેદભાવનો શરણાગત પણ શરણદાયીથી કોઇપણ સમયે વિભક્ત થતો નથી, જેવી રીતે પતિવ્રતા સ્ત્રી પિતાની ઘરે પણ પતિથી વિભક્ત થતી નથી. ભેંદ તથા અભેદ ભાવના શરણાગતમાં અંતર ફક્ત એટલું જ રહે છે કે ભેદભાવનો શરણાગત વિરહ અને મિલન બન્ને પ્રકારનાં રસોનું આસ્વાદ કરે છે. જયારે અભેદભાવનો શરણાગત પોતાનામાંજ શરણદાયીનો અનુભવ કરી નિત્ય એક રસનો અનુભવ કરે છે. અનુભવનો અર્થ ઉપભોગ નથી. ઉપભોગ તો સંયોગમાં થાય છે. ઉપભોગ વખતે કર્તામાં ભોકતાભાવ રહેલો હોય છે. પરંતુ મીલનનો રસ જેમ જેમ વધતો જાય છે તેમ તેમ ભોકતાની સત્તા મટતી જાય છે. આજ કારણ ઉપભોગ કર્તા કયારેય વાસના રહિત થતો નથી. પરંતુ શરણાગત નિર્વાસનાને પ્રાપ્ત થાય છે. વાસના યુક્ત પ્રાણી શરણાપની થઇ શકતો નથી. અથવા એમ કહો કે શરણાગતમાં વાસના શેષ રહેતી નથી.

જો કોઇ કહે કે શરણદાયી માટેની વાસના પણ વાસના છે તો વિચાર દ્રષ્ટીએથી જોઇએ તો જણાય છે કે શરણદાયી એ શરણાગતની આવશ્યકતા છે, વાસના નહી કારણ કે વાસનાનો જન્મ ભોગની આશક્તિ અને પ્રમાદથી થાય છે. અને જયારે આવશ્યકતા તો ભોગની આશક્તિ મટવાથી જાગૃત થાય છે. જેવી રીતે સૂર્યનો ઉદય અને અંધકારનો નાશ જોડાયેલા છે તેવી રીતે ભોગની આશક્તિની નિવૃતિ અને આવશ્યકતાની જાગૃતિ એ બન્ને જોડાયેલા છે. આથી એં નિર્વિવાદ સિધ્ધ થાય છે કે શરણદાયીની આવશ્યકતા એ વાસના નથી. જો કે આવશ્યકતાનો પ્રભાવ કંઇ નથી પરંતુ પ્રેમાસ્પદને ન જાણવાથી જે જુદાઇ છે તેને કારણે પ્રેમપાત્ર જ આવશ્યકતાના રૂપમાં પ્રતિત થાય છે જે પ્રકારે ધનની જરૂરિયાત જ નિર્ધનતા છે, આજ કારણે વિરહી શરણાગત ભક્ત વિરહના રસમાં મુગ્ધ

રહે છે.

શરણાપન્નની સાર્થકતા ત્યારે સમજવી જોઇએ કે જયારે શરણદાયી શરણાગત બની જાય કારણ કે પ્રેમીની પૂર્ણતા ત્યારે સિધ્ધ થાય છે કે જયારે પ્રેમપાત્ર પ્રેમી બની જાય. પ્રેમપાત્રના પ્રેમી બનવાથી પ્રેમી પ્રેમપાત્રના માધૂર્યથી છક્ક થઇ જાય છે શરણદાયીના માધૂર્યનો રસ એટલો મધુર છે કે શરણાગત શરણાગત ભાવનો ત્યાગ ન કરવા વિવશ બને છે. બસ આજ ભેદભાવની શરણાગતી છે. જયારે ભેદભાવની શરણાગતિ સિધ્ધ થઇ જાય છે. ત્યારે શરણદાયી ખુદ શરણાગતની રૂચી ન હોય તો પણ એવી રીતે પોતાનાથી અભિન્ન કરી લે છે. જેવી રીતે ચોર વગર ઇચ્છાએ સજા મેળવે છે.

## ❖ શરણાગતનું વાસ્તવિક જીવન અને અભિનય શું છે?

શરણાગત થયા પહેલા તેનો અહંકાર અનેક ભાગોમાં વહેંચાયેલો હોય છે. શરણાગત થયા બાદ તેના અનેક ભાવ એક જ ભાવમાં વિલીન થાય ત્યારે તેને એક જીવનમાં બે પ્રકારના જીવનનો પ્રત્યક્ષ અનુભવ થાય છે. એક તો તેનું વાસ્તવીક જીવન હોય છે અને બીજો તેનો અભિનય શરણાગતનું વાસ્તવિક જીવન કેવળ શરણદાયીનો પ્યાર છે અને શરણાગતનો અભિનય ધર્મ અનુસાર વિશ્વ સેવા છે. એટલે કે શરણાગત પાસેથી વિશ્વ ન્યાયપૂર્વક જે આશા રાખે તેવો અભિનય શરણાગત વિશ્વની પ્રસન્નતા માટે કરે છે.

એ નિયમ છે કે અભિનયમાં સદ્ભાવ હોતો નથી ક્રિયાભેદ હોવા છતા પ્રીતિભેદ હોતો નથી અભિનયકર્તા પોતે પોતાને ભુલતો નથી તથા તેની જીવનબુધ્ધિ અભિનયમાં હોતી નથી. અભિનય પુરો થતા તે સ્વીકારેલા ભાવનો તદ્દન અભાવ થઇ જાય છે. બસ તેજ ક્ષણે શરણાગત બધી તરફથી વિમુખ થઇને શરણદાયી ની તરફ જાય છે.

## ❖ અનંત શક્તિમાં વિલીનતા કયા પ્રકારે થાય છે?

પ્રાકૃતિક નિયમ અનુસાર અનંત શક્તિ નિરંતર પ્રત્યેક પ્રાણીને સ્વાભાવિક રીતે પોતાની તરફ ખેંચતી રહે છે. પરંતુ તેની સ્વતંત્રતા છીનવી લેતી નથી અને તેના પર શાસન નથી કરતી. જો તે પોતે આકર્ષીત ન

કરતી હોત તો પ્રાણીના બધાયેલા પ્યારને છિન્નભિન્ન ન કરતા હોત. એ નિયમ છે કે જે વસ્તુ જેમાંથી ઉત્પન્ન થાય છે અંતે તેમાં જ વિલીન થાય છે. આથી અનંત શક્તિથી ઉદ્ભવેલી પ્રેમની પવિત્રધારા અનંત શક્તિમાં જ વિલીન થશે. તેને વસ્તુ, અવસ્થા અને પરિસ્થિતિઓમાં બાંધવાનો પ્રયત્ન વ્યર્થ ચેષ્ટા છે શરણાગતીનો ભાવ હોવાને લીધે પ્રેમની પવિત્રધારા શરણદાયીમાં જ વિલીન થાય છે.

### ❖ પોતાના કેન્દ્રની શરણપન્નતા શું છે?

પ્રાણીની સ્વાભાવિક પ્રગતિ પોતાના કેન્દ્ર ના શરણાપન્નગત હોવાની છે હવે વિચાર એ કરવાનો છે કે પોતાનું કેન્દ્ર શું છે. કેન્દ્ર એ હોઇ શકે કે જેની આવશ્યકતા હોય. આવશ્યકતા નિત્ય જીવન નિત્યરસ અને સર્વ પ્રકારે પૂર્ણ અને સ્વતંત્ર હોવાની છે. આથી આપણું કેન્દ્ર એ હોઇ શકે કે જે સર્વ પ્રકારથી પૂર્ણ અને સ્વતંત્ર હોય. આપણે તેના શરણાપન્ન હોવું જોઇએ.

આપણે સૌથી મોટી ભુલ એ કરીએ છીએ કે પોતાના કેન્દ્ર સુધી પહોંચ્યા પહેલાં માર્ગમાં અનેક ઇચ્છાઓના પહાડો ઉભા કરીને સ્વાભાવિક પ્રગતિને રૂંધી નાખીએ છીએ. જો કે અનંત શક્તિ તે પહાડોને પ્યાર પૂર્વક છિન્ન ભિન્ન કરવા એવી રીતે નિરંતર પ્રયત્ન કરે છે કે જેવી રીતે માતા બાળકને શીખવવાનો પ્રયત્ન કરે છે.

આપણે એ અનંત શક્તિનો વિરોધ કરવાનો વિફળ પ્રયાસ કરતાં રહીએ છીએ. તે મોટી ભુલ છે. મહામાતા પ્રકૃતિ આપણને નિરંતર એ પાઠ શીખવાડી રહી છે કે સિમીત સત્તા અનંતતાને શરણાપન્ની હોય છે જેવી રીતે નદી સમુદ્રની તરફ અને બીજ વૃક્ષની તરફ નિરંતર પ્રગતિશીલ હોય છે. કોઇપણ વસ્તુ અને અવસ્થા એવી નથી કે જે નિરંતર પરિવર્તન પામતી ન હોય. જાણે કે આપણને શીખવી રહી હોય કે કોઇપણ સીમિત ભાવમાં બંધાયેલું રહેવું જોઇએ નહીં. તેથી પોતાના પરમ સ્વતંત્ર કેન્દ્રની તરફ પ્રગતિશીલ હોવું જોઇએ જે શરણાપન્ની થવાથી સુગમતા પુર્વક થઇ શકે.

એવો અખંડ નિયમ છે કે કોઇપણ ભાવ ત્યાં સુધી સજીવ થતો નથી કે જયાં સુધી તે વિકલ્પ રહિત ન બને. જેવી રીતે બીજનું વાવેતર

કર્યા બાદ ખેડૂત વિકલ્પ રહિત થઇ જાય છે. એટલે કે બીજને વારંવાર કાઢીને જોતો નથી અને તેમાં સંદેહ પણ કરતો નથી ત્યાં સુધી બીજ.પૃથ્વી સાથે હળી મળી જઇને પોતાના સ્વાભાવ અનુસાર વિકાસ પામે છે. તેજ પ્રકારે શરણાગત અનંત ઐશ્વર્ય માધૂર્ય સંપન્ન સત્તાથી હળી મળી જઇને પોતાના સ્વાભાવાનુસાર વિકાસ પામે છે અને સીમિત સ્વભાવને મીટાવીને સત્તા સાથે અભિન્ન પણ થાય છે. પરંતુ તેનો શરણાગત ભાવ નિર્વિકલ્પ હોવો જોઇએ કારણ કે સદ્ભાવમાં વિકલ્પ હોય નહી.

જે પ્રાણી, તે અનંત ઐશ્વર્ય માધૂર્ય સંપન્ન નિત્યતત્વ ને શરણાપન્ન નથી તે બીચારાં અનેક વસ્તુઓ અને પરિસ્થિતિઓના શરણાપન્ન રહે છે જેવી રીતે કામી કામિનીના લોભી ધનના અવિવેકી શરીરના શરણે રહેલા હોય છે. સ્વીકૃતિ માત્રથી ઉત્પન્ન થતી અહંતા અનેક ભાવોમાં વિભક્ત હોય છે. તે જયારે જયારે જે જે ભાવને સ્વીકારે છે ત્યારે ત્યારે તે ભાવ ના શરણે હોય છે. સત્યનો શરણાપન્ની પ્રાણી પોતાને સ્વીકૃતીથી જન્મતા અહંકારથી મુક્તિ કરી લે છે.

### ❖ વાસ્તવિક માનવ જીવન શું છે?

શરણાગતનો અહંકાર નિર્જીવ એટલે કે શેકેલ બીજની માફક કેવળ પ્રતીતિ માત્ર રહે છે કારણ કે તેમાંથી સીમિત ભાવ અને સ્વીકૃતિ જન્ય સત્તા મટી જાય છે. જયારે પ્રાણી સીમિત ભાવ અને સ્વીકૃતિને પોતાની સત્તા માની બેસે છે. ત્યારે અનેક પ્રકારના વિઘ્ન ઉત્પન્ન થાય છે. ઉંડાણપૂર્વક જોઇએ તો, જો કે પ્રત્યેક પ્રાણીમાં પ્યાર ઉપસ્થિત છે. પરંતુ સ્વીકૃતિને જ માત્ર સત્તા માની લેવાથી પ્યાર જેવું અલૌકિક તત્વ પણ સીમિત બની જાય છે. સીમિત પ્યાર સંહારનું કામ કરે છે.

જે પ્યારથી તદ્દન વિરૂધ્ધ'છે જેવી રીતે દેશના પ્યારથી દેશો પર, સંપ્રદાયના પ્યારથી અન્ય સંપ્રદાયો પર, જાતિના પ્યારથી અન્ય જાતિઓ પર અત્યાચાર કરેલાં છે. જે માનવ જીવનની સર્વથા વિરૂધ્ધછે. આસ્તિકતા પુર્વક શરણાગત હોવાથી સ્વીકૃતિ જન્ય સત્તાના મીટવાથી જ સીમિત અહંકાર શેષ રહેતો નથી. સીમિત અહંભાવના નિઃશેષ થતાં જ અલૌકિક પ્યાર વિભુ બની જાય છે. જે વાસ્તવમાં માનવ જીવન છે.

### ❖ શરણાગતિથી શરણાપન્નતા અને માનવ જીવનથી ઋષિ

## જીવનની પ્રાપ્તિ કેવી રીતે થાય?

શરણાગતમાં માનવ જીવન સ્વાભાવિક ઉત્પન્ન થાય છે. જયારે શરણાગત શરણાપન્ન થઇ જાય છે. ત્યારે ઋષિ જીવનનો અનુભવ કરી પોતાનામાં જ પોતાને શરણદાયી તરીકે મેળવે છે. શરણાગત અને શરણા પન્નમાં અંતર કેવળ એટલું છે કે શરણાગત શરણ્યના પ્રેમની પ્રતિક્ષા કરે છે અને શરણાપન્ન પ્રેમનો આસ્વાદ માણે છે.

## ❖ શું શરણાગતિ અભ્યાસ છે?

શરણાગતિ અભ્યાસ નથી, પ્રત્યુત સદ્ભાવ છે. શરણાગતિભાવનો સદ્ભાવ થવાથી પ્રાણીનું સમસ્ત જીવન શરણાગતિમય થઇ જાય છે. અર્થાત શરણાગત કેવળ મિત્રને માટે મિત્ર, પુત્રને માટે પિતા, પિતાના માટે પુત્ર,ગુરૂ માટે શિષ્ય, શિષ્ય માટે ગુરૂ, પતિને માટે પત્નિ, પત્નિને માટે પતિ,સમાજને માટે વ્યક્તિ અને દેશને માટે નાગરિક હોય છે. જે જે વ્યક્તિ તેના ન્યાય અનુસાર જે જે આશા રાખે છે તેના પ્રતિ શરણાગત તેવો જ અભિનય કરે છે. પોતાને માટે તે શરણ્યથી ભિન્ન બીજા કોઇની આશા કરતો નથી. અથવા એમ કહો કે શરણાગત બધાને માટે બધું જ હોવા છતાં પણ પોતાને માટે શરણ્યથી ભિન્ન બીજા અન્ય તરફ જોતો નથી જયારે શરણાગત પોતાને માટે કોઇપણ વ્યક્તિ સમાજ વગેરેની અપેક્ષા કરતો નથી. ત્યારે અભિનયના અન્તમાં શરણાગતના હૃદયમાં શરણ્યની વિરહ અગ્નિ આપોઆપ પ્રજવલિત થાય છે.

આથી શરણાગત બધુ કરતો હોવા છતાં પણ શરણ્યથી વિભક્ત થતો નથી. ઉંડાણથી જોઇએ તો કોઇ પણ એવો અભ્યાસ નથી કે જેનાથી સાધક વિભક્ત થાય. કારણ કે સંયોગથી ઉત્પન્ન થવાવાળા અભ્યાસ કોઇપણ પ્રકારે નિરંતર હોય જ ન શકે. પરંતુ શરણાગતિથી પરિવર્તન પામેલો અહંકાર નિરંતર એક રસ રહે છે. અંતર કેવળ એટલુંજ રહે છે કે શરણાગત કયારેક શરણ્યને નાતે વિશ્વની સેવા કરે છે, તથા કયારેક શરણ્યના પ્રેમની પ્રતીક્ષા કરે છે, અને કયારેક શરણ્યથી અભિન્ન થઇ જાય છે. એ સાધન પૂર્ણ સાધન ન હોય શકે જેનાથી સાધક વિભકત થઇ જાય, કારણકે પૂર્ણ સાધન તો એ છે, જે સાધકને સાધ્ય સાથે વિભકત

થવા ન દે. આથી દ્રષ્ટિથી શરણાગતી ભાવ સર્વ ઉત્કૃષ્ટ સાધન છે.

### ❖ શરણાગત શરણદાતાનો પણ શરણદાતા કેવી રીતે?

વિચાર દ્રષ્ટિથી એ ભલીભાંતી સિધ્ધ થાય છે કે અહંકારને અનુરૂપ જ પ્રવૃતિ થાય છે. પતિતથી પણ પતિતનો અહંકાર શરણાગત થવાથી બદલાય જાય છે. અહંકાર પરિવર્તન થતા જ અહંતામાં જે દોષ યુક્ત સંસ્કાર અંકિત હતાં તે મટી જાય છે. જે પ્રકારે પૃથ્વી વગર બીજનું ઉપજવું અસંભવ છે તે પ્રકારે દોષયુક્ત અહંકાર વગર દોષયુક્ત સંસ્કારોનું ઉપજવું અસંભવ છે. આથી એ સારી રીતે સિધ્ધથાય છે કે પતિત થી પણ પતિત પ્રાણી શરણાગત થવાથી પવિત્ર થઇ જાય છે. જેવી રીતે માટી કુંભારને શરણાગત થઇને કુંભારની યોગ્યતા અને બલથી કુંભારને કામ આવે છે અને કુંભારનો પ્યાર મેળવે છે તે પ્રકારે શરણાગત શરણ્ય અનંત ઐશ્વર્ય અને માધૂર્યથી શરણ્યને કામ આવે છે અને તેનો પ્યાર પામે છે. એ નિયમ છે કે જે કોઇ બીજાને કામ આવે છે તે તેનો પ્રેમપાત્ર બની રહે છે.

આથી આ નિયમ અનુસાર શરણાગત શરણ્યનો પણ શરણ્ય બની જાય છે. ભલા આમાં અધિક સુગમ અને સ્વતંત્ર માર્ગ કયો છે જે સ્વતંત્રાપૂર્વક સાધકને શરણ્યનો શરણ્ય બનાવી દે.

### ❖ શરણાગતમાં અભિમાન કેમ નથી રહેતું?

શરણાગતમાં કોઇપણ પ્રકારનું અભિમાન શેષ રહેતું નથી. દીનતાનું અભિમાન પણ અભિમાન છે. શરણાગત દીન હોતો નથી. કારણ કે તે શરણ્યથી પૂર્ણ રીતે જોડાયેલો હોય છે. પોતાપણું અને દાસતામાં ભેદ છે. દાસતા બંધનનું કારણ છે અને પોતાપણુ એ સ્વતંત્રતાનું કારણ છે. પોતાપણા હોવાથી ભિન્નતાનો ભાવ મટી જાય છે. ભિન્નતા મટતાં જ સ્વતંત્રતા આપો આપ આવી જાય છે. ભિન્નતાનો ભાવ ઉત્પન્ન થવાથી પ્રાણીમાં કોઇને કોઇ પ્રકારનું અભિમાન ઉત્પન્ન થાય છે. શરણાગત હોવાને કારણે અભિમાન ઓગળી જાય છે. અભિમાન ઓગળતાં જ ભિન્નતા એકતામાં વિલીન થઇ જાય છે. એકતા હોવાથી ભય શેષ રહેતો નથી. આથી શરણાગત સર્વ પ્રકારે અભય બની જાય છે.

ભિન્નતા દ્વેષ અને એકતા પ્રેમ છે. એવો કોઇ દોષ નથી કે જે ભિન્નતાથી ઉત્પન્ન ન થયો હોય. એવો કોઇ ગુણ નથી કે જે એકતાથી ઉત્પન્ન થયો ન હોય અર્થાત દરેક દોષોનું કારણ ભિન્નતા અને દરેક સદ્‌ગુણોનું કારણ એકતા છે. નાનામાં નાની પ્રવૃતિ પણ સીમિત અહંકાર વગર થઇ શકતી નથી. પરંતુ શરણાગત થવાથી પ્રવૃતિની આવશ્કયતા શેષ રહેતી નથી. આથી પ્રવૃતિ નિ:શેષ બની જાય છે. પ્રવૃતિનો અભાવ થતા સીમિત અહંતા એવી રીતે ઓગળી જાય છે કે જેવી રીતે સુર્યની ગરમીથી બરફ ઓગળે છે. આથી એ નિર્વિવાદ સિધ્ધ છે કે શરણાગત થયા સીવાય એવો કોઇ ઉપાય નથી કે જેનાથી ભિન્નતાનો બિલકુલ અંત થાય.

## ❖ શરણાગત થવાનો અધિકારી કોણ છે?

શરણાગત થવાનો એજ અધિકારી છે કે જે વર્તમાન પરિસ્થિતિનો સદ્‌ઉપયોગ કરી પોતાના માટે નિત્ય જીવન નિત્ય રસની આવશ્યકતાનો અનુભવ કરે છે જે પ્રાણી પ્રતિકુળ પરિસ્થિતિની સાથે સાથે પોતાનું પણ મુલ્ય ઘટાડે છે તથા અનુકુળ પરિસ્થિતિની આશક્તિમાં ફસાતો જાય છે અને જે પરિસ્થિતિથી હાર સ્વીકાર કરે છે તથા લક્ષ્યથી નિરાશ થઇ જાય છે તે ન આસ્તિક હોઇ શકે કે ન તો શરણાગત.

સ્વીકૃતિ માત્રને જ પોતાને જ પોતે સમજી લેવું તાત્વીક દ્રષ્ટીથી પોતાનું મુલ્ય ઘરાવવું છે પ્રેમપાત્રમાં અપૂર્ણતાનો ભાસ, અથવા પોતાના સ્વીકૃત ભાવમાં વિકલ્પનું હોવું આસ્તિક દ્રષ્ટિથી પોતાનું મુલ્ય ઘટાવવું છે. સ્વીકૃતિને અનુરૂપ પ્રવૃતિનું ન હોવું, અથવા કોઇપણ વસ્તુ અવસ્થા અને પરિસ્થિતિની તરફ આકર્ષીત થવું અથવા એવી પ્રવૃતિ કરવી કે જે કોઇકની પૂર્તિનું સાધન ન હોય તો વ્યવહારિક દ્રષ્ટીથી પોતાનું મુલ્ય ઘટાવવું છે.

જો કે શરણ નિર્બળનું બળ છે પરંતુ જો પ્રાણી હાર સ્વીકારી લે તો તેના માટે શરણ અસંભવ બની જાય છે. નિર્બળના બળનો અર્થ કેવળ એટલો જ છે કે શરણાગત બીજાની સહાયતા વગર સ્વયં કેવળ શરણાગતિ ભાવથી જ સફળતા પ્રાપ્ત કરી શકે છે. ભાવ કરવામાં પ્રત્યેક પ્રાણી હમેંશા

સ્વતંત્ર છે, જ્યારે શરણાગત થવાથી અહંકાર પરિવર્તિત થઇ જાય ત્યારે શરણાગતનું મુલ્ય સંસારથી વધી જાય છે. એટલે કે તે પોતાની પ્રસન્નતા માટે સંયોગની તરફ જોતો નથી. બસ તેજ ક્ષણે શરણાગતના જીવનમાં નિર્વાસના નિર્વેદના નિર્ભયતા સમતા મુદિવા વગેરે સદ્‌ગુણ આપોઆપ ઉત્પન્ન થવા લાગે છે. શરણાગત કોઇપણ ગુણને નિમંત્રણ દઇને બોલાવતો નથી અને ન તો શીખવાનો પ્રયત્ન કરે છે. આથી આ દ્રષ્ટીથી જોતાં અનેક વિભાગોમાં વિભાજીત અહંકારને હું તેનો છું તે ભાવમાં વિલીન કરવો પરમ અનિવાર્ય છે. જે શરણાગતિ ભાવથી સુગમતા પુર્વક આપો આપ આવે છે.

શરણાગત થવાનો અધિકાર ત્યારે પ્રાપ્ત થાય છે જયારે પ્રાણી પોતાની સીમિત શક્તિઓનો કે જે અનંતથી પ્રાપ્ત છે. તેનો સદ્‌ઉપયોગ કરી લે છે, અને પોતાના લક્ષ્યથી નિરાશ નથી થતો. એવી દશામાં શરણાગત હોવાનો ભાવ આપો આપ ઉત્પન્ન થાય છે.

આપણે તે અસીમ સત્તાનો અસીમ પ્યાર જોવો જોઇએ. જે આપણા વગર કોઇ પણ પ્રકારે રહી શકતી નથી. આ કેવું વિચિત્ર છે કે જે વિષય સત્તા આપણો નિરંતર તિરસ્કાર કરી રહી છે. છતાં આપણે પ્રમાદવશ તેની તરફ દોડતા રહીએ છીએ અને જે અસીમ સત્તા નિરંતર પ્રેમપૂર્વક આપણને અપનાવવા પ્રયત્ન કરે છે તેનાથી આપણે બીલકુલ વિમુખ રહીએ છીએ. વિચારશીલ પ્રાણીએ આ પ્રમાદયુક્ત દશાનો બિલકુલ અંત કરી નાખવો જોઇએ કે જે શરણાગતિ ભાવથી સ્વતંત્રતાપૂર્વક થઇ શકે છે.

સમાપ્ત

# માનવ-સેવા-સંઘ ના અગીયાર નિયમો

માનવ કોઈ વિશેષ આકૃતિ નું નામ નથી. જે પ્રાણી પોતાની નિર્બળતા અને દોષો ને જોઈ શકવા અને તેને દૂર કરવામાં સર્મથ છે, તે વાસ્તવમાં 'માનવ' કહી શકાય.

**(૧.) આત્મ-નિરીક્ષણ, એટલે કે પ્રાપ્ત-વિવેકના પ્રકાશમાં પોતાના દોષો ને જોવા.**

**(૨.) કરેલી ભૂલને, ફરીને ન કરવાનું વ્રત લઈને, સરળ, વિશ્વાસપૂર્વક પ્રાર્થના કરવી.**

**(૩.) વિચારનો પ્રયોગ પોતાના પર, અને વિશ્વાસ બીજાપર, એટલેકે પોતાના સાથે ન્યાય અને બીજા ને પ્રેમ અને ક્ષમા કરવી.**

**(૪.) જીતેન્દ્રિયપણું, સેવા, ભગવત્ચિંતન અને સત્ય ની શોધ દ્વારા પોતાનું નિર્માણ કરવું.**

**(૫.) બીજાના કર્તવ્ય ને પોતાનો અધિકાર, બીજાની ઉદારતા ને પોતાનો ગુણ, અને બીજાની નિર્બળતા ને પોતાનું બળ ન માનવું.**

**(૬.) પરીવારનો અથવા જાતીય સંબંધ ન હોય તો પણ, પરીવારની ભાવનાને અનુરૂપ જ, પરસ્પર સંબોધન અને સદ્ભાવ એટલે કે કર્મની ભિન્નતા હોવા છતાં સ્નેહની એકતા રાખવી.**

**(૭.) નજીક ના જન-સમાજની યથાશકિત, ક્રિયાત્મક રૂપથી સેવા કરવી.**

**(૮.) શારીરિક હિતની દ્રષ્ટિ થી આહાર-વિહાર માં સંયમ અને દૈનિક કાર્યો માં સ્વાવલંબન રાખવું.**

**(૯.) શરીરને શ્રમી, મન સંયમી, બુધ્ધિ વિવેકવતી, હૃદય અનુરાગી તથા અહંને અભિમાન રહિત કરીને પોતાને સુંદર બનાવવું.**

**(૧૦.) પૈસાથી વસ્તુને, વસ્તુથી વ્યકિતને, વ્યકિતથી વિવેકને તથા વિવેકથી સત્યને અધિક મહત્વ આપવું.**

**(૧૧.) વ્યર્થ ચિંતન નો ત્યાગ તથા વર્તમાન ના સદ્ઉપયોગ દ્વારા ભવિષ્ય ને ઉજ્જવળ બનાવવું.**